Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्भावनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्बुधानाम् ॥१॥

पु. १७. | वीर सं. २४४६ चैत्र-वैशाक. आत्म सं. २४ | अंक ९-१०

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

विषयानुक्रमणिका.

| विषय. | पृष्ठ. | विषय. | पृष्ठ. |
|---|---|---|---|
| १ श्री जिनवर स्तुति. ... ... | २२१ | १ श्री आदीश्वर स्तुति... ... | २४५ |
| २ साधु सहकारी मंडळनी जरूरी योजना ... ... ... | २२२ | २ आपणी उन्नतिनो संभवित उपाय. ... ... ... | २४६ |
| ३ सहृदय अने सकर्ण सज्जनोने. सूचना ... ... ... | २२२ | ३ पुरुषोना पंक्तिमां कोने गणवा ? | २४७ |
| | | ४ मानसिक अवस्थाओ. ... | २४८ |
| ४ सर्वमान्य हितवचनो. ... | २२३ | ५ दुःखद प्रसंगोमांथी बोध ग्रहण. | २५४ |
| ५ अनन्त जीवन प्रकटाववा परमात्मानो निर्देश. ... ... | २२५ | ६ जैन कोममां केळवणी. ... | २५८ |
| | | ७ हितवचनमाळा. ... ... | २६२ |
| ६ वैराग्य ... ... ... | २२६ | ८ प्रकीर्ण. ... ... ... | २६४ |
| ७ परहित चिंतन अने साधन.... | २३३ | ९ जैन साहित्य माटे बे बोल. ... | २६६ |
| ८ जैनोनी केळवणी सुधारणाना उपायो ... .... ... | २४२ | १० ग्रंथावलोकन अने स्कोलरशीप | २६७-६८ |
| | | ११ खेदजनक समाचार.... ... | २६९ |

वार्षिक मूल्य रु. १) टपाल खर्च आना ४.

आनंद प्रीन्टींग प्रेसमां शाह गुलाबचंद लल्लुभाइए छाप्युं—भावनगर.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સતરમા વર્ષની અપૂર્વ ભેટ.

# " શ્રી દેવભકિતમાળા પ્રકરણ. "

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આ વર્ષે ઉપરોક્ત ભેટની બુક આપવા માટે મુકરર થયું છે, દર વર્ષ કરતાં આ વર્ષે ત્રણ ગણી મોટી એટલે શુમારે પચીશથી સતાવીશ ફોર્મનો મોટો ગ્રંથ કે જેના યોજક પ્રાતઃસ્મરણીય શ્રીમાન મૂળચંદજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રીમદ્ કમળવિજયજી મહારાજના શિષ્ય પન્યાસજી શ્રીમદ્ દેવવિજયજી મહારાજ છે. તેઓ શ્રીએ આખો ગ્રંથ ઘણોજ શ્રમ લઇ ઉપકાર બુદ્ધિથી બનાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. સદરહુ ગ્રંથમાં પાંચ પ્રકરણ આપવામાં આવ્યા છે. ૧ દેવભકિત અને પ્રતિમાસિદ્ધ, ૨ આજ્ઞાભકિત, ૩ દેવદ્રવ્ય સંરક્ષણ ભકિત, ૪ મહોત્સવ રૂપ ભકિત, અને ૫ તીર્થયાત્રા ભકિત આ પાંચ પ્રકારના ભકિતનું સ્વરૂપ સાદી અને સરલ ભાષામાં શાસ્ત્રીય અનેક આધારો સહીત ટુંકામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે કે જે અજ્ઞ જીવોને પ્રભુ ભકિત માટે ખાસ ઉપયોગી છે ધર્મના કોઇ પણ વિષયોનું સ્પષ્ટ સ્વરૂપ આવી રીતે લખી પ્રસિદ્ધ કરવાથી આ કાળ માટે સમાજ માટે તે બહુજ આવશ્યક છે, આ દેવભકિતમાળા ગ્રંથ પઠન પાઠન કરવા યોગ્ય છે કે જેથી તે પ્રભુભકિત માટે એક ઉત્તમ સાધન બને છે, એટલુંજ નહીં પરંતુ શ્રદ્ધા સહિત અને જાણપણાથી થતી તે દેવભકિત મોક્ષમાં જવાને માટે એક નાવ રૂપ છે.

**કાગળો વિગેરે, છાપવાના તમામ સાહિત્યની હદ ઉપરાંત મોંઘવારી છતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ આગ્રહ અમોએજ રાખ્યો છે.** તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બહાર હશેજ નહિ. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાઇ સુશોભિત બાઇન્ડીંગ સાથે પ્રસિદ્ધ થશે.

દીન પ્રતિદીન આવીરીતે મોંઘવારી વધતી જતી હોવા છતાં અમારા સુજ્ઞ ગ્રાહકોને ઉદારતાથી અત્યાર સુધી કાંઇ પણ લવાજમ માસિકનું ન વધાર્યાં છતાં ( જો કે દરેક માસિકો પોતાના લવાજમમાં વધારો કર્યો છે છતાં ) તેજ લવાજમથી આ માસિક અને દશ ફારમને બદલે વીશ પચીશકે તેથી વધારે ફારમની બુકો ભેટ આપવામાં આવી છે, પરંતુ અસાધારણ મોંઘવારી હજી પણ વધતી જતી હોવાથી આ માસિક માટે ( જ્ઞાન ખાતાને વધારે નુકસાન ન થવા દેવાની ખાતર તેમજ તેના ખર્ચને કોઇ રીતે પહોંચી શકીયે તેમ નહીં હોવાથી) આવતા વર્ષથી ( પુ૦ ૧૮ માંથી ) શ્રાવણ માસથી આ માસિકનું લવાજમ સભા સામાન્ય રીતે જે વધારે લેવું ઠરાવે તે લવાજમથી અમારા કદરદાન ગ્રાહકોને મોકલવામાં આવશે, અને સાથે વાંચન પણ વધારે પ્રમાણમાં આપવામાં આવશે, જેથી અમારા માનવંતા ગ્રાહકો મોંઘવારી છતાં સુધી (અમો પ્રથમ મુજબ ખર્ચને પહોંચી શકીયે ત્યાં સુધી) આ માસિકના ગ્રાહક તરીકે કાયમ રહી તે સ્વીકારશે અને આ પ્રમાણે આ જ્ઞાનખાતાના કાર્યમાં ઉત્તેજન આપી સહાયક બનશે.

બાર માસ થયાં ગ્રાહકો થઇ તેમાં આવતા વિવિધ લેખોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી લેશેજ એમ અમોને સંપૂર્ણ ભરુસો છે, છતાં **અત્યારસુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે, બીજાં બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું; જેથી નાહક વી. પી. નો નકામો ખર્ચ સભાને કરવો ન પડે તેમજ પોસ્ટખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહિ, તેટલી સૂચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

**આવતા અશાડ માસની પૂર્ણિમાના રોજથી આ માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના પૈસાનું વી. પી. કરી દર વરસ મુજબ વી. પી. કરવામાં આવશે, જેથી તે પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન નહિ કરતાં દરેક ગ્રાહકને સ્વીકારી લેવા વિનંતિ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १७ ] वीर संवत् २४४६. चैत्र. आत्म संवत् २४. [ अंक ९ मो.

## श्री जिनवर स्तुति.

શાર્દૂલવિક્રીડિત.

આર્યોને ઉપદેશદાન કરતાં શાન્તિસુધા વૃષ્ટિ જે,<br>
ગર્જે ગંભીરતા ધરી નભ વિષે રૂડા સમોસર્ણના;<br>
શોભાથી ચળકે બની ચપળ જ્યાં વિદ્યુત આકાશમાં,<br>
આપો તે જીન શાન્તિ સૌ ભવિકને કાપી કુતાપો સદા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાધુ સહકારી મંડળની જરૂરી યોજના.

**નિ:સ્વાર્થ** વૃત્તિવાળા ઉદાર દીલના સાધુજનોનું બનેલું એક એવું મંડળ **યોજાવાની જરૂર છે કે** જેમાંના દરેક સાધુ ચાલુ જમાનાને ઓળખી, પરિસ્થિતિ **વિચારી સ્વધર્મને** બાધ ન આવે પણ તેને ટેકો ( પુષ્ટિ ) મળે તેવો વ્યવહારૂ ઉપ**દેશ, મંડળની આજ્ઞા અને** સૂચના મુજબ, દરેક યોગ્ય સ્થળે, શકય રીતે, આપવા **કટીબદ્ધ રહે. માન અપમાનની** કે નિંદા–સ્તુતિ તરફ લક્ષ નહીં રાખતાં સ્વકર્તવ્ય **તરફ** પુરતું લક્ષ રાખે–રાખ્યા કરે.

**શાસનસેવા** અને સમાજહિત એ ખાસ તેમાંના દરેકનો **મુદ્રાલેખ** બને.

ઉપરોક્ત સેવા **અને** હિતકૃત્ય જાતે કરવા, કરનારને બનતી દરેક સહાય આપવા **અને** તેનું અનુમોદન કરવા કશો પ્રમાદ ન કરે. વિશેષમાં પોતાના ઉપદેશ **પ્રભાવથી** અથવા સુગુણજ્ઞ સંત–સાધુજનોનો સમાગમ યા પરિચય કરીને ઉકત **મંડળના કાર્ય**–ઉદ્દેશની રક્ષા તથા વૃદ્ધિ થવા પામે તેવા સાધુ સહકારનો વધારો **કરે. ઉકત મંડળની** રૂએ જે જે હિતકાર્યો થવા પામે તેની સામાન્ય રીતે નોંધ **રાખી અન્ય** જિજ્ઞાસુ તથા હિતૈષી જનોના હિતની ખાતર તે પ્રસિદ્ધ કરવા–કરાવવા બનતો પ્રબંધ યા પ્રયત્ન કરે. ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# સહૃદય અને સકર્ણ સજ્જનોને સાગ્રહ સૂચના.

વ્હાલા બંધુઓ અને બ્હેનો !

તમે તમારા અંગત સ્વાર્થની ખાતર પુષ્કળ પૈસો ખર્ચો છો, પરિશ્રમ ઉઠાવો છો અને વખતનો વ્યય કરો છો, મનગમતાં ખાનપાન કરો છો, મનગમતાં વસ્ત્રાભૂષણ સજો છો, અને મનગમતાં વાહનો પર બેસી વિહરો છો. વળી સ્વજન કુટુંબનું પોષણ પણ કરતા રહો છો, તેમને ઇચ્છિત ખાનપાન, વસ્ત્ર આભૂષણ વિગેરે અર્પો છો અને તેમની ઇચ્છાને અનુસરો છો. વિશેષમાં નાતવરા કરો છો, પુત્ર પુત્રીઓને પરણાવો છો, ઓચ્છવ મહોચ્છવ કરો છો, વૈભવ કરવા ચાહો છો, અને તમારા આશ્રયે રહેલાને સુખી કરવા ચાહો છો. કવચિત્ તીર્થ અટન પણ કરો છો. દેવપૂજા, ગુરૂવંદન કરો છો અને દુ:ખી જનોને દેખી તેમના ઉપર અનુકંપા પણ લાવો છો. કવચિત્ હુંસાતુશીથી વગર જરૂરનાં ભારે ખર્ચ કરો છો. આ બધું તમને તમારા વૈભવના પ્રમાણમાં કરવું કદાચ ઉચિત લાગતું હશે, જશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કીર્ત્તિ મેળવવા જરૂરનું જણાતું હશે અને આબરૂ સાચવવા અગત્યનું સમજાતું હશે, પરંતુ પરભવ સુધારવા તમારા આત્માની ઉન્નતિ થાય તેવી શુભ કરણી વિવેકથી કરવા કંઇ લક્ષ સાધ્યું છે ? જે દરેક આત્મામાં પરમાત્મા જેટલી શક્તિ છુપી રહેલી છે તે પ્રકટ કરવા પોતપોતાની યોગ્યતા મુજબ ખરો માર્ગ ગ્રહણ કરવો એ આપણી અદની ફરજ તદ્દન વિસારી દેવી અનુચિત છે. યથાર્થ જ્ઞાન, શ્રદ્ધા સહિત સદાચરણ એક નિષ્ઠાથી સેવ્યા વગર કદાપિ આત્મોન્નતિ થવાની નથી. તેથી ઉક્ત રત્નત્રયીની પ્રાપ્તિ માટે જરૂર પુરૂષાર્થ સેવવો જોઇએ. વિષયલાલસા, કષાયઅંધતા, સ્વકર્તવ્ય વિમુખતા, વિકથા રસિકતા, અજ્ઞાન, મિથ્યાત્વ, અને સ્વેચ્છાચારિતા તો અવશ્ય તજવા જોઇએ. યોગ્યતા મેળવવાથી ઇચ્છિત લાભ મળી શકશે. માટે ક્ષુદ્રતા, અવિનીતતા, સ્વાર્થઅંધતાદિક દુર્ગુણો ટાળવા અને ગંભીરતા, વિનીતતા તથા પ્રમાણિકતાદિ સદ્ગુણો મેળવવા જરૂર પ્રયત્ન કરવો તેમજ સર્વ કોઇનું પારમાર્થિક હિત થાય તેવું જ ઇચ્છવું અને તન મન ધનથી તેમ કરવા સતત લક્ષ રાખવું. પ્રમાદ-જડતા દૂર કરી સ્વપર હિતમાં વૃદ્ધિ જ કરવી.

ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# સર્વ સામાન્ય હિત વચનો.

( ખાસ મનન કરવા યોગ્ય. )

૧ ખરૂં તત્ત્વ-રહસ્ય શોધી કાઢવું એ બુદ્ધિ પામ્યાનું ફળ છે. સત્યાસત્ય, હિતાહિત, કૃત્યાકૃત્ય, ગમ્યાગમ્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય અને ગુણદોષને સારી રીતે સમજી વિવેક આદરવાથી જ બુદ્ધિની સાર્થકતા લેખી શકાય. છતી બુદ્ધિએ ખરી ખોટી વસ્તુને પારખી, ખોટી વસ્તુ તજી, ખરી વસ્તુનો સ્વીકાર ન કરી શકાય તો તેની સાર્થકતા શી ?

૨ જ્ઞાન-વિદ્યા, સુશ્રદ્ધા અને સદાચારથી જ આપણી ખરી ઉન્નતિ થવાની છે એમ સમજી દુષ્ટ અજ્ઞાન, અશ્રદ્ધા અને અસદાચારનો ત્યાગ કરવા અને તત્ત્વ જ્ઞાનાદિની પ્રાપ્તિ કરી લેવા દૃઢ પ્રયત્ન કરવો જોઇએ.

૩ ભભકાદાર વસ્ત્ર-આભૂષણાદિ પાછળ ખર્ચ કરવાનું તજી દઇ, ખરી કેળવણી પ્રાપ્ત કરવામાં અને તેનો વિસ્તાર કરવામાં તેવું ખર્ચ કરાય તોજ આપણી ઉન્નતિ કંઇક અંશે થઇ શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ દરેક ભવ્ય આત્માને યોગ્ય કેળવણી આપવામાં આવે તો તેમાં ગુપ્ત રહેલી અનંતી જ્ઞાનાદિક શક્તિ પ્રગટ થઇ શકે એટલે દરેક આત્મા પરમાત્મા રૂપ બની શકે. છતાં યોગ્ય કેળવણીની જ ખામીથી પરમાત્મા જેવું સ્વરૂપ ઢંકાઇ રહે છે. તેને પ્રકટ કરવા પ્રયત્ન કરવો જરૂરનો છે. તેમાં બનતી સહાય કરવી તેના જેવું પારમાર્થિક કાર્ય ભાગ્યેજ બીજું હોઇ શકે.

૫ ઇન્દ્રિય દમન, કષાય નિગ્રહ, હિંસાદિ પાપવૃત્તિનો ત્યાગ તથા મન, વચન અને કાયા ઉપર પુરતો કાબુ રાખવા રૂપ સંયમ કહો કે આત્મનિગ્રહજ સર્વ પ્રકારની ઉન્નતિનું પ્રબળ સાધન સમજી સ્વપર ઉન્નતિના અર્થીજનોએ પ્રમાદ રહિત તેમાં યથાયોગ્ય આદર કરવો ઘટે છે.

૬ ઇન્દ્રિયાદિની પરવશતાથી અજ્ઞાન જીવ ખરા પારમાર્થિક સુખથી બીનશીબ રહે છે. પરંતુ ઇન્દ્રિય દમનાદિ સંયમ યોગે સહેજે ખરૂં પારમાર્થિક સુખ પ્રાપ્ત કરી શકાય છે.

૭ આત્મસંયમ જ ખરા સુખની ચાવી છે.

૮ શરીરાદિક મમતાવડે આત્મસંયમ ખોવાય છે અને મમત્વ ત્યાગથી સંયમ રક્ષાય છે.

૯ ઇન્દ્રિય પરવશતાદિથી સ્વવીર્યનો વિનાશ—વિનિપાત થવાથી શરીર કમજોર થવા પામે છે અને તેમાંથી થતી પ્રજા પણ નમાલી બને છે.

૧૦ સ્વવીર્યનું સંરક્ષણ કરવા ઇચ્છનારે વિચાર, વાણી અને આચારમાં યથાર્થ પવિત્રતા સાચવવી જોઇએ અથવા તો સાચવવા મન, વચન, કાયાની મલીનતા ટાળવા પુરતી કાળજી રાખવી જોઇએ.

૧૧ બીજાં બધાંય કુડાં વ્યસનો તજી સત્સંગ ( સત્પુરૂષ અથવા સત્શાસ્ત્ર ) નું વ્યસન પાડવું જોઇએ.

૧૨ જે જે વ્યસનોથી આપણી તથા આપણી પ્રજાની પ્રત્યક્ષ પાયમાલી થતી જણાય તેનો અવશ્ય ત્યાગ કરવો અને જેથી સ્વપરનો ઉદ્ધાર થાય તેવો સંયમ માર્ગ પૂર્ણ પ્રેમથી પ્રમાદ રહિત સેવવો જોઇએ.

૧૩ કૃત્રિમ આભૂષણોનો મોહ તજી શીલ સંતોષાદિ ખરાં આભૂષણો ઉપર પ્રીતિ જગાડવી જોઇએ.

૧૪ સર્વનું ભલું ઇચ્છવું અને ભલું જોઇ રાજી થવું એ કલ્યાણનો માર્ગ છે.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनन्त जीवन प्रकटाववा परमात्मानो निर्देश.

## હરિગીત.

કષ્ટોતણાં નિર્માણથી અભિભૂત[1] થઇ ગભરાય શું ?
શ્રદ્ધા વડે સંસાર ચીલો કાપતાં કરમાય શું ? ;
આવી મળે જે જે પ્રસંગો અશુભ કે શુભ ને વિષે ,
કરી તુલ્ય વૃત્તિ શાંતિથી કર ચિત્ત સંયમ દશ દિશે. ૧
ના તુચ્છ તું ! નથી દીન તું ! સામર્થ્ય તારૂં જો રહ્યું,
સંતપ્ત કાં કર ચિત્ત તારૂં આયુ નિષ્ફળ જો વહ્યું;
નિર્લેપ બનવા મોહજળ સંપર્કથી[2] તૈયાર થઇ,
શુભ સાધવા સાક્ષી બની દુર્વાસના જીતી લઇ. ૨
એકત્ર કરવા તે બળે જે ક્ષુદ્ર ઇચ્છાના હતા,
ઈંદ્રિય તણાં ચાંચલ્યથી વળી છિન્ન ભિન્ન થયા હતા;
સંયમ કરી તું યોજ તે સમ્યકત્વ દૃષ્ટિમાં હવે,
રોળાય તારા ચરણમાં અધ્યાત્મની સિદ્ધિ જવે[3]. ૩
વિપરીત ગતિમાં ના વહે તું આપ્ત વાકય થકી જરા,
વિશ્વાસથી અભિમાન ટાળી આત્મસત્તાના ખરા;
શાસ્રો અને અનુભવ વડે તેં સિદ્ધિ સત્તા સંગ્રહી,
બની ધીર ! તું બલવાન ! થા તું-દેહબુદ્ધિ ગઇ વહી. ૪
જે જે મનુષ્યો સંયમી છે વચન મન કાયા થકી,
સંપ્રાપ્ત તો છે તેમને પરમાત્મપદની વાનકી;
છે પરમ પદની સિદ્ધિનું જો લક્ષ્યબિંદુ શાસ્રનું;
અધ્યાત્મલક્ષ્મી યુક્ત છે ઐશ્વર્ય પ્રાણીમાત્રનું. ૫
જીવો અનંતા જે ક્રમે સિદ્ધિ ગયા તે માર્ગનો,
સાદર[4] કરી અવસાન[5] કરજે અંતરારિ વર્ગનો[6];
છે મૂલરૂપ સ્વભાવગત જે-પામવા તૈયાર થા,
શ્રદ્ધા લહી પરિણામ માટે ભાઇ ! તું ન અધીર થા. ૬
મલિન માટીથી નીકળતું માટી માંહે લય થતું,

૧ હારી જઇ. ૨ સંબંધથી. ૩ જલ્દીથી. ૪ આદરપૂર્વક ગ્રહણ કરી. ૫ વિનાશ. ૬ અભ્યંતર શત્રુના સમૂહનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૭]અંતિમ ભાવી વિશ્વના જે જડ પદાર્થોનું છતું;
તારી સંકલના નથી તે ભાવી સાથે જો હવે,
અજ્ઞાત ! ભાવી [૮]વારસાથી જ્ઞાત થઇ જા આ ભવે. ૭

જાગૃત કરી એ સુપ્ત શકિત [૯]અનવધિ સામર્થ્યથી,
[૧૦]ઉત્સંગમાં અધ્યાત્મલક્ષ્મી પ્રાપ્ત કરવા વીર્યથી;
ચિર કાળનાં જે બન્ધનો પ્રિયતમ ! હવે તું તોડજે,
ફત્તેહથી પરમાત્મ પદવી પ્રાપ્તિમાં મન જોડજે. ૮

ફતેહચંદ ઝવેરભાઇ.

# વૈરાગ્ય.

લોકો કહે છે કે જ્યારે વિશ્વનો ઝોક પડતી દશાના ક્રમ ઉપર હોય છે ત્યારે પદાર્થ માત્ર પોતાનો રસકસ ચોરે છે. જનની ધરતી પોતાની માધુરી પોતાનાજ ઉદરમાં ગોપવી રાખે છે, સગાંઓનું સગપણ અને ગોળનું ગળપણ મંદ થતું જાય છે. આ લોકમાન્યતા સાચી ગણવામાં આવે તો તે સાથે જમાનાની પડતીનું એક બીજું વધારાનું લક્ષણ અમે ઉમેરવા માગીએ છીએ. તે એ કે જેમ પદાર્થો પોતાનો રસ ચોરે છે, અથવા તેમાંથી રસ ઉડી જાય છે તેમ અવનતિના કાળમાં યુગની સંસ્કૃતિના પરિચાયક મહાન અર્થપૂર્ણ જીવંત શબ્દો પણ પોતાનો અર્થ ચોરે છે અથવા તેમાંથી અર્થનો મૂળ ભાવ ઉડી જાય છે મહાન શબ્દોમાંથી અર્થ ગુમ થયા પછી તે શબ્દો મહાન પુરૂષના મૃત દેહ જેવા માત્ર પૂજકોને જ ઉપયોગના રહે છે. કૃષ્ણવિનાની દ્વારકાં જેવાં તે સુકા અને રસહિન બની જાય છે.

આપણાં દર્શનની પડતીનું કારણ મને પુછવામાં આવે તો હું એટલોજ ઉત્તર આપું કે તે દર્શનના પ્રાણભૂત શબ્દોમાંથી અર્થ ઉડી ગયો છે. જૈન દર્શનનો અનુયાયી સમાજ તે દર્શનના સંસ્થાપકે જે અર્થો, શબ્દના વાહન દ્વારા યોજ્યાં છે તે ગુમાવી બેઠો છે. એ મહાન ભાવનાનો તેમનાં હૃદયમાંથી લોપ થયો છે. તેથી શબ્દો, શાસ્ત્રો અને સિદ્ધાંતો તેના તે છતાં તે સમાજના શ્રેય અર્થે નિષ્ફળ છે. જે ચૈતન્યમય શબ્દોમાંથી સાચો અર્થ આ જમાનામાં ઉડી ગયો તે શબ્દોમાં "વૈરાગ્ય"

૭ છેલ્લી સ્થિતિ–વિનાશ. ૮ ભવિષ્યમાં મળનારી પરમાત્મ પદવી. ૯ મર્યાદા વગરના. ૧૦ ખોળામાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ છે. આજે આ લેખ દ્વારા વાણીના ઘસારાથી તે શબ્દમાં અર્થ રૂપી સજીવતા ઉપજાવવા પ્રયત્ન કરશું.

વૈરાગ્ય શું છે તે વિધિરૂપે કહેવા કરતાં તે શું નથી તે કહેવા દો. વૈરાગ્ય તે કંટાળો નથી. સંસાર અને સંસારના પ્રાણી પદાર્થો પ્રત્યેનો અણગમો તે પણ વૈરાગ્ય નથી. ખરૂં છે કે કેટલાક ગ્રંથોમાં પણ જનહૃદયમાં સંસાર પ્રત્યે આવા પ્રકારનો તીરસ્કાર ઉપજાવવાનો ઉદ્યોગ થયો છે. પરંતુ તેવા પ્રકારના ભાવ પ્રત્યે ડાહ્યા અને જ્ઞાની જનોની સંમતિ નથી. જગતથી નાશી છુટવું તે વૈરાગ્ય નથી, પણ ભિરૂતા છે. દુનિયાની મુશીબતોથી ડરીને તેનો ત્યાગ કરવો તે સદ્‌ગુણ નથી, પણ કાયરતાનો બુરો દોષ છે. આપણુને મનપસંદ સ્વરૂપે સંસારે દેખાવ ધારણ ન કર્યો તેથી તેનાથી રીસાવું તેમાં ડહાપણ નથી, પણ બાલીશતા છે; અને એવા હરકોઈ પ્રકારના ભાવોમાંથી ઉત્પન્ન થતો વૈરાગ્ય તે કલ્યાણને અર્થે નથી, પણ અધોગતિ, અનવતિ અને પતનને અર્થે છે.

મનુષ્ય સંસારથી છુટીને કયાં જાય તેમ છે? સંસાર એ કાંઇ ઇંટ માટીના મકાનો નથી. તે સ્ત્રી, પુત્ર, માતા, પિતા, બંધુ કે મિત્ર નથી, તે ધન, વિભવ, વિલાસના સાધનો કે વ્યાપાર ઉદ્યોગ નથી. સંસાર એ કશામાં નથી અને તેના ત્યાગથી સંસારનો વાસ્તવ ત્યાગ થયો સમજવાનો નથી. મનુષ્યનો ખરો સંસાર તેના હૃદયમાં છે. ઉપરની બધી ચીજો તે ખરા સંસારમાંથી ઉદ્‌ભવે છે. સંસારનું ઉપાદાન મનુષ્યનાં હૃદયમાં છે. તે વસતીમાં હોય કે જંગલમાં હોય, પણ ત્યાં તેનો સંસાર ભેગો જ હોય છે. સંસારનો ત્યાગ કર્યાનું કહેવામાં આવે છે તે વાત અમારા ગળે ઉતરતી નથી. મનુષ્ય સ્થૂળ પદાર્થોનો ત્યાગ કરી તેનાથી ભાગી છુટે, પણ તેનાં હૃદયથી તે કયાં નાશી છુટે તેમ છે? ત્યાગ, પછી તે સ્થૂળ પ્રકાર કે સૂક્ષ્મ પ્રકારનો હોય, પણ તે વૈરાગ્ય નથી. જયાંસુધી મનુષ્યને અંતઃકરણ પ્રાપ્ત છે ત્યાંસુધી તેને સંસાર વળગેલો જ છે. કેમકે સંસારની સાચી રંગભૂમિ તે અંતરના પ્રદેશ ઉપર છે, બહાર તો ફક્ત તે અંતરના ભાવોનું સ્થૂળ પ્રકટીકરણ અથવા બહિર્ભાવ છે, અલબત, તે સંસાર ઘણો ઉંચી કોટીનો હોઈ શકે, પરંતુ તેમ હોવું તે વૈરાગ્ય નથી, પણ સંસારની ભાવનાનો એક અતિ ઇચ્છવા યોગ્ય વિકાસ છે.

વૈરાગ્ય એ કોઇ પ્રકારનો ત્યાગવિશેષ નથી, પણ એક દૃષ્ટિવિશેષ છે. આપણુને એ દૃષ્ટિ ઉપલબ્ધ થાય તો સંસાર આપણુને જે આનંદની સામગ્રી આપી શકે છે તેમાં ગુંચવાઈ મરતા બચી શકીએ. રાગમાં બંધાઇને એક ઠેકાણે બેસી ન રહેવું, ઉન્નતિ અને વિકાસના માર્ગમાં, કુદરતના મહા નિયમ અનુસાર આગળ ને આગળ ન વધતાં એકજ પદાર્થમાં વ્યામોહવશ થઇ હૃદય અર્પી ન દેવું એ વૈરાગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ વૈરાગ્યની દૃષ્ટિ અથવા ભાવનાનાં બળની ખામીને લીધે આપણે આત્માની ક્રમિક અભિવ્યક્તિના પથમાં આગળ વધતા અટકી પડીએ છીએ. કેમકે આગળના પ્રદેશ કરતાં હાલના પ્રદેશમાં આપણુને વધારે રસમયતા ભાસે છે. વિશ્વમાં પ્રત્યેક સ્થળે રસ છે, અમૃત છે. ઝેર કયાંય નથી. અને તેથી તે રસમાં આપણુને રાગ પણુ છે. આ રસમાં રાગ હોવો એ પ્રકૃતિના નિયમથી કોઈ રીતે ઉલ્ટું નથી. અથવા કુદરતના ક્રમથી વિરોધી નથી. એથી ઉલ્ટી ખરી વાત તો એ છે કે આત્માની ઉન્નતિના પથમાં પ્રત્યેક પદે આનંદ અને રસનીજ ભરપુરતા છે. અને તે કારણુથી જ આત્મા વિનાશ્રમે, રસ અને આનંદનો અનુભવ કરતા કરતા, પરમપદની સ્થિતિએ પહોંચી શકે છે. એ માર્ગ ઘણાકો માને છે તેવો સુકો, કઠીન અને રસહિન નથી, પણુ સ્નિગ્ધ, સુકોમળ અને રસમય છે. અત્યારે તેવો નથી ભાસી શકતો તેનું કારણુ એ છે કે આપણુને સાચો વૈરાગ્ય નથી. અને સાચો વૈરાગ્ય શું કહેવાય તે આપણે છેક જ ભૂલી ગયા છીએ એ આપણી મોટામાં મોટી કમનસીબી છે.

આપણે જોયું કે રસમાં રાગ હોવો તે સ્વાભાવિક છે. પરંતુ તેના તે પ્રકારના રસમાં હમેશને માટે રાગી બની બંધાઈ રહેવું તે મુર્ખાઇ છે. કેમકે જે રસમાં અત્યારે આપણું બંધન છે તે રસ કરતાં ઘણા ઉચ્ચ પ્રકારના રસો કુદરતે આપણા માટે આપણા વિકાસના માર્ગમાં આગળ નિયોજી રાખ્યા છે. કુદરત આપણુને કહે છે કે " તમારે આગળને આગળ પ્રયાણુ કરવું પડશે. તમે એકજ સ્થાને એકજ પદાર્થમાં રાગી બની બંધાઇ રહો તે મને પસંદ નથી. તમે આગળ ચાલો. તમને આથી પણુ ઘણો સારો રસ ત્યાં મેળવી આપવાનું હું માથે લઉં છું. એકજ સ્થળે બંધાઇને પડયા રહેવું તે તમારા આત્માના સ્વાભાવિક બંધારણુથી ઉલ્ટું છે તેમજ મારા નિયમથી પણુ વિરોધી છે. માટે હાલ પ્રાપ્ત થયેલા રસમાં મોહ પામી ગળીઆ બળદ પેઠે પડયા ન રહો. કદાચ હઠથી તેમ કરશો તો મારે તમારાં હ્રદય ઉપર આઘાત કરીને તમારો મોહ છોડાવવો પડશે. અને તેમ થશે ત્યારે તમને બહુ માઠું લાગશે. " નિસર્ગનો મહા નિયમ એજ ભાવના આપણા અંતરમાં ગુંજાવી રહ્યો છે. આપણે તેને ધ્યાન આપી સાંભળીએ તો આપણી ઉન્નતિનો માર્ગ સરલ થાય, એટલુંજ નહી પણુ તે આઘાત વિનાનો, આનંદપૂર્ણ અને રસમય બન્યો રહે.

કુદરતનો આ આદેશ તે વૈરાગ્યની જ મહા ઘોષણા છે. એક ઠેકાણે અડીંગો નાખી પડયા રહેવું અને આગળ કુચ કરવાની નારાજી બતાવવી એ રાગ દશા છે. કુદરતનો આદેશ અને નિયમ સમજીને તેમજ આપણા આત્માના સ્વાભાવિક વેગ અને ધર્મ તેમજ આત્માનાં અંતિમ નિર્માણુની સ્થિતીનો વિવેક કરીને, આપણે ઉન્નતિના મહા પ્રવાહના વેગને આધિન બનીએ, તેનું નામ વૈરાગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ અથવા રસ પ્રત્યેના રાગમાં વસ્તુતઃ કશીજ બુરાઈ નથી. જે બુરાઈ છે તે ત્યાં ચોંટી રહેવામાં, તેનો અતિ ભોગ કરવામાં છે. રસ અને રાગ વિશ્વના રોમે રોમમાં ઓતપ્રોત છે, અને તે સર્વ આત્માના વિવેક પુરઃસરના આનંદ અને ઉપભોગ અર્થેજ નિર્માયેલ છે. પ્રાણીમાત્ર આ રસને ચુસીનેજ જીવે છે અને તેમ થવું તે કુદરતના નિયમને અનુસરતું છે. આપણા બધા જ આવશ્યક કર્મોમાં રસ અને આનંદ છે. રસ શેમાં નથી ? બધી ફરજોમાં તે છે, આહાર ગ્રહણમાં રસ છે, કેમકે તે આપણાં જીવન અને જીવનના ઉદ્દેશ સ્વરૂપ આત્મોન્નતિ માટે આહાર જરૂરનો છે. વસ્ત્રોના પરિધાનમાં રસ અને આનંદ છે, કેમકે તે પણ જીવન અને જીવન વડે સાધવા યોગ્ય ઉન્નતિ માટે જરૂરનું છે. તેજ પ્રમાણે નિદ્રા, પ્રજોત્પત્તિ, વ્યાયામ, જ્ઞાનોપાર્જન આદિ સર્વમાં તેના સ્થાનમાં રસ અને આનંદ છે, કેમકે તે સર્વ જીવન અને ઉન્નતિ અર્થે અનિવાર્ય ઉપયોગી છે. તે કાર્યોના સ્વાભાવિક ક્રમમાંથી નિષ્પન્ન થતો આનંદ ભોગવવો તેમાં કશીજ બુરાઈ નથી. પરંતુ બુરાઈ ત્યાં છે કે જ્યાં તે આનંદને વિવેકની હદ છોડીને, કુદરતની ઇચ્છેલી હદથી બહાર જઈ અતિ માત્રામાં ભોગવવું, તેમજ તેના તે ભોગને આસક્તિપૂર્વક વળગી રહેવું.

આપણા માંહેના ઘણા જણાએ શાસ્ત્રો વાંચીને તેમાંથી એવો અર્થ તારવ્યો છે કે દરેક પ્રકારના સ્થુળ સૂક્ષ્મ વિષયો, અને તેમાંથી ઉત્પન્ન થતો આનંદ, સર્વ કાળ, સર્વ દેશ અને સર્વ અવસ્થામાં એક સરખી રીતે અનિષ્ટ અને આત્માને અધોગતિમાં દોરી જનાર છે. આ માન્યતા સાથે તત્વદૃષ્ટિને ઘણો મહત્વનો મતભેદ છે. તત્વદૃષ્ટિએ ખરી વાત એ છે કે આત્માના વિકાસક્રમની જે અવસ્થાએ જે વિષયોનો ભોગોપભોગ સ્વાભાવિક હોય છે તે અવસ્થામાં તે વિષયોનો ભોગોપભોગ નિંદાપાત્ર નથી. એટલુંજ નહી પણ તે દ્વારાજ તેમના ક્રમવિકાસનો સંકેત નિર્માયો હોય છે. પશુસૃષ્ટિમાં દૃશ્યમાન થતા તેમના વિવિધ પ્રકારના ઈન્દ્રિયજન્ય ભોગોપભોગોમાં તેમના આત્મવિકાસનો સંકેત કયાં રહેલો છે એનું વિવેચન કરતા એક જુદો જ લેખ થઈ પડે તેમ છે; તેથી વિષયાંતર નહી કરતાં સિદ્ધાંતરૂપે એટલુંજ કહેવા દો કે પશુઓ તેમના ઈન્દ્રિયજન્ય સુખ અને દુખના અનુભવો અને સંસ્કારો વડેજ મનુષ્યપદનો અધિકાર ધીરે ધીરે મેળવી શકે છે.

આત્મા મનુષ્યત્વની ભૂમિકાએ આવ્યા પછી તેનામાં પશુતા અને પશુઓને સુલભ ઇન્દ્રિયભોગોની લાલસા કમી થતી જાય છે એવો કુદરતનો સ્વાભાવિક નિયમ છે. તેમ છતાં અત્યારે ભાસ્યમાન થતો " મનુષ્ય " એ સોએ પોણોસો ટકા પશુ છે. તેનામાં હજી પશુત્વ કાળના સંસ્કારો, ભોગાનુભવો, અને વિકારોનું તારતમ્ય ઘણું વધારે છે. પશુત્વની ભૂમિકાને વળોટીને ઘણો પંથ કાપ્યો ન હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી કોટીના જ મનુષ્યો આ કાળે બહુધા આ દેશકાળમાં દ્રષ્ટિગોચર થાય છે. અમે, તમે અને સર્વ સામાન્ય લોકો હજી મોટા ભાગે એ પશુત્વનીજ ભૂમિકાને શોભાવી રહ્યા છીએ એમ આપણાં અંતઃકરણના હાલના બંધારણ ઉપરથી સમજી શકાય છે. આ અવસ્થામાં આપણામાં પશુત્વને સ્વાભાવિક એવા વિકારો અને ભોગલાલસાનું પ્રાધાન્ય હોય તેમાં નવાઈ જેવું કાંઇ નથી, અને આપણે હાલ જેટલે અંશે પશુ છીએ તેટલે અંશે તેવા વિકારી અને ભોગવૃતિવાળા હોવામાં શરમાવા જેવું પણ નથી. કેમકે પશુઓને પોતાની દશામાં શરમાવા કે નીચું જોવા જેવું કાંઇ જ ભાસતું નથી.

તેમ છતાં આપણે કાંઇ સોએ સો ટકા પશુ નથી. જેટલે અંશે આપણે મનુષ્ય છીએ તેટલે અંશે આપણને પશુત્વની દશા ભોગવવામાં શરમ જેવું ભાસે છે. અને જેટલે અંશે વધારે શરમ ભરેલું ભાસે તેટલે અંશે આપણે વધારે મનુષ્યત્વને પામેલા છીએ. જે ભોગોપભોગોમાં પ્રવેશતા તમને તમારો આત્મા ડંખતો હોય તે ભોગોપભોગોનો તમને હવે અધિકાર નથી. એ ભૂમિકાને તમે ઘણા વખતથી વિતાવીને આગળ વધ્યા છો એમ માનવું ઉપયુક્ત છે. જ્યાં જે ક્રિયા સ્વાભાવિક છે ત્યાં શરમ જેવું કે છુપાવવાના પ્રયત્ન જેવું હોતું નથી. આપણા દુધના વાસણમાંથી બીલાડી ચોરીથી દુધ પી જાય તે વસ્તુતઃ ચોરી નથી. કેમકે તેમ કરવામાં બીલાડી શરમાતી નથી. વસ્તુતઃ તે ચોરી હોત તો આપણો ફોજદારી કાયદો જરૂર બીલાડીને ગુન્હેગાર ઠરાવી ચોરી માટે નક્કી કરેલી સજા તેને કરત, પણ જ્યારે કાયદાએ જોયું કે ચોરીમાં બીલાડી શરમાતી નથી, તેથી તે “ ચોરી ” એ આપણી દષ્ટિએ ચોરી હોવા છતાં બીલાડી માટે તે ચોરી નથી, એવી ચોરીનું કાર્ય બીલાડીના જીવન નિર્વાહ માટે જરૂરનું છે અને તેથી તે બીલાડી માટે અધર્મ હોવાને બદલે ઉલટું ધર્મ્ય છે.

મનુષ્યના શરીરસંરક્ષણ, જીવનનિર્વાહ, બુદ્ધિવિકાસ, હૃદયવિસ્તાર અને સ્વરૂપપ્રાપ્તિ માટે જે બાહ્યાંતર ક્રિયાઓ કુદરતે આવશ્યક ગણી છે તેમાં આપણને સ્વભાવથી જ શરમ જેવું કશું ભાસતું નથી. અને તેથી તેવી પ્રવૃત્તિનું સેવન એ આપણી સર્વદેશીય ઉન્નતિ માટે ધર્મ્ય છે. એવી પ્રવૃતિમાં આહારગ્રહણ, શરીર શુદ્ધિ, સંતાનોત્પાદન, આદિ જે જે વ્યવહારિક ઘટનાઓનો સમાવેશ થતો હોય તેના વિવેકપુરઃસર નિયમાનુસાર સેવનમાં કશો જ અધર્મ નથી, એટલુંજ નહી પણ તે માર્ગે થઇને જ આપણી ઉન્નતિનો વિજયરથ ચાલવા નિર્માએલો છે. તેમાં શરમાવા જેવું કે છુપાવવાનું મન થાય એવું કાંઇજ નથી. એનો ત્યાગ એ વિરાગ નથી, પણ ઉન્નતિના આવશ્યક સાધનોનો હેતુપૂર્વક સાધેલો વિનાશ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિરાગ માત્ર એ પદાર્થોમાં જ હોવો અને ઉપજાવવો ઘટે છે કે જે પદાર્થો આપણા વર્તમાન વિકાસની ભૂમિકાએ આપણને શોભતા નથી.** મનુષ્યને શું નથી શોભતું એ તેનું હૃદય તેને પ્રત્યેક ક્ષણે કહ્યા જ કરતું હોય છે. તેનું હૃદય તેને નિરંતર ડંખ મારી યાદી આપ્યા કરે છે કે "હવે અમુક પ્રવૃતિ તારા માટે શોભા ભરી નથી. તે માટે હવે તારે શરમાવું જોઇએ. તું દુનીયામાં ઉંચુ મ્હોં રાખી બોલી શકે તેવું નથી." વ્યભિચારી, વિશ્વાસઘાતી, અથવા દુરાચારી મનુષ્યનાં મુખ સામું જુઓ અને તેની ચક્ષુઓમાં તેના આત્માનો ઉંડો ડંખ કોતરાએલો તમને ભાસ્યમાન થશે. તેને પોતાના આત્મા ઉપર તિરસ્કાર આવે છે તેમ સુચવનારી અવ્યક્ત છાપ તેનાં મુખ ઉપર છવાએલી પ્રતીત થશે. એમ થવાનું કારણ શું ? એજ કે એવી પ્રવૃતિ તે મનુષ્યના વર્તમાન અધિકારને શોભા ભરી નથી. તે પ્રવૃતિ તેનાં જીવનના કોઇ ઘણા પાછળના—પશુત્વના જીવનકાળને બંધ બેસતી હોઇ શકે, પણ હવે તેણે તેનાથી વિરમવું જોઇએ. આવી પ્રવૃતિથી વિમુખ થવું એ વૈરાગ્યની મુખ્ય સાધના છે, અને વૈરાગ્યની ભાવનાનું પરમ સાફલ્ય તેમાં છે.

આત્માને તેનાં પાછલા જીવનમાં ભોગવેલા ભોગોપભોગ ફરી ફરીને ભોગવવાનું ઘણું ખેંચાણ થાય છે. પૂર્વકાળના ભોગોપભોગજન્ય આનંદ અને સુખના જે સંસ્કારો આત્માના માનસ–બંધારણ ઉપર પડેલા હોય છે તે સ્મૃતિ વડે, અનુકૂળ પ્રસંગ અને દેશકાળની ઉપલબ્ધિ થતાં જાગૃત થાય છે અને તેવોજ સુખાનુભવ ફરીથી ઉપજાવવા ચેષ્ટાવાન બને છે. આમ થાય ત્યાં સુધી મનુષ્ય અને પશુમાં તફાવત નથી. પશુને તેમ થાય છે તેમાં તે દ્વારા તેના વિકાસનો સંકેત હોય છે. અને કુદરત તેને માટે તેમ થવું જરૂરનું ગણે છે ત્યારે જ તેવી વાસના તેનામાં ઉદ્ભવે છે. પરંતુ મનુષ્યમાં તેમ નથી. તેનાં સ્વતંત્ર કાર્યનો પ્રદેશ પશુ કરતાં ઘણો વિસ્તારવાળો હોય છે. પશુનો આત્મવિકાસ કરવાનું કામ કુદરતે પુરેપુરૂં પોતાની જ પાસે રાખ્યું હોય છે. પશુને તેના આત્મવિકાસમાં કશો બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરવાનો હોતો નથી. પરંતુ તેજ પશુનો આત્મા જયારે વિકાસ પામતા પામતા મનુષ્ય બની, બુદ્ધિ અને વિવેકનું શસ્ત્ર ધારણ કરવાની હદે આવે છે ત્યારે કુદરત તે આત્માના વિકાસનું કાર્ય, તે બુદ્ધિ અને વિવેકના તારતમ્યાનુસાર તેને સોંપે છે. કુદરતે અત્યાર સુધી જે નિયમે તેનો ક્રમવિકાસ સાધ્યો હતો તે નિયમ બુદ્ધિપૂર્વક સમજીને તેના વિશેષ વિકાસ અર્થે યોજતા તે શીખે છે અને તે પ્રકારે તે ધારે તો કુદરતે તેને માટે ઇચ્છેલો વિકાસ તે યથા યોગ્ય સાધી શકે છે.

પરંતુ કુદરતે, મનુષ્યને જે હેતુની સિદ્ધિ અર્થે બુદ્ધિ અને કાર્ય–સ્વાતંત્ર્ય આપેલાં છે તે હેતુને સફળ કરવાનો ઉદ્યોગ ન કરતાં, અકૃતજ્ઞ અને સ્વેચ્છાચારી મનુષ્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનો મનુષ્યત્વનો પ્રાપ્ત અધિકાર ભોગવવાને બદલે પશુ બનવાનું પસંદ કરે છે. તે જાણતો હોય છે કે તે વાત તેને શોભતી નથી. છતાં પશુત્વકાળમાં અનુભૂત સુખના સંસ્કારોની અવ્યક્ત સ્મૃતિથી તે અનિષ્ટ પ્રવાહમાં ખેંચાઇ જાય છે. અને તેમાં સૌથી ખેદકારક ઘટના તો એ છે કે તેવા ભોગોને ઉત્કટપણે ભોગવવા માટે તે પોતાની બુદ્ધિની મદદ લે છે. બુદ્ધિશક્તિ મનુષ્યની ઉન્નતિ માટે કુદરતે યોજી છે. પરંતુ તેજ સાધનદ્વારા મનુષ્ય પોતાને બને તેટલો વધારે પશુ બનાવવા પ્રયત્ન કરી તે ઇશ્વરી શક્તિનો અધમ ઉપયોગ કરે છે. પોતાના ભોગ વિલાસની તૃપ્તિ માટે આજે મનુષ્યો પોતાની બુદ્ધિનો કેવો છુટથી ઉપયોગ કરે છે એ કોઇથી ભાગ્યેજ અજાણ્યું હશે. મનુષ્ય દ્રવ્યવાન બનવાને માટે, અને તે દ્રવ્યનાં સાધનવડે પોતાની વિવિધ પ્રકારની ભોગવૃત્તિ સંતોષવા માટે કેટલી જાતના છળ કપટ, પ્રતારણા, વિશ્વાસઘાત, દેશદ્રોહ, અને નિંદ્યકાર્ય કરે છે ? પશુઓ તેમ નથી કરતા, કેમકે તેમનામાં બુદ્ધિ નથી. મનુષ્યો તેમ કરી શકે છે, કેમકે કુદરતે તેમને બુદ્ધિ અર્પી છે. શું બુદ્ધિશકિતની બક્ષીસ આ હેતુ માંટે થઇ હશે ? બુદ્ધિની સહાયથી મનુષ્યોએ દેવ અથવા પરમાત્મા બનવું જોઇએ એવો કુદરતનો સંકેત છે. પરંતુ વસ્તુતાએ મનુષ્ય તેજ બુદ્ધિની મદદથી પશુત્વની ગંદી ખાઇમાં પડે છે. આજે મનુષ્યોની પ્રબળ ભોગવાસનાએ બુદ્ધિનાં સાધનને પોતાનાજ સંહારનાં ભયંકર શસ્ત્રમાં પરિણમાવી નાખ્યું છે. આમ થતું અટકાવવું એ વૈરાગ્યની ભાવનાનું પરમ સાધ્ય છે. ભૂતકાળમાં ભોગવાએલા ઇન્દ્રીયજન્ય સુખોની સ્મૃતિ મનુષ્યને પુન: પુન: તે સંસ્કારો અનુભવવા ખેંચી જાય છે. તેમાં ન ખેંચાવા માટે મનુષ્યે પોતાના વિવેકનાં શસ્ત્રનો ઉપયોગ કરતાં શીખવું જોઇએ. અર્થાત્ તેવા ખેંચાણ સામે તેણે પોતાના આત્મબળનાં પ્રતિ–ખેંચાણનો ઉપયોગ કરતાં શીખવું જોઇએ. પાદાર્થિક સુખોમાં આપણને જે મુગ્ધ ભાવ બંધાઇ ગયો છે તેને વિવેકના દીવ્ય અગ્નિ વડે ઓગાળી નાખવો જોઇએ. જ્યાં સુધી એ મુગ્ધ પ્રીતિ અને વાસનાઓનું પ્રાધાન્ય આપણા અંતરમાં વર્તતું હોય છે ત્યાં સુધી આપણાં સ્વરૂપના ઉચ્ચતર પ્રદેશોનો ઉજ્જવળ પ્રકાશ આપણા બુદ્ધિપ્રદેશ ઉપર આવી શકતો નથી.

અત્યારે આપણે પદાર્થોમાં બંધાઇ ગયા છીએ. વસ્તુત: જે પદાર્થોને આપણી ઉન્નતિનાં સાધનરૂપે કુદરતે નીર્મેલા હતા તે પદાર્થોમાં જ આપણે ગુંચવાઇ અને તેમાં કેદી બની ગયા છીએ. એ બંધનમાંથી છુટવાનો માત્ર એકજ માર્ગ છે અને તે એ છે કે તે બંધનના સ્વરૂપને સમજીને તેમાં બંધાવાની સાફ ના પાડવી જોઇએ. આપણે શેમાં બંધવું અને શેમાં ન બંધાવુ એ આપણી મરજીની વાત છે. આપણાં ઉચ્ચતર સ્વરૂપની પ્રાપ્તિમાં જે ઘટનાઓ બાધા કરતી હોય તેને આપણાં જીવનમાં ધારણ કરવી કે ન કરવી એના આપણે પોતે જ મુખત્યાર છીએ. આપણે મનોમય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે જ ઠરાવ કરી દેવો જોઇએ કે " હું મારા સંયોગો અને પારિપાર્શ્વિક ઘટનાઓથી તદ્દન સ્વતંત્ર છું. અર્થાત્ તેમાં રાગ ભાવથી બંધાવું કે ન બંધાવું એ મારી સ્વતંત્ર ઇચ્છાની વાત છે. " આટલું આત્મસ્વાતંત્ર્ય મેળવ્યા પછી મનુષ્ય પોતાની વાસ્તવિક શક્તિઓના ભાનમાં આવવાની શરૂઆત કરે છે. " હું સ્વતંત્ર છું. " એવા મનોમય જાહેરનામા ઉપર તેણે મનોમય રીતે સહી કરવી જોઇએ, અને તે જાહેરનામું તેણે પોતાની આંતરસૃષ્ટિના સઘળા વિભાગોમાં, સર્વ પ્રદેશોમાં અને ખુણે ખોંચરે ફેલાવી દેવું જોઇએ. તેણે પોતાના સર્વ પ્રકારના વિકારો, વાસનાઓ, ઇચ્છાઓ, આવેગો, ભોગલીપ્સાઓને સ્પષ્ટ સંભળાવી દેવું જોઇએ કે " તમે મારે આધિન છો, આજથી હું તમારે આધિન નથી. " આવી રીતે મનુષ્ય જ્યારે તેના વિકારોનો સ્વામી થાય ત્યારેજ તે સાચો સાધક બની શકે છે. અને વિકારો ઉપર સ્વામિત્વ ત્યારેજ સ્થપાય છે કે જ્યારે તે પ્રત્યેનો મુગ્ધભાવ વિવેકનાં બળથી નષ્ટ થાય. વિવેકનાં શસ્ત્રથી રાગના બંધનનું બળ તોડી નાખવું તે પ્રવૃતિવિશેષનું નામ " વૈરાગ્ય " છે, અને તે મોક્ષપદનું પ્રથમ સોપાન છે. રા. અધ્યાયી.

# પરહિત ચિંતન અને સાધન.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

**एते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थं परित्यज्य ये ॥**

જે મનુષ્યો બીજાઓને સાહાય્ય કરતા નથી તેઓનું જીવન વાસ્તવિક રીતે સુખી ગણી શકાતું નથી. જેઓ ઉત્ફુલ્લતા અને પ્રસન્નતાથી ભરપૂર નથી હોતા, જેઓ બીજા લોકોનું ભલું ચ્હાતા નથી અને જેઓ પ્રત્યેક મનુષ્યને પોતાના બન્ધુ સમાન નથી સમજતા તેઓનો જન્મ કદિપણ સફલ થઇ શકતો નથી. આપણે આપણું સર્વસ્વ બીજાઓની ખાતર સમર્પણ કરી દઇએ તોજ આપણું જીવન સુખમય બનાવી શકીએ. જેવી રીતે બહુમૂલ્યવાન રત્નોમાંથી પ્રતિક્ષણે એક પ્રકારની જ્યોતિ નીકળે છે, પરંતુ તેમ થવાથી તેમાં કોઇ પણ જાતની ક્ષતિ અથવા ન્યૂનતા આવતી નથી તેવી રીતે આપણે બીજા માણસોને ગમે તેટલી સહાયતા, ગમે તેટલો ઉત્સાહ અને ગમે તેટલું ઉત્તેજન આપીયે તો પણ આપણા પોતાના ઉત્સાહ અને ઉત્તેજનમાં ન્યૂનતા આવતી નથી; પરંતુ એથી ઉલ્ટું આપણે જેમ જેમ બીજાઓને વધારે આપીએ છીએ તેમ તેમ આપણને વધારે વધારે મળતું જાય છે-બીજા શબ્દોમાં કહીએ તો આપણે અન્ય લોકોને જેટલી સહાયતા આપીએ છીએ તેટલી સહાયતા, ઉત્તેજના, અને આશા આપણી પાસે સ્વયં દોડી આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો કે ઉપરોક્ત વાત સર્વથા સત્ય છે તો પણ માનવસ્વભાવમાં એક એવી વિચિત્ર દુર્બલતા રહેલી છે કે જેને લઇને માણસો બીજાના સદ્દગુણો જોઇ શકતા નથી, બીજા માણસોનો જીવ દુ:ખાવે છે અને સહાયતા કરવાનું તો દુર રહ્યું પણ ઉલ્ટી તેઓને હાનિ પહોંચાડે છે.

ઘણા મનુષ્યો એવા હોય છે કે જેઓ હમેશાં બીજાઓનું અહિત કરવા તત્પર હોય છે અને જે બાબતો સાથે પોતાને કાંઇ સંબંધ નથી હોતો અથવા જેમાં પોતાનું હિત સમાયલું નથી હોતું તે બાબતોને તેઓ નિ:સાર સમજે છે. આવા મનુષ્યો બીજા લોકો ઉપર હમેશાં આક્ષેપ કર્યા કરે છે, તેઓનો જીવ દુ:ખાવ્યા કરે છે, તેઓના ઉચ્ચાશયોને તુચ્છ ગણ્યા કરે છે, તેઓનાં ચરિત્રમાં દોષ કાઢ્યા કરે છે અને તેઓનું બહિરંગ જુદું છે અને અંતરંગ જુદું છે એમ હમેશાં બતાવ્યા કરે છે. જે મનુષ્યનો આત્મા સંકુચિત હોય છે તે પોતાના પ્રતિસ્પર્ધીની પ્રશંસા સાંભળીને અત્યંત દુ:ખિત બને છે, તેમજ તે ઇર્ષ્યાને લઇને પોતાના પ્રતિપક્ષીને સદોષ ઠરાવીને અને તેના ચરિત્રને કલંકિત બતાવીને તેની કીર્તિમાં બટ્ટો લગાડવા ઇચ્છે છે. જે મનુષ્ય આવું કરે છે તે પોતાની નિર્બલતા, નીચતા, ક્ષુદ્રતા અને પોતાના ઇર્ષ્યાળુ સ્વભાવને પ્રકટ કરે છે અને એમ સિદ્ધ કરે છે કે તેનું જીવન સુખી અથવા શાંતિમય નથી. જેઓ ઉદારચરિત હોય છે--જેઓનો આત્મા વિશાલ હોય છે તેઓ કદાપિ બીજાની કીર્તિને કલંકિત કરવાનો યત્ન કરતા નથી. તેવા લોકો તો બીજાના સદ્દગુણોની મુક્તકંઠે પ્રશંસા કરે છે અને તેઓના દુર્ગુણોને-દોષોને છુપાવે છે.

ઉદારતા અને દયાલુતા એજ આત્માની મહાનતાદર્શક ગુણો છે. જે મનુષ્ય બીજાની સાથે ઇર્ષ્યાથી વર્તે છે અથવા તેની પ્રશંસા સહન કરી શકતો નથી તેનો આત્મા અત્યંત સંકુચિત હોય છે અને તેના વિચારો અત્યંત સંકીર્ણ હોય છે. જે મનુષ્ય ઉદારચિત્ત અને ચરિત્રવાન હોય છે તે દયાળુ પણ હોય છે. જે મનુષ્ય પોતાના પ્રતિપક્ષીની કીર્તિ ઓછી દેખાડવા મથે છે અથવા જે વખતે તેની પ્રશંસા કરવી જોઇએ તે વખતે મૌન ધારણ કરી લે છે તે કેવળ પોતાના આત્માની સંકીર્ણતા અને નીચતા પ્રકટ કરે છે; પરંતુ જે મનુષ્ય વાસ્તવિક રીતે ઉદાર સ્વભાવનો હોય છે તે પોતાના કટ્ટા વૈરીની સાથે પણ ઉદારતા અને દયાળુતાથી જ વર્તે છે.

જે મનુષ્ય બીજાઓના મહત્વને ન્યૂન કરીને પ્રકટ કરે છે અને પોતાના પ્રતિસ્પર્ધીઓની કીર્તિમાં બટ્ટો લગાડવા ઇચ્છે છે તે પોતાના આત્માની સંકીર્ણતાનું પ્રમાણ આપે છે અને જે મનુષ્યો સાથે પોતાના પ્રતિસ્પર્ધીઓ સંબંધી વાત કરે છે તેઓની દૃષ્ટિમાં તે હલકો પડે છે. આપણે એમ નથી જાણતા કે જ્યારે આપણે બીજાનાં ચરિત્રનું ચિત્ર આપીએ છીએ ત્યારે આપણે તેની સાથે આપણું પોતાનું ચિત્ર પણ રજુ કરીએ છીએ. ક્ષુદ્ર અને નીચ આત્મા બીજાઓમાં પણ ક્ષુદ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને નીચ વાતો જ જુએ છે. જે આત્મા મહાન હોય છે તેને તો બીજાઓના સદ્‌ગુણો જ દૃગ્ગોચર થાય છે. અત્યંત ખેદની વાત છે કે જે મનુષ્યો પોતાની પ્રખર માનસિક શક્તિઓદ્વારા અથવા અસાધારણ સાહસ અને દૃઢ પતિજ્ઞાને લઇને પ્રસિદ્ધિ પામ્યા છે તેઓએ બહુધા પોતાના વ્યવસાયવાળા મનુષ્યોની સાથેના વ્યવહારમાં ભારે ઇર્ષ્યા બતાવી હોય છે. ઘણા ખેદ સાથે કહેવું પડે છે કે અનેક કવિજનો, સામાજીક નેતાઓ અને ધર્મોપદેશકો એવા પ્રકારની ઇર્ષ્યાના ભોગ થઇ પડયા હોય છે કે તેઓને પોતાના વ્યવસાયમાં બીજાની પ્રશંસા સાંભળીને અતિશય દુ:ખ થયું હોય છે. તેઓ હમેશાં બીજાના દૂષણોની ચર્ચા કર્યા કરે છે અને તેઓની સમક્ષ કોઈ તેઓના પ્રતિસ્પર્ધીની પ્રશંસા કરે છે તો તેઓ કહે છે કે " હા, એ બધું ઠીક છે, પરંતુ તેનામાં મૌલિકતા નથી, તે કપટી પણ છે, તેના પર વિશ્વાસ મુકી શકાય તેમ નથી " અથવા તે આવા પ્રકારની કોઇપણ વાત બનાવી કાઢે છે.

આપણને આપણાં જીવનમાં અધિક સફલતા નથી મળી શકતી તેનું એક કારણ એ પણ છે કે આપણે અન્ય માણસોની સાથે અધિક ઉદારતાથી વ્યવહાર કરતા નથી, તેઓની તરફ અધિક સહાનુભૂતિ બતાવતા નથી તેમજ તેઓને અધિક સહાયભૂત થવાનો યત્ન કરતા નથી. જો આપણે બીજાઓને અધિક સહાયભૂત થઈએ છીએ તો આપણને પણ તે કરતાં અધિક સહાયતા મળી શકે છે. જે મનુષ્ય બીજાની તરફ સહાનુભૂતિ દેખાડવામાં, બીજાને મદદ કરવામાં તેમજ બીજાની પ્રશંસા કરવામાં પોતાનો હાથ પાછો ખેંચે છે તે પોતે પોતાને હાનિ પહોંચાડે છે. આપણે બીજા માણસોને જેમ જેમ વધારે સહાયભૂત થઇએ છીએ તેમ તેમ આપણે આપણું વધારે કલ્યાણ કરીએ છીએ. ઘણા માણસો અન્ય માણસો તરફ સહાનુભૂતિ પ્રકટ કરવામાં અને તેઓની પ્રશંસા કરવામાં એટલા બધા કૃપણ બને છે અને પોતાનો સ્વાર્થ સાધવામાં એટલા બધા મગ્ન રહે છે કે તેઓની ઉન્નતિ અશકય થઈ પડે છે. જયારે મનુષ્ય પોતાનાં જીવનને બીજાની સેવા કરવામાં યથાશકિત અર્પણ કરી દે છે અને અંત:કરણ પૂર્વક બીજાને સહાયતા કરે છે ત્યારે કેટલી બધી ત્વરાથી તેની ઉન્નતિ થાય છે તે જોઇ આશ્ચર્ય થાય તેમ છે. જીવનના આરંભ કાળથી જ બીજા લોકોનું હિત ઇચ્છવાની, તેઓના ઉપર દયાભાવ રાખવાની અને તેઓની સાથે મિષ્ટ ભાષણ કરવાની ટેવ પાડવાથી મનુષ્યને જેટલો લાભ થાય છે તેટલો બીજી કોઇ પણ વસ્તુથી થતો નથી.

એક વખત એક દાર્શનિકે પોતાના શિષ્યને પૂછ્યું કે—" સંસારમાં સૌથી અધિક પ્રયોજનીય વસ્તુ કયી છે ? " સર્વ શિષ્યોએ પોતપોતાની બુદ્ધિ અનુસાર ઉકત પ્રશ્નનો ઉત્તર આપ્યો. તે બધામાં એક શિષ્યે સૌથી છેલ્લો ઉત્તર આપ્યો કે—"સુહૃદય." તે સાંભળી તેના ગુરૂએ કહ્યું કે " સત્ય છે. બધા શિષ્યોએ જે કાંઇ કહ્યું છે તેનો સાર તમે માત્ર એકજ શબ્દમાં આપી દીધો છે. કેમકે જે મનુષ્યનું હૃદય શુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે તે સંતુષ્ટ રહી શકે છે, તેજ બીજાનો શુભ ચિન્તક બની શકે છે અને તેને જ રહેલાઈથી બુદ્ધિગત થાય છે કે તેઓની ખાતર શું શું કરવું ઉચિત છે. ”

સુહૃદય, સુસ્વભાવ, નિષ્કપટ, પ્રેમમયી અને ઉદાર પ્રકૃતિની સાથે સરખાવતાં અબ્જપતિની સંપત્તિ પણ તુચ્છ છે. જે મનુષ્યની પાસે આ વસ્તુઓ હોય છે તેની પાસે દાન કરવા માટે ભલે એક પૈસો પણ ન હોય, પરંતુ તે એક દાનવીર અબ્જ પતિની જેટલો પરોપકાર કરી શકે છે એ નિઃસંદેહ વાત છે. બીજા મનુષ્યોની સાથે હમેશાં કૃપાલુતાથી વ્યવહાર કરવાની, તેઓની સર્વદા પ્રશંસા કરવાની અને હમેશાં તેઓના સદગુણોપર ધ્યાન આપવાની ટેવ પાડવાથી સ્વર્ગીય આનંદનો અનુભવ થાય છે. જે મનુષ્ય આપણી સાથે કૃપાલુતાથી વ્યવહાર કરે છે તેની આપણે અવશ્ય પ્રશંસા કરીએ છીએ અને તેને પ્રેમમય દૃષ્ટિથી નીહાળીએ છીએ. આવો મનુષ્ય કોઇ કોઇ વખત સમસ્ત સમાજમાં પ્રસન્નતાનો સંચાર કરી શકે છે. જે મનુષ્યનું ચિત હમેશાં પ્રસન્ન અને પ્રફુલ્લ રહે છે તેને સુખ અને સંતોષનો અનુભવ થાય છે, તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં હર્ષનો પ્રકાશ ફેલાવે છે અને શોક સંતપ્ત મનુષ્યોને સાંત્વન આપે છે.

આપણામાં એક મહાન દોષ એ રહેલો છે કે આપણે બીજાઓ સંબંધી ભ્રામક મત બાંધી દઇએ છીએ. આપણે તેઓની ક્ષુદ્ર વાતો, તેઓની ભૂલો, તેઓના દોષો અને તેઓની વિચિત્રતાઓના આધારે આપણું મંતવ્ય સ્થિર કરીએ છીએ. જો આપણા સમજવામાં આવે કે યોગ્ય પ્રસંગ પ્રાપ્ત થવાથી નીચમાં નીચ મનુષ્ય પણ ઇશ્વરીય ગુણ પ્રકટ કરી શકે છે, અત્યંત કૃપણ મનુષ્ય પણ માનવજાતિનું કલ્યાણ કરી શકે છે અને કાયરમાં કાયર મનુષ્ય પણ વીરતા દેખાડી શકે છે તો આ સંસાર સ્વર્ગસમાન બની જાય.

આપણામાં અનેક મનુષ્યો ધનના લોભમાં ફસાઇ જઇને એવા અંધ બની જાય છે અને વેપારના નિરસ નિયમોમાં જકડાઇ જઇને એવા સ્વાર્થી બની જાય છે કે તેઓ બીજાઓના સદ્દગુણો જોઇ શકતા નથી. આપણે તો બીજાઓના અવગુણોની ઉપેક્ષા કરીને તેઓના સદ્દગુણો શોધી કાઢવા જોઇએ અને તેઓની પ્રશંસા કરવી જોઇએ. જો આપણે આ પ્રમાણે કરશું તો આપણા દુર્ગુણોને આપણે તજી શકશું અને આપણામાં સદ્દગુણોનો વિકાસ કરી શકશું. જો આપણે એક બીજાને સહાયતા કરીએ અને ક્ષમાભાવનું યોગ્ય પાલન કરીએ તો આપણે સભ્યતામાં અવનવું પરિવર્તન કરી શકીએ.

એક વખત એક મનુષ્યે એક ચીથરેહાલ ભીખારીને પોતાને ઘરે બોલાવ્યો, તેને ઉત્તમ ભોજન કરાવ્યું અને સારાં કપડાં પણ આપ્યાં. તેને વિદાય કરતી વખતે ઉત્સાહ પૂર્ણ શબ્દોમાં તેણે કહ્યું કે—“ઘરે ઘરે ભટકવા માટે તમારૂં જીવન નિર્માણ થયેલું નથી. તમે તો આ કરતાં વધારે સારૂં કાર્ય કરી શકો તેમ છે. તમારા દેખાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરથી તમે બુદ્ધિમાન હો તેવું પ્રતીત થાય છે, તેથી આવી અધમ રીતિથી આ જીવીકા મેળવતાં તમારે શરમાવું જોઈએ." આ પછી એક વર્ષે જ્યારે ઉક્ત મનુષ્ય તે ભીખારીને તદ્દન ભુલી ગયો ત્યારે તેને પૈસાની તંગીને લઈને કોઈની પાસેથી પૈસા ઉધાર લેવાની ઘણીજ જરૂર પડી. તેથી તે પોતાના એક ઇષ્ટ મિત્ર પાસે ગયો અને તેને કહ્યું કે તમે મને કોઇ એવો માણસ દેખાડશો કે જે મને પાંચસો રૂપિયા ધીરી શકે. પરંતુ તેનો મિત્ર તેને એટલા રૂપિયા આપી શક્યો નહિ તેમજ તે પણ કોઇ એવા માણસને જાણતો નહોતો કે જે તેને જરૂરને વખતે મદદ કરી શકે. તેણે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ કોઇ મનુષ્ય તેને રૂપિયા ધીરી શકે એવો મળ્યો નહિ. થોડા દિવસ બાદ તેને ઘરે એક મનુષ્ય આવ્યો, જેની સાથે પોતે સર્વથા અપરિચિત હોય એમ તેને લાગ્યું. તે અપરિચિત મનુષ્યે કહ્યું કે "મારા સાંભળવામાં આવ્યું છે કે તમારે હમણા પૈસાની તંગી છે, તેથી તમારે જેટલા રૂપિયાની જરૂર હોય તેટલા રૂપિયા તમને આપવા માટે હું આવ્યો છું." આ શબ્દો સાંભળાને તે ઘણો આશ્ચર્ય ચકિત થયો અને તેને પૂછયું કે "તમે એક અજાણ્યા માણસ છો અને મેં તમને કદી પણ જોયા નથી છતાં તમે મારા પર વિશ્વાસ રાખવા તૈયાર છો એ કેવી વાત?" તેણે અત્યંત નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે "હું તેજ ભીખારી છું કે જેને આપ એક વર્ષ પહેલાં આપને ઘરે લઇ ગયા હતા. અને કોઇ માણસ પોતાના ભાઇ સાથે વર્તે એવી રીતે આપ જેની સાથે વર્ત્યા હતા. તે સમયે આપે જે મહેરબાની બતાવી હતી તેનાથી મારા જીવનમાં એકદમ પરિવર્તન થઈ ગયું અને હું માણસ બની ગયો. મારામાં જેટલી યોગ્યતા હતી તેનાથી પણ અધિક સફલતા મને પ્રાપ્ત થઇ છે. અને જ્યારથી હું મારા પોતાના હાથથી મહેનત કરીને મારી આજીવિકા પેદા કરવા લાગ્યો છું ત્યારથી હું આપની કૃપાનો બદલો વાળવાના સુપ્રસંગની રાહ જોઇ રહ્યો છું. આજે મને તે સુપ્રસંગ પ્રાપ્ત થયો છે."

એક વિદ્વાનનું કથન છે કે "જ્યાં સુધી મનુષ્યને આ વાતનું જ્ઞાન ન થાય કે મારૂં જીવન મનુષ્યજાતિનાં કલ્યાણને વાસ્તે છે અને મને જે કાંઈ પ્રાપ્ત થયું છે તે માનવજાતિનાં કલ્યાણ અર્થેજ મળેલું છે ત્યાં સુધી તેને વાસ્તવિક રીતે મહાન કહી શકાય નહિ." પરંતુ ખેદની વાત છે કે આપણે ઉન્મત્ત બનીને દ્રવ્યોપાર્જન કરવામાં એક બીજાને જે રીતિથી પદદલિત કરીએ છીએ તેનાથી એમ માલુમ પડે છે કે મનુષ્યત્વનું કોઇ એવું બંધન નથી કે જે આપણને બધાને એક સૂત્રમાં બાંધી દે. સર્વત્ર આપણે આપણા ભાઇઓને વિપત્તિમાં આવી પડેલા દેખીએ છીએ. આપણે તેઓને સારી રીતે મદદ કરી શકીએ એમ છીએ છતાં આપણે કરતાં નથી. આપણે તેઓને દરિદ્રતાથી પીડાતા જોઇએ છીએ તો પણ આપણે તેઓની તરફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથ લંબાવવાનો યત્ન કરતા નથી, કેમકે આપણે એટલુંજ વિચારીએ છીએ કે તેમ કરવામાં આપણો કશો સ્વાર્થ રહેલો નથી.

જે મનુષ્ય હમેશાં સ્વાર્થપરતામાંજ મગ્ન રહે છે, જેણે લોભવશ બનીને પોતાની સાત્વિક વૃત્તિયો ગુમાવી છે, જેનો સ્વભાવ એવો ક્રૂર બની ગયો હોય છે કે તે પોતાના બંધુઓમાં કશું સારૂં જોઇ શકતો નથી તેનાથી વિશેષ કઠોરહૃદય અને નિર્દય કોને કહી શકાય ?

બીજાઓની સાથે ખરા દિલથી હળવા મળવાની અને ઉદારતાથી વ્યવહાર કરવાની ટેવ પાડો. બીજાઓની પ્રશંસા કરવામાં અને તેઓને સાહાય્ય કરવામાં કૃપણ ન બનો. દરેક વખતે પ્રત્યેક મનુષ્યની સાથે સર્વોત્તમ અનુકરણીય વ્યવહાર આદરો. બીજા લોકોની સાથે સદા પ્રસન્ન કરનારી વાતો કરતાં અને ઉદારતાથી વ્યવહાર કરતાં શીખો. આમ કરવાથી તમારા જીવનની વ્યાપકતા વધવા લાગશે, તમારો આત્મા ઉન્નત બનશે અને તમારૂં જીવન ઉચ્ચ અને શ્રેષ્ટ બની જશે. યથા-સંભવ બીજાઓને સાહાય્ય કરવાનો નિરંતર ઉદ્યોગ કરવાથી, પોતાના સંબંધીઓના સુખમાં વૃદ્ધિ કરવાથી, ઉત્સાહ, પ્રસન્નતા, આશા અને શુભેચ્છાનો પ્રકાશ સર્વત્ર ફેલાવવાથી અને આપણી આસપાસ આનન્દની વૃષ્ટિ કરવાથી માત્ર બીજાઓનાં હૃદયમાં ઉત્સાહ અને આનંદ ઉત્પન્ન થાય છે એટલુંજ નહિ પણ આપણા માટે પણ સુખ પ્રાપ્તિનો માર્ગ પૂર્ણતાથી ખુલ્લો થાય છે. પ્રત્યેક સમયે અન્ય મનુષ્યોનું કાંઇને કાંઇ હિત કરવાની ટેવથી મનુષ્યને જેટલો સંતોષ થઇ શકે છે તેનાથી વધારે બીજી કોઇ પણ વસ્તુથી થતો નથી. કદાચ તમારી પાસે તેઓને આપવા માટે દ્રવ્ય ન હોય તો પણ તમે તેઓને ઉત્સાહિત કરીને, તેઓના દુઃખ દર્દ વખતે ચિત્ત પ્રસન્ન કરનારી બે વાતો કરીને અથવા તેઓની સાથે કૃપાલુતાથી વ્યવહાર કરીને તેઓને હમેશાં સહાયતા કરી શકો એમ છો. જેટલા મનુષ્યોને દ્રવ્યની આવશ્યકતા છે તે કરતાં પણ વધારે મનુષ્યોને પ્રેમ અને સહાનુભૂતિની આ-વશ્યકતા છે અને તે બન્ને વસ્તુઓ તમે હમેશાં આપી શકો તેમ છો. એક વખત એક નગરમાં એક વિદેશી આવી પહોંચ્યો જે તે નગરની ભાષા સારી રીતે બોલી શકતો નહોતો. તે નગરના એક દયાવાન પુરૂષે તેને મલીન જોઇને એવો વિચાર કર્યો કે આ મનુષ્યને પૈસાની જરૂર હોય એવું જણાય છે અને તેથી તેને કાંઇક આર્થિક સહાય આપવી જોઇએ. પરંતુ તે વિદેશીએ કહ્યું કે "મારે પૈસાની જરૂર નથી, પરંતુ હું તદ્દન એકલો હોવાથી કોઇ મારી સાથે બે આનંદ પ્રદ વાતો કરે એવી હું ઉત્કંઠા રાખું છું." આપણે તે મનુષ્યને સ્વાભાવિક રીતે ચાહીએ છીએ કે જે પોતાનાં હૃદયનું દ્વાર ખુલ્લું રાખે છે, જે બીજાઓની સાથે નિષ્કપટ ભાવથી મળે છે અને ઘણીજ પ્રસન્નતાપૂર્વક આપણું સ્વાગત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકીર્ણ વિચાર વાળા મનુષ્યો કે જેઓ બીજાને આકર્ષિત કરવાને બદલે તેઓને વિમુખ કરે છે તેઓના કરતાં જે મનુષ્યો ઉદારચિત્ત, પરોપકારી અને દયાળુ હોય છે તેઓ વધારે સફલતા પ્રાપ્ત કરે છે. ઉદારચિત્ત બનતા શીખો. અપરિચિત મનુષ્યો સાથે બોલતાં, બીજા લોકોની સાથે હૃદય ખોલી વાતો કરતાં અને આપણને જેઓ મળે તેઓને યથાશકિત સહાયતા કરતાં આપણે કદાપિ લેશ પણ ભય રાખવો જોઇએ નહિ. કદાચ આપણે કોઇ એવા મનુષ્યની પાસે જવું પડે કે જેની સાથે આપણને જરાપણ પરિચય ન હોય તો પણ તેઓની સાથે વાત કરવામાં બિલ્કુલ સંકોચ રાખવો જોઈએ નહિ.

પરોપકારિતા, સુજનતા, ઉદારતા ઇત્યાદિ સદ્દગુણોને આપણાં જીવનમાં ઉતારવાથી માત્ર ચારિત્ર્ય-સંગઠનમાંજ નહિ, પરંતુ લૌકિક ઉન્નતિ કરવામાં કિંમતી સહાયતા મળે છે. સફલતા મેળવવા માટે મોહિની શકિતની-બીજાને વશીભૂત કરનાર ગુણોની-એટલી બધી અપેક્ષા છે કે તે ગુણોને જેટલું મહત્વ આપવામાં આવે તેટલું થોડું છે. નિષ્કપટ વ્યવહારથી પ્રથમ મુલાકાતમાં જ આપણે જેટલી શીઘ્રતાથી બીજાના ઉપર આપણો સારો પ્રભાવ પાડી શકીએ છીએ અને તેઓના પ્રેમપાત્ર બની શકીએ છીએ તેટલી શીઘ્રતાથી બીજી કોઇ પણ વસ્તુથી તે કાર્ય થઈ શકતું નથી. તેનાથી વિપરીત યાને સંદેહ ઉત્પન્ન કરે તેવા વ્યવહારથી અન્ય મનુષ્યો જેટલી ત્વરાથી વિમુખ બની જાય છે તેટલા જલ્દી બીજી કોઇ પણ વસ્તુથી બનતા નથી.

જે દેશના હવા પાણી સારા નથી હોતા, જ્યાં જીવનનિર્વાહ મેળવવામાં અનેક પ્રકારની કઠિનતાઓની સામે થવું પડે છે ત્યાંના નિવાસીઓની પ્રકૃતિ ત્યાંની પરિસ્થિતિને અનુકૂળ બની જાય છે. તે લોકો બીજાથી ઘણાજ ડરે છે. તેઓ બીજાની સાથે હૃદય ખોલી વાત કરવામાં સંકોચ રાખે છે અને ઉદાસીન ભાવ ધારણ કરી લે છે. તેઓ એમ વિચારે છે કે આપણે સંપૂર્ણ સાવચેતીથી ચાલવું જોઇએ, પ્રત્યેક મનુષ્યની સાથે નિઃસંકોચ વાત કરતાં પહેલાં તેનાં ચરિત્રની અને તેની સ્થિતિની તપાસ કરવી જોઇએ, અને બીજાની સમક્ષ આપણા હાર્દિક ભાવો પ્રકટ કરવામાં ઉદારતા બતાવવી ન જોઇએ; કેમકે એમ કરવાથી ભવિષ્યમાં હાનિ થવાની સંભાવના છે. આથી ઉલ્ટું જે દેશમાં પરિસ્થિતિ આટલી બધી કઠિન નથી હોતી તે દેશના નિવાસીઓ વિદેશીઓની સાથે એવી રીતે મળે છે કે જાણે કે તેઓની સાથે તેઓને લાંબા વખતથી પરિચય હોય. તેઓ પહેલીજ મુલાકાત વખતે હૃદય ખોલી વાતો કરે છે અને બીજા પર વિશ્વાસ મુકે છે. તેઓ કોઇ પણ પ્રકારનો સંકોચ રાખતા નથી તેમજ એવો પણ વિચાર કરતા નથી કે બીજાની સાથે હૃદય ખોલી વાત કરતાં પહેલાં એવો નિશ્ચય કરવો જોઇએ કે તેઓ વિશ્વાસપાત્ર બનવાને યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે નહિ, તેઓ બીજાનું સન્માન કરે છે, તેઓની સાથે ઉદારતાથી વર્તે છે અને તેઓના બંધુ સમાન હિતચિંતક બની જાય છે.

જેવી રીતે કેટલાક મનુષ્યો એવા હોય છે કે જેઓ સર્વોત્તમ વાજીંત્રમાંથી પણ આંગળીયો બરાબર નહિ મુકવાથી બેસુરો રાગ કાઢે છે તેવી રીતે કેટલાક મનુષ્યો સર્વત્ર નિરાશાવાદનો રાગ પ્રસારે છે. તેઓ સૌ સર્વત્ર અંધકારનોજ પ્રસાર કરે છે. તેઓ હમેશાં જમાનાનો દોષ કાઢ્યા કરે છે. આથી તેઓ સંકુચિત બની જાય છે અને ઉદારતા તેમનાથી અત્યંત દૂર રહે છે. પરંતુ કેટલાક મનુષ્યો આથી સર્વથા પ્રતિકૂળ હોય છે. તેઓ અંધકાર ફેલાવવાને બદલે સર્વત્ર પ્રકાશનો જ પ્રસાર કરે છે. તેઓ જે પુષ્પકળીને હાથ લગાડે છે તેની પાંખડીયો ખીલી જાય છે અને તેની સુગંધ ચોતરફ ફેલાઇ રહે છે. તેઓ જેની પાસે જાય છે તે સર્વને પ્રસન્ન બનાવે છે. બીજાની સાથે વાતો કરવામાં તેઓનો મુખ્ય ઉદ્દેશ તેઓમાં કોઈ પણ રીતે ઉત્સાહ રેડવાનો જ હોય છે. તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં સર્વત્ર પુષ્પવૃષ્ટિ કરે છે. તેઓમાં કોઇ એવા પ્રકારની જાદુઇ શક્તિ હોય છે કે જેનાં બળે તેઓ કુરૂપતાને સૌંદર્યમાં અને અશાંતિને શાંતિમાં પરિવર્તિત કરી મુકે છે. તેઓ બીજામાં રહેલા સર્વોત્તમ ગુણો ઉપર જ ધ્યાન આપે છે અને તેઓના સંબંધમાં મનોરંજક અને આશાપૂર્ણ વાતોજ કરે છે. આપણે ઉદાર બનવું જોઈએ અને આપણાં હૃદય દ્વાર ખુલ્લાં રાખવા જોઈએ જેથી કરીને તેની અંદર દયાલુતા અને વાત્સલ્યના પ્રકાશમય કિરણો પ્રવેશી શકે. આપણે આપણી પોતાની જાત વિષે મત બાંધવામાં જેટલી નમ્રતા રાખીએ છીએ તેટલી જ નમ્રતા આપણે બીજા વિષે આપણો મત સ્થિર કરવામાં રાખવી જોઈએ. જેવી રીતે આપણે આપણા દોષો તરફ ક્ષમાદ્દષ્ટિથી જોઇએ છીયે તેવી જ રીતે આપણે બીજાના દોષો તરફ ક્ષમાદૃષ્ટિ રાખવી જોઇએ. આપણે દ્વેષ અને વૈરભાવને સર્વથા તિલાંજલી આપવી જોઈએ અને નીચમાં નીચ મનુષ્યોમાં પણ પરમાત્માની મૂર્તિનાં દર્શન કરવા જોઇએ.

પ્રત્યેક મનુષ્ય તરફ ભ્રાતૃભાવ અને કૃપાદૃષ્ટિ રાખવાની ટેવથી ચરિત્ર ઉપર અતિ ઉત્તમ પ્રભાવ પડે છે. એ ટેવને લઇને ચિત્તમાં કોઈ પણ દિવસ દ્વેષબુદ્ધિ અને નીચતાનો પ્રવેશ થઇ શકતો નથી અને સમસ્ત જીવન ઉદાર અને ઉદાત્ત બની જાય છે. આપણે પરહિત ચિંતન-સાધનની ટેવ પાડીએ તો આપણે જે જે મનુષ્યોને મળશું તેઓ અપરિચિત હશે તો પણ આપણે તેઓને ભ્રાતૃભાવની દૃષ્ટિથી જ નિહાળશું. આપણને એવો અનુભવ થશે કે જો આપણને તેની સાથે પરિચય થઈ જાય તો આપણે તેને આપણા મિત્રો બનાવી લઇએ. બીજા શબ્દોમાં કહીએ તો પરહિત ચિંતન અને દયભાવની ટેવથી આપણાં હૃદયમાં પ્રત્યેક મનુષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિ અધિક સહાનુભૂતિ ઉત્પન્ન થાય છે. આથી ઉલટું, આપણે જો સંસારમાં ઉદાસીનતા ધારણ કરી લઇએ અને સ્વાર્થપરતાના દાસ બની જઇએ, કેવળ આપણા સ્વાર્થની જ વાતોપર ધ્યાન આપીએ અને બીજાની જરા પણ પરવા ન કરીએ તો કેટલોક સમય વ્યતીત થયા બાદ એ વૃત્તિથી આપણું હૃદય કઠોર અને શુષ્ક બની જશે, આપણે નિરાશાવાદી બની જશું અને આપણને કોઇ પસંદ કરશે નહિ.

પ્રત્યેક મનુષ્ય તરફ સ્નેહશીલતા અને હિતચિન્તનનો ભાવ રાખો. તમારો સ્વભાવ કઠોર હોય તો પણ ઉક્ત ભાવ ધારણ કરવાથી કેટલી ત્વરાથી તમારો સ્વભાવ નમ્ર બની જાય છે તે જોઇ તમને અત્યંત આશ્ચર્ય થશે. વળી એ ભાવ ધારણ કરવાથી તમારામાં પહેલાં કરતાં અધિક સહાનુભૂતિ ઉત્પન્ન થશે, તમે બીજાના દોષો અને ન્યૂનતાઓ તરફ ક્ષમાદૃષ્ટિથી જોવાને પહેલાં કરતાં અધિક તત્પર રહેશો અને અધિક ઉદાર તેમજ સુહૃદય બની જશો. પરહિત ચિંતનની ટેવને લઇને તમે બીજા લોકોની પહેલાં કરતાં વધારે પ્રીતિ સંપાદન કરી શકશો અને તેઓને વધારે સહાયતા આપી શકશો. જેવી દૃષ્ટિથી આપણે બીજાને જોશું તેવી જ દૃષ્ટિથી તેઓ આપણને જોશે. જે મનુષ્ય ઉદાસીન, એકાંતવાસી અને સ્વાર્થપરાયણ હોય છે તેના તરફ અન્ય માણસો પણ તેવાજ બની જાય છે.

આપણે દરેક મનુષ્ય તરફ દયાભાવ રાખીએ અને પરહિત સાધનમાં આપણું જીવન વ્યતીત કરીએ તો તે કરતાં વિશેષ સારૂં બીજું શું હોઇ શકે ? આ જીવન ક્ષણભંગુર હોવાથી આપણે આ જીવનમાં કંટકો વાવવાને બદલે પુષ્પવૃષ્ટિ કરીએ, સ્વાર્થી અને ઉદાસીન બનવાને બદલે કૃપાળુ બનીએ અને બીજાને સાહાય્ય કરીએ તો આપણને કેટલો સંતોષ થાય છે ? જગત્‌માં લોકો નિઃસ્વાર્થ અને પરોપકારી મનુષ્યોનાં સ્મારક ઉભાં કરે છે, અને કદાચ તે સ્મારક પત્થરનાં અથવા પીતળનાં નથી કરવામાં આવતા તો પણ તે તે મનુષ્યોનાં હૃદયમાં હોય છે કે જેઓને તેઓના તરફથી ઉત્સાહ અથવા સહાયતાની પ્રાપ્તિ થયેલી હોય છે. પરહિત સાધનમાં પ્રત્યેક મનુષ્યને સફલતા મળી શકે છે અને તે સફલતા અતિશય દ્રવ્યસંગ્રહ કરતાં ઘણે દરજ્જે સારી છે. આપણા વ્યવસાયમાં નિષ્ફલતા મળે તો પણ આપણે બીજાની સાથે કૃપાપૂર્વક વ્યવહાર કરવામાં અને તેઓને સહાયતા આપવામાં લેશ પણ સંકોચ રાખવો જોઇએ નહિ. બીજાનું ભલું ચ્હાવાથી મનુષ્યનું હૃદય ઉન્નત અને નિર્મલ બને છે અને તેની પાત્રતામાં તથા માનસિક શકિતમાં ઘણી જ વૃદ્ધિ થાય છે.

સ્વાર્થ અને લોભથી આપણો આત્મા સંકુચિત બની જાય છે અને આપણામાં જે શ્રેષ્ટતાનું રોપણ કુદરતથી કરવામાં આવ્યું હોય છે તેનો કેવળ આભાસ રહી જાય છે. જો આપણે તે શ્રેષ્ટતાને પુનઃ પ્રાપ્ત કરતા ઇચ્છતા હોઇએ તો આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યેક મનુષ્યની તરફ સહાનુભૂતિ રાખવી જોઇએ, હરેકનું હિત ઇચ્છવું જોઇએ, હરેકને યથાશકિત કોઇ પણ પ્રકારે સહાયભૂત થવા યત્નશીલ બનવું જોઇએ અને સર્વની સાથે નમ્રતાપૂર્વક વર્તવું જોઇએ.

## જૈનોની કેળવણી સંબંધી શોચનીય પરિસ્થિતિ સુધારવા સારૂ સરકારી કેળવણી ખાતાના અધિકારીઓ તરફથી સુચવવામાં આવતા ઉપાયો.

### કેળવણી માટે પ્રયાસ કરતા જૈન આગેવાનોની ફરજ.

મી. નરોતમદાસ. બી. શાહનો પત્ર.

મુંબઇ તા, ૧-૧૨-૧૯૧૮

મહેરબાન જાહેર કેળવણી ખાતાના અધિકારીની સેવામાં:—

સાહેબ,

'જૈન કોમમાં કેળવણી' એ નામનો મારો લેખ આ સાથે આપને મોકલવાની રજા લઉં છું. અને સાથે વિનંતી કરૂં છું કે જૈનોની કેળવણી સંબંધી પરિસ્થિતિ સુધારવા માટે તેમજ માધ્યમિક શાળાઓમાં અને કૉલેજોમાં અભ્યાસ ચાલુ રાખવામાં જૈન વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે કયા ઉપાયો વિશેષ યોગ્ય અને અસરકારક નીવડી શકશે તે સૂચવવાની કૃપા કરશો. આ સાથેના * આંકડાઓ ઉપરથી આપ જોઈ શકશો કે આખા મુંબઈ ઇલાકામાં માધ્યમિક શાળાઓમાં ભણતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર તેર ટકાજ છે, અને મુંબઇ ઈલાકાના કેટલાક ભાગમાં તો ઘણા ખરા જૈન વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ ભાગ્યેજ પ્રાથમિક શાળાથી આગળ ચાલુ રાખે છે.

મુંબઈ ઇલાકાના જુદા જુદા પ્રાંતોમાં જૈનોની કેળવણી સંબંધી પરિસ્થિતિ સુધારવામાં સહાયભૂત થવાના વિચારથી આપને આ પત્રમાં વિનંતી કરવાની તક લઉં છું કે હરેક સ્થળે ખરેખરા લાયક વિદ્યાર્થીઓને કૉલેજનો અભ્યાસ ચાલુ રાખવામાં ઉત્તેજન અને મદદ રૂપ થઇ પડે તેવાં વિદ્યાર્થીવેતનો (Scholarships) કેવા પ્રકારનાં સ્થાપવા જોઈએ તે સંબંધી આપનો અભિપ્રાય જણાવશો. જેથી

* નોટ—સરકૂ આંકડા આ માસિકના ફાગણ માસનાં અંકમાં પ્રકટ થયેલ છે. તે પર વાચક વર્ગનું ધ્યાન ખેંચવામાં આવે છે. માસિક—ઑફિસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને હું જૈન સંસ્થાઓને તેમજ કેળવણીના ઉત્કર્ષ માટે પ્રયાસ કરનાર શ્રીમંત જૈનોને કેળવણીનાં કાર્ય માટે તેઓની પાસે રહેલાં દ્રવ્યનો આપના અભિપ્રાય મુજબ સદુપયોગ કરવા માટે આગ્રહપૂર્વક વિનંતી કરી શકું. જેને માટે હું આપનો સદાને માટે અત્યંત આભારી રહીશ.

લી. હું છું.
આપનો આજ્ઞાંકિત સેવક.
**નરોત્તમ બી. શાહ.**

---

## મજકુર પત્રનો મુંબઇ ઇલાકાના જાહેર કેળવણી ખાતાના અધિકારી સાહેબ તરફથી આપવામાં આવેલો પ્રત્યુત્તર.

નં—૧૬૦૨૧
જાહેર કેળવણી ખાતાના અધિકારીની ઑફિસ.
પુના તા— ૧૦–૨–૧૯૨૦

મી. નરોત્તમ. બી. શાહ પ્રતિ.

સાહેબ,

તમારા તા. ૧ લી ડીસેમ્બર ૧૯૧૮ ના પત્રના જવાબમાં જણાવવાનું કે આ પત્રની સાથે મી. પી. લૉરી, મી. બી. એન. દેશાઇ, મી. એચ. એમ. મહેતા, તથા મી. એસ. એમ. દલાલના પત્રોની નકલો મોકલેલ છે, અને તેમાં મી. લૉરી તથા મી. દેશાઇના પત્રો તરફ તમારૂં ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. જેમના મત સાથે મહેરબાન કેળવણી ખાતાના અધિકારી સાહેબ પુરેપુરા સંમત છે.

( સહી ) બી. એન. દેશાઇ
જાહેર કેળવણી ખાતાના અધિકારી વતી.

---

## મધ્ય વિભાગના કેળવણી ખાતાના ઇન્સ્પેકટર મી. ઍફ. બી. પી. લૉરીનો અભિપ્રાય.

નં. ૮૮૩૧

મધ્ય વિભાગના કેળવણી ખાતાના ઇન્સ્પેકટરની ઑફીસ.
પુના તા. ૨૨–૧૨–૧૯૧૯

મહેરબાન જાહેર કેળવણી ખાતાના અધિકારી સાહેબની સેવામાં,

સાહેબ,

તમારા તા. ૨૩ ડીસેમ્બરના ૧૧૮૫૩ નંબરના પત્રના જવાબમાં હું આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પત્રની સાથે મુંબઇના કેળવણી ખાતાના માજી ઇન્સ્પેકટર મી. બી. એન. દેશાઇના પત્રની નક્કલ બીડું છું.

મી. ભીમભાઇની ટીકાઓ મુદ્દાસર અને જૈનોમાં કેળવણીની મુખ્ય ખામીઓ દર્શાવનારી છે એમ મારી માન્યતા છે. કેળવણીમાં જે ઘણીખરી ખામીઓ જોવામાં આવે છે તે સહકાર્ય અને હેતુસાધન વચ્ચેની બંધબેસતી બુદ્ધિપૂર્વકની ઘટનાના અભાવને આભારી છે એમ હું ધારૂં છું. મી. નરોતમ બી. શાહને મી. ભીમભાઇના પત્રની એક નકકલ મોકલવા મારી ભલામણ છે.

મારી બીજી ભલામણ એ છે કે જૈન લોકો વેપારી હોવાથી તેઓને મુખ્યત્વે કરીને માધ્યમિક કેળવણીની જરૂરીયાત છે. આ બાબત ધ્યાનમાં રાખીને મુંબઇની બાબુ પન્નાલાલ પુનમચંદ જૈન હાઇસ્કુલમાં શરૂઆતમાં અન્યભાષા તેમજ બીજા કેટલાક અઘરા અને બીનજરૂરી વિષયો કાઢી નાંખીને સ્હેલો અભ્યાસક્રમ ગોઠવવામાં આવ્યો હતો. એમ છતાં તેજ સ્કૂલમાં, મારા માનવા પ્રમાણે, હાલમાં ચાલુ રૂઢ થઇ ગયેલા અભ્યાસ ક્રમ મુજબ શિક્ષણ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમ કે જેમાં અન્યભાષા, બીજ ગણિત અને ભૂમિતિનો સમાવેશ કરવામાં આવેલ છે, તે ઘણા ખરા જૈન વિદ્યાર્થીઓને માટે તદ્દન પ્રતિકુળતા ભરેલો છે. તેથી મારી એવી સૂચના છે કે જે જૈન વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની કેળવણી લેવા માગતા હોય તેઓને માટે એ પ્રકારના શિક્ષણની ખાસ ગોઠવણ કરવી અને બીજા વિદ્યાર્થીઓને માટે આધુનિક વ્યવહારમાં ઉપયોગી થઇ પડે તેટલું અંગ્રેજી ભાષાનું જ્ઞાન તેમજ ભૂગોળનું અને ખાસ કરીને વેપારી ભૂગોળનું જ્ઞાન તેઓને મળી શકે તેવી જાતનો અંગ્રેજી અને માતૃભાષાનો સ્હેલો અભ્યાસક્રમ ગોઠવવો તે વધારે પસંદ કરવા લાયક છે કે નહિ તે વિષે વિચાર કરવાની જરૂર છે.

( સહી )—પી. લોરી.

મધ્ય વિભાગના કેળવણી ખાતાના ઇન્સ્પેકટર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १७ ] वीर संवत् २४४१, वैशाक. आत्म संवत् २४. [ अंक १० मो.

## श्री आदीश्वर स्तुति.

( સ્ત્રગ્ધરા )

ખીલેલાં પદ્મ જેવી સમરસસરમાં જેહની મુખ કાંતિ,
દેવો કેશં શિરોથી ચરણ યુગલ જેનું લજાવે રવિને;
ફેલાયે વૃષ્ટિ જેનાં સુવચનનીં બધે મેઘધારાનીં પેઠે,
તેવા આદિ પ્રભુને પ્રણમીં પ્રણયથી મોક્ષનો માર્ગ યાચું

V.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી ઉન્નતિ કેમ થઇ શકતી નથી ? તથા આપણી ઉન્નતિનો સંભવિત ઉપાય.

આપણામાં ગતાનુગતિકતા બહુ વધી ગઇ છે એટલે જે જે ક્રિયા ( ધર્મ કરણી ) કરવામાં આવે છે તેનો શાસ્ત્રોક્ત હેતુ કે પરમાર્થ સમજવાની બહુજ ઓછી દરકાર કરવામાં આવે છે, અને ઘણે ભાગે વગર સમજ્યે દેખાદેખી કંઇક ક્રિયાઓ કરાય છે તેથી તે તે ધર્મકરણી જોઇએ એવી કલ્યાણ સાધક થઇ શકતી નથી. વાતો ( મોટી મોટી ) કરવામાં આપણે શુરા છીએ ખરા, પણ આપણી ગંભીર ભૂલો સુધારવાની કશી દરકાર કરતા નથી એ ભારે ખેદની વાત છે. જો અંતર દૃષ્ટિ કરી જોવામાં આવે તો આપણે ઘાંચીના બળદની જેમ અંધ ગતિ કરી રહ્યા છીએ. એટલે ગમે તેટલું ચાલી મરીએ તો પણ ઠામના ઠામ. આવી ભયંકર દુ:ખદાયી સ્થિતિમાંથી આપણો ઉદ્ધાર શી રીતે થઈ શકે ? જોકે આપણ સહુને સુખ ગમે છે, દુ:ખ નથી ગમતું, પરંતુ સુખનો ખરો રસ્તો આદર્યા વગર અને દુ:ખનો માર્ગ તજયા વગર સાચું સુખ મળવાનું નથી અને દુ:ખ ટળવાનું નથી. સમર્થ શાસ્ત્રકારો કહે છે કે યથાર્થ શ્રદ્ધા ( સમ્યગ્ દર્શન ) યથાર્થ બોધ અને યથાર્થ ચારિત્ર ( સદ્‌વર્તન )નું બરાબર પરિપાલન કરવાથીજ સર્વ દુ:ખનો સર્વથા અંત આવી શકે છે અને અક્ષય અનંત શાશ્વત મોક્ષ સુખ મળી શકે છે. તે રત્નત્રયીનું આરાધન કરવાની વાત તો દૂર રહો પરંતુ પ્રથમ તેની પ્રાપ્તિ માટે યોગ્ય ( લાયક ) બનવા માટે વિનય, વિવેક, ન્યાય, નીતિ, ક્ષમા, સરલતા, સંતોષાદિક માર્ગાનુસારીપણાના ગુણનો પણ જ્યાં સુધી યોગ્ય આદર ન કરવામાં આવે અને ક્ષુદ્રતા–તુચ્છ દોષ દૃષ્ટિ પ્રમુખ દુર્ગુણો તજવામાં ન જ આવે ત્યાં સુધી સાચા સુખની પ્રાપ્તિ અને વિવિધપ્રકારનાં અનુભવવાં પડતાં દુ:ખનો અંત થવાની આશા શી રીતે રાખી શકાય ? જેમ મળ શુદ્ધિ કર્યા વગર લેવામાં આવતી ગમે તેવી કિંમતી દવા ગુણ કરતી નથી તેમ મૈત્રી, કરૂણા, મુદિતા અને મધ્યસ્થતાના સેવન વડે રાગ, દ્વેષ, અહંતા, મમતાદિક જડ ઘાલીને રહેલા દુષ્ટ વિકારો રૂપ આંતર મળની શુદ્ધિ કર્યા વગર ગમે તેવી ધર્મ કરણી દુ:ખ હરણી થઇ શકતી નથી. ઉત્તમ–હિતકારી વૈદ્યનાં વચનાનુસાર ઔષધ ઉપચાર કરવાથી જેમ ગમે તેવા હઠીલા વ્યાધિનો પણ અંત આવે છે તેમ રાગ, દ્વેષ અને મોહાદિક વિકાર માત્રથી સર્વથા મુક્ત થયેલા સર્વજ્ઞ પ્રભુની એકાન્ત હિતકારી આજ્ઞાને યથાર્થ રીતે અનુસરવાથી નિશ્ચે સકળ દુ:ખનો સર્વથા અંત આવી શકે છે. પોત પોતાના અધિકાર મુજબ શુદ્ધ રહેણી કરણી કરવા પુરૂષાર્થ ફોરવવાથી જ સર્વજ્ઞ પ્રભુની કે નિસ્પૃહી–નિર્ગ્રંથ–ગુરૂ મહારાજની પરમ હિતકારી

For Private And Personal Use Only

આજ્ઞા–શિક્ષાનું ઠીક પરિપાલન થઇ શકે છે. પરંતુ એકાન્ત હિતકારી દેવગુરૂની આજ્ઞાનો અનાદર કરી સ્વેચ્છા મુજબ ચાલનાર ગમે તેટલો બાહ્યાડંબર કરે છે તે તેને કેવળ કલેશ રૂપ થાય છે, આત્મ ઉન્નતિ કરવા ઇચ્છનારે સ્વેચ્છાચાર તજવોજ જોઇએ. મદ–ડેફ–રતિ તજવી જ જોઇએ. વિષય લાલસા, કષાય–અંધતા, આળસ એદીપણું અને નકામી કુથલીઓ કરવાની કુટેવને તિલાંજલિ આપવી જ જોઇએ. પોતાનામાં જડ ઘાલીને રહેલા અનેક દુર્ગુણોને ટાળવા તથા અનેકાનેક સદ્‌ગુણો પ્રાપ્ત કરવા અને ખીલવવા સતત પ્રયત્ન કરવોજ જોઇએ, તુચ્છ–ક્ષણિક સુખનો મોહ તજી, ખરા શાશ્વત મોક્ષ સુખ મેળવવાજ મથન કરવું જોઇએ. ગતાનુગતિકતા તજી પરમાર્થ દૃષ્ટિ આદરવી જોઇએ. મૈત્રી, કરૂણા, મુદિતા, અને મધ્યસ્થતા રૂપ સદ્‌ભાવનાથી સ્વ હૃદય કમળને સદાય વાસિત કરી રાખવું જોઇએ. ખરો હેતુ સમજી એક ચિત્તથી ધર્મકરણી યથાશકિત નિયમસર કરવી જોઇએ. ઉચ્ચ આદર્શ નજર આગળ રાખી, શાસ્ત્ર આજ્ઞાને માન આથી નમ્રપણે નિજ ઉન્નતિ સાધવા અને બની શકે તેટલું અન્ય જનોનું પણ હિત કરવા ખપી થવું જોઇએ. ઇતિશમ્.

લે–મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# પુરૂષની પંકિતમાં કોને ગણુવા ? એક પ્રશ્નનું સમાધાન.

" का हि पुंगणना तेषां येऽन्यशिक्षाविचक्षणाः । "
ये स्वं शिक्षयितुं दक्षा, स्तेषां पुंगणना नृणाम् ॥

**ભાવાર્થ**:—જેઓ અન્ય કોઇને યથેચ્છ શિખામણ દેવામાં શૂરા છે તેમને પુરૂષની ગણત્રીમાંજ 'કોણ ગણે છે ? શાસ્ત્રકાર કહે છે કે અમે એવા 'પરોપદેશે પાંડિત્ય' બતાવનારા શુષ્ક હૃદય વાળાઓને પુરૂષની પંકિતમાં લેખતાજ નથી. ફકત જેઓ પોતાની જાતનેજ કેળવવા–સુધારવા ચકોર ( સાવધાન ) રહે છે તેમનેજ અમે ખરા પુરૂષની ગણત્રીમાં ગણીએ છીએ. બીજાઓને નહીં

**પરમાર્થ**—આ અતિ ઉપયોગી ( મહત્ત્વ પૂર્ણ ) શ્લોકમાંથી કોઇ પણ આત્મકલ્યાણેચ્છુ જન ધારે તો બહુજ ઉંડું ( અર્થપૂર્ણ ) રહસ્ય પામી શકે એમ છે, માણસ ગમે તેવો બુદ્ધિશાળી હોય, શરીરે હૃષ્ટ પુષ્ટ ( નીરોગી ) હોય, લક્ષ્મી પાત્ર હોય અને વચન શક્તિવાળો પણ હોય, પરંતુ એ બધી બુદ્ધિ શકિતનો ઉપયોગ જયાંસુધી નિજ આત્મ કલ્યાણાર્થે કરવામાં ન આવે, કેવળ લોક રંજનાર્થે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા તુચ્છ મન: કામના પૂર્ણ કરવા માટેજ કરવામાં આવે તો તે બુદ્ધિ શક્તિની ઠીક સાર્થકતા લેખી શકાય નહીં.

રૂડી—નિર્મળી બુદ્ધિ પામીને સ્વપર, જડચેતન, હિતાહિત, કર્તવ્યાકર્તવ્ય ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય તથા ગુણ દોષની યથાર્થ વહેંચણ કરતાં શિખી ખરી વસ્તુને આદરવી અને ખોટી વસ્તુને તજી દેવી જોઇએ. રૂડી નીરોગિ કાયા પામીને તુચ્છ વિષયાદિક લાલસા તજી રૂડાં વ્રત-નિયમ આદરવા ખપ કરવો જોઇએ. રૂડી લક્ષ્મી લીલા પામીને પરોપકારાર્થે તેનો સદુપયોગ કરવો જોઇએ અને રૂડી વચન શક્તિ પામીને અન્ય પ્રાણીઓને પ્રીતિ ઉપજે તથા તેમનું હિત-શ્રેય-કલ્યાણ થાય તેવો તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઇએ. જેથી સ્વપર હિતની વૃદ્ધિ થાય તેવાં કાર્યમાં પ્રાપ્ત સાધનનો સદુપયોગ કરવા સાવધાન રહેવું જોઇએ.

ઇતિશમ્.

લે–મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# માનસિક અવસ્થાઓ.

ઘણા મનુષ્યો એમ સમજે છે કે આપણાં મનની સપાટી ઉપર જે કાંઇ વિચારો, ભાવનાઓ, કલ્પનાઓ, તર્કો આદિ છે તે સિવાય મનના અંત: ભાગમાં કશુંજ નથી. અને આપણાં મનમાં જે કાંઇ છે તે આપણાથી અજાણ્યું રહેતું નથી. જ્યારે કોઇ માણસ આપણને એમ કહે છે કે " હું અમુક વાત ભૂલી ગયો છું " ત્યારે આપણે એમ માનીએ છીએ કે હવે એ વાત તેની માનસસૃષ્ટિમાંથી વિછુટી પડી ગઇ છે, અથવા તે હવે તેનાં માનસબંધારણના વિભાગ તરીકે રહેવા પામી નથી. આપણને એમ જ માનવાની ટેવ પડી ગઇ છે કે આપણું મન અને તેના બધા પ્રદેશો આપણી જાણ બહાર નથીજ. તેના સર્વ ખુણા ખોંચરા " હું " ના પ્રકાશ વડે પ્રકાશિત છે અને જે કાંઇ પ્રકાશિત નથી તે આપણી મનોસૃષ્ટિમાંથી છટકી ગયું છે.

આ માનવું ખરૂં નથી. આપણાં માનસ બંધારણના જે ભાગનું આપણને અત્યારે ભાન છે તે તેના અખિલ બંધારણનો એક અલ્પ વિભાગ માત્ર છે. મનના આંતરપ્રદેશો આપણી વર્તમાન અવસ્થામાં આપણા "હું" નો વિષય બની શકતા નથી અને આપણું બાહ્ય મન ( outer consciousness ) એ તો અખિલ મનની સાથે સરખાવતા ફક્ત સેંકડે એક ટકા જેટલુંજ છે. Taine નામનો એક તત્વજ્ઞ ખરૂં કહે છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Mental events imperceptible to consciousness are far more numerous than the others and of the world that makes up our being, we only perceive the highest points—the lighted up peaks of a continent whose lower levels remain in the shade.

અર્થાત્—આપણા જ્ઞપ્તિપ્રદેશનો વિષય બની શકનારા માનસ વ્યતિકરો કરતાં અજ્ઞાત વ્યતિકરોની સંખ્યા ઘણી જ અધિક છે. આપણી જીવનસૃષ્ટિના ઉચ્ચતમ વિભાગો જ આપણી દૃષ્ટિમર્યાદામાં આવી શકે છે—એક મહાન્ પ્રદેશ જેની તળીઆની સપાટી અંધકારમાં રહે છે અને માત્ર ઉંચેના પ્રકાશિત શિખરો જ દેખાય તેના જેવી આપણા માનસપ્રદેશની પરિસ્થિતિ છે.

Liebnitz નામનો પંડિત પણ એજ મત દર્શાવતાં કહે છે કે:—

It does not follow that because we do not perceive thought, that it does not exist. It is a great source of error to believe that there is no perception in the mind but that of which it is conscious.

અર્થાત્—આપણે માનસ વ્યાપારને અનુભવી ન શકીએ એટલા માટે તેનું અસ્તિત્વ જ નથી એમ કહી શકાય નહીં. આપણા જ્ઞપ્તિપ્રદેશની સપાટી ઉપર છે તેથી અધિક આપણાં માનસબંધારણમાં નથી એમ માનવું એ ભ્રાન્તિનું મોટું ઉત્પત્તિસ્થાન છે.

સમર્થ કવિઓ, તત્વજ્ઞો, પ્રતિભાસંપન્ન પુરૂષો અને અપૂર્વકલ્પક મહાજનોની અદ્દભુત કૃતિઓનાં બીજ તેમનાં બાહ્ય મનની સપાટી ઉપર હોતા નથી. મનુષ્યનાં મનમાં શું છે તેની કોઇને ખબર પડતી નથી. મહાન લેખકોના વિચારો કાંઇ તેમનાં મનના જ્ઞપ્તિક્ષેત્ર ઉપર સમુદ્રમાં ફીણ તરે છે તેમ કાંઇ તરતા હોતા નથી. ઘણી વાર તેમને પોતાને પણ તેમનામાં શું છે અને કઇ ભાવના અક્ષરાત્મક રૂપે આવિર્ભાવ પામશે તેની ખબર હોતી નથી. Maudsley નામનો એક સમર્થ મનોતત્વવિદ્ ખરૂં કહે છે કે:—

"The best thoughts of an author are the unwilled thoughts which surprize himself; and the poet under the influence of creative activity, is so far as consciousness is concerned, being dictated to."

અર્થાત્—ગ્રંથકર્તા પોતાના સરસમાં સરસ વિચારોને કાંઈ સંકલ્પથી ઉપજાવી શકતો નથી. એટલે કે એ વિચારો તેના ધારવામાં પણ હોતા નથી. અને લેખકને પોતાને અજાયબીમાં નાખી દે છે. કવિ જયારે તેની ઉત્પાદક પ્રતિભાના આવેગને આધિન બનેલો હોય છે ત્યારે તેને કોઇ ઇતર સત્તા પ્રેરણા કરતી હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે-અર્થાત તે પ્રતિભાનાં અંકુર કાંઈ તેનાં બાહ્ય મનના ઉપરિ ભાગમાં ખુલ્લા પડેલાં હોતા નથી.

મનના આ અજ્ઞાત પ્રદેશ સંબંધી અનેક વિદ્વાનોએ પોતાનો અનુભવ ગ્રંથાકારે બહાર આણેલ છે, અને આજકાલ અનેક પ્રગતિશીલ મંડળોમાં એ વિષય વિજ્ઞાનની એક શાખારૂપે ગણાવા માંડયો છે, પરંતુ આ વિષય સંબંધે વૈજ્ઞાનિકોના અન્વેષણમાં એક મોટો દોષ એ રહી જાય છે કે તેઓ એ સર્વ માનસ અવસ્થાના આધાર રૂપે-એ સર્વ સ્થિતિઓના દૃષ્ટા રૂપે-જે આત્મતત્વ રહેલું છે તેનો આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી સ્વીકાર કરતા નથી એથી તેમનું મનોવિજ્ઞાનશાસ્ત્ર આપણી આર્ય ભાવનાને સંતોષ આપવા સમર્થ બનતું નથી. આ સ્થળે અમો અમારી આધ્યાત્મિક ભાવનાને સુરક્ષિત રાખીને, સર્વ અનુભવોના સાક્ષી અને સર્વ માનસ પ્રવૃતિઓને સાંકળનાર એક પરમ તત્વના સ્વીકાર પૂર્વક, મનના અજ્ઞાત પ્રદેશોમાં દૃષ્ટિપાત કરવાની પ્રગલ્ભતા કરીએ છીએ.

મનુષ્યનો આત્મા એ જીવનના અનંત મહાસાગરનું એક બિંદુમાત્ર છે. પ્રત્યેક આત્માનું જે પરમ લક્ષ્ય છે તે લક્ષ્ય-તે પરમ ધામ-પ્રતિ આપણે સર્વ કોઈ ગતિમાન છીએ. એ અચ્યુત ધામના પંથ ઉપર આપણે અનંત કોશ માપ્યા છે અને તે ધામમાં પહોંચતા પહેલાં આપણે એક એકથી ચઢીઆતી અનેક અવસ્થામાંથી પસાર થવાનું છે.

જે જે ભુમિકાઓમાં થઇને આત્મા પસાર થએલો છે એ સર્વ ભૂમિકાઓના વિશિષ્ટ લક્ષણો તેનામાં રહેલા છે. તેના પૂર્વના સર્વ અનુભવો અને જે જન સમુદાયનો તે એક વિભાગ છે તેના અનુભવો તેનામાં અવ્યકતપણે રહેલા છે. તેની મનોસૃષ્ટિમાં ગત અવસ્થાઓના ચિન્હો રહેલા છે એટલું જ નહિ પણ મનની જે શકિતઓ અને ભૂમિકાઓનું અત્યારે આપણા બાહ્યમનની સપાટી ઉપર સ્ફૂરણ સરખું પણ નથી તે શકિતઓ પણ ત્યાં સુપ્તાવસ્થામાં રહેલી છે. અત્યારે આપણને તેનું લેશ પણ ભાન નથી અને આપણી બુદ્ધિવૃત્તિ તેની સાથે સંબંધમાં નથી. જીવનની જે જે સ્થિતિઓ આપણે ભોગવી છે તેના વિશિષ્ટ લક્ષણો આપણામાં રહ્યા છે એ વાતથી આપણે ગભરાવાનું નથી. એ બધો માનસિક ખજાનો આપણને તેનો સદુપયોગ કરતા આવડે તો બહુ ઉપયોગી છે. "હું ના આધિપત્યતળે અને સંયમમાં રહેલી અધમાધમ વૃત્તિઓ પણ સુમાર્ગે યોજી શકાય છે. માત્ર અસંયમી અને નિર્બળ મનુષ્યોજ "અધમ વાસનાઓ" થી ડરે છે, કેમકે તેનો શું ઉપયોગ કરવો તેની તેને ગમ નથી. આપણા શાસ્ત્રકારોએ સંયમની જે સ્તુતિ અને ઉપયોગિતા ગાઇ છે તેનું કારણ આથી સ્પષ્ટ થવા યોગ્ય છે. અત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ વિષય સાથે આ લેખને અમો સંમિશ્રિત કરવા માગતા નહિ હોવાથી માનસિક અવસ્થાઓ સંબંધેજ અમારી ચર્ચા આગળ ચલાવીશું.

મનુષ્યનાં બંધારણમાં સ્થુલતમ કોશ તેનું પંચભૂતાત્મક શરીર છે. એ શરીરથી માંડી આપણે આપણું અન્વેષણ શરૂ કરીએ તો જોવામાં આવે છે કે શરીર એ જીવન-કણ ( Protoplasm ) નો સમુહ છે. આ કણો અસંખ્ય સૂક્ષ્મ અણુ પરમાણુઓના બનેલા હોય છે અને હવા, ઝાડ, ખડકો આદિમાં જે તત્વો હોય છે તેજ તત્વો આ જીવન-કણમાં હોય છે. આપણા આર્ય શાસ્ત્રો કહે છે કે જડ ભાસતા આ સર્વ અણુઓમાં જીવન રહેલું છે, અને જીવનને અંગે આવશ્યક રહેલું તત્વ એ એ અણુઓને હોય છે. જડ સૃષ્ટિમાં જે ગુરૂત્વાકર્ષણનો નિયમ પ્રતીત થાય છે, અને જેના વડે એક પ્રકારના અણુઓ અન્ય પ્રકારના અણુઓ પ્રત્યે સ્નેહાકર્ષણ અથવા વિદ્વેષ દર્શાવે છે તે એ અણુઓમાં રહેલા તે તત્વના પ્રભાવને લીધેજ હોય છે. ટુંકામાં કહીએ તો ગુરૂત્વાકર્ષણનો નિયમ એ એક માનસ પ્રવૃત્તિ છે, અને તેને અંગે રહેલા રાગ, દ્વેષ, ઇચ્છા, સંકલ્પ, કાર્ય, પ્રત્યુત્તર આદિ સંજ્ઞાઓનું પ્રાથમિક સ્ફુરણ છે. આથી મનુષ્યના દેહગત અણુઓમાં આ પ્રકારનું માનસ કાર્ય સતત ચાલ્યા જ કરે છે. શરીરમાં એક સમૂહરૂપે રહેલો પરમાણુસંઘાત એ પરસ્પરના સ્નેહભાવને લઈને જ એક બીજાને વળગી રહ્યો છે. એક પ્રકારના અણુઓ બીજા પ્રકારના અણુઓ ઉપર વિરોધી અસર ઉપજાવે છે તે પણ તે ઉભયમાં રહેલી જુદી જુદી સ્થિતિઓને લઈને જ છે. આપણું વૈદકશાસ્ત્ર પણ આજ સંભાવના ઉપર રચાએલું છે, અર્થાત ઔષધના અમુક અણુઓ શરીરમાં રહેલા અમુક અણુઓ સાથે અમુક ભાવથી જોડાશે એ સંભાવના ઉપર આયુર્વેદ રચાએલો છે. વિષયના અણુઓ એવા દ્વેષયુક્ત હોય છે કે બીજા જીવન-અણુઓ સાથે તે સંબંધમાં આવતા પ્રબળ વિરોધ ઉપજાવી તેમનામાં વિકાર ઉપજાવે છે અને સર્વને શિથીલ અને વિશીર્ણ કરી નાખે છે. મનુષ્ય સમૂહમાં જેમ નીચ, કુસંપી અને વિનાશક સ્વભાવના મનવાળા મનુષ્યો હોય છે અને જનસમાજમાં ઝેરનું કાર્ય કરે છે તેજ માફક અણુ પરમાણુઓમાં પણ તેમના સ્વભાવને લઇને ઝેરનું કામ કરનાર રહેલા હોય જ છે, જે અણુઓ ઉત્તમ હોય એવાજ અણુઓ આપણા શરીરમાં દાખલ કરવા અને બીજા અધમ અને વિપરીત અસર ઉપજાવનારા અણુઓનો બહિષ્કાર કરવાની શાસ્ત્રકારો, ભક્ષ્યાભક્ષ્ય વિવેક રૂપે જે અમૂલ્ય સૂચનાઓ આપણને આપતા રહ્યા છે તેની કિંમત આથી વાચકવર્ગને સમજાયા વિના રહેશે નહીં. વિષયાંતરનું જોખમ ખેડીને પણ આટલી વાત વાચક સમુદાય સમક્ષ મુકવી યોગ્ય ગણી છે. હવે આપણા મુખ્ય વિષય ઉપર આવીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યનાં બંધારણમાં આ અણુગત મન એ હલકામાં હલકું અને સૌથી પ્રથમ આવિષ્કારવાળું છે. મનની આ ભૂમિકા અત્યારે આપણા માનસ--સમુદ્રના છેક તળીએ રહેલી છે, અને તેથી તે આપણાં માનસ બંધારણનો વિભાગ હોવાનું આપણને સ્ફુરણ સરખું પણ હોતું નથી. મનુષ્યનું હાલનું વિકાસ પામેલું મન એક વખત આવી અણુ-ગત મનની સ્થિતિમાં હતું, હજી પણ તે અવસ્થાના અનુભવો અને વિશિષ્ટ લક્ષણો તેનામાં રહેલા છે. તેનાં બાહ્ય મનને તેના હોવાની કશી ખબર નથી, છતાં તે સબંધી તેના અજ્ઞાનને લઇને તેનાં અસ્તિત્વમાં કશો ફેર પડતો નથી.

હવે આવા મનસહિત અણુઓ જ્યારે ગુરૂત્વાકર્ષણના નિયમને લઈને અથવા કહો કે એ અણુગત મનના એક બીજા પ્રત્યેના સ્નેહભાવને લઇને-ભેગા થાય છે ત્યારે તે એક સરખા મનવાળા અણુઓની એક સંસૃષ્ટિ રૂપે, એક બીજાને ગાઢ આલિંગન આપીને સમૂહભાવે રહે છે. અત્યાર સુધી તે પ્રત્યેક અણુનું વ્યક્તિગત મન પોત પોતાની સ્વતંત્ર દિશામાં કામ કર્યે જતું હોય છે અને પોતાના કરતાં કોઇ બળવાનની સત્તા તળે આવેલું હોતું નથી. માત્ર સરખે સરખા ભેગા થઇને એક સ્વતંત્ર ગણ ( Commonwealth ) રૂપે રહે છે. પરંતુ આંહીથી એક નવો ફેરફાર-અદ્ભુત પરિવર્તન-શરૂ થાય છે. સાધારણ જનદૃષ્ટિને એમાં કશું અદ્ભુતપણા જેવું ભાસતુ નથી. પરંતુ અમે તો અનંત આશ્ચર્યમાં વિમુગ્ધ બની જઇએ છીએ. કેમકે જેનો ખુલાસો મનુષ્યની બુદ્ધિની બહાર છે, અને જેની અગમ્યતાને વિજ્ઞાન હજી ભેદી શક્યું નથી અને કદી ભેદવાનું પણ નથી તેમાં આશ્ચર્ય પામ્યા વિના કેમ રહી શકાય ? આ આશ્ચર્ય ઘટના તે શું છે તે હમણાજ અમે કહીશું. તે આ છે.

આ અણુઓનો સમનસ્ક સંઘાત એક વનસ્પતિના બળવત્તર અણુની અસર તળે આવે છે અને એ ઉદ્ભિજ, એ ભિન્ન ભિન્ન અણુઓમાં પોતાની બળવત્તર સત્તા વડે મહદ પરિવર્તન કરીને તેને પોતાના શરીરના બંધારણમાં ખેંચે છે. એક ખનિજના કટકાનું તે લીલી વનસ્પતિમાં રૂપાંતર કરી નાખે છે અને ઉચ્ચતર જીવન કણરૂપે તેને સ્વસત્તાથી પલટાવી નાખે છે. અકરણ ( inorganic ) દ્રવ્યને ખેંચીને તેને પોતાનાં દેહનાં બંધારણમાં સ્થાન લેવા માટે યોગ્ય બનાવવું એ એક પરમ આશ્ચર્ય ઘટના છે તે પરમાણુની અનંત શક્તિ સૂચવે છે. માટી અને છાણના અણુઓને બદલાવી નાખી તેની વનસ્પતિનાં દેહ રૂપે ઘટનાકરનાર સત્તા ખરેખર અગમ્ય છે. વૈજ્ઞાનિકો હજારો વર્ષ પર્યંત પોતાની પ્રયોગ શાળામાં છાણ અને માટીમાંથી વનસ્પતિ ઉપજાવવા પ્રયત્ન કરે તો પણ તે સર્વદા નિષ્ફળ જ રહેવાની. જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘટના વિશ્વમાં રહેલ પરમાણુ કરી શકે છે તે અમારા વૈજ્ઞાનિકથી કદી બનવાની નથી. એક વિજ્ઞાનવેત્તા આ સંબંધી મહત્ અન્વેષણ કર્યા પછી બોલી ઉઠયો હતો કે "Oh, mystery of the cell! The intellect of man is unable to duplicate this wonderful process. ( અહો, જીવન-કણુમાં કેવું અદ્ભુતપણું રહેલું છે ? મનુષ્યની બુદ્ધિ એ ચમત્કારિક ઘટનાને ઉપજાવવા નિતાન્ત અસમર્થ છે ). પરંતુ જે કૃતિ માટે મનુષ્યબુદ્ધિ નાલાયક છે તે કૃતિ માટે પરમાણુની અનંત શકિત સર્વથા યોગ્ય છે. કયા તત્વોને કેવી રીતે પોતાની શરીર-ઘટનામાં એકમેક કરવા તે તે બહુ સારી રીતે જાણે છે.

આ વાત બરોબર ધ્યાનમાં રાખવાની છે કે પ્રથમ એકજ જીવન કણુને ઉપજાવી કાઢી તેમાંથી અનંત જીવન કણોની સૃષ્ટિ ઘડે છે. કોઇ અદ્ભુત સત્તા વડે એ જીવન કણુ અમુક હદે વધ્યા પછી તેના બે કટકા થાય છે અને એ બન્ને જુદા જુદા સંવર્ધન પામે છે. ચોક્કસ હદે વધવા પછી પુનઃ તે દરેકના બે બે કટકા થાય છે અને પુનઃ તે પણ ચોકસ હદે આવ્યા પછી વિભકત થઈ જાય છે. એ પ્રમાણે એક જીવન-કણુમાંથી અનેકની ઉત્પત્તિ થઇ એક રોપો અથવા વૃક્ષ બંધાય છે. ઘાસથી માંડીને વડના ઝાડ સુધી એજ પ્રમાણે થઈને તે તે વનસ્પતિનો દેહ રચાય છે. વનસ્પતિમાં રહેલી મૈથુન સંજ્ઞાથી આ પ્રમાણે એકના બે અણુઓ અને બેના ચાર અને એમ અનંત પરંપરા ચાલ્યા કરે છે. પોતાની જાતિને ઉપજાવવામાં જેમ મનુષ્યોની સંભોગશક્તિની કૃતાર્થતા છે તેમ વનસ્પતિમાં પણ એક અણુ ફીટીને પૂર્વે જ્યાં એક હતું ત્યાં બે અણુઓનો સદ્ભાવ ઉપજાવી તેની મૈથુન સંજ્ઞાનું આપણુને દર્શન કરાવે છે.

મનુષ્યનું શરીર પણ આવીજ રીતે બંધાય છે. વૃક્ષોનાં સંવર્ધન અને મનુષ્ય શરીરનાં સંવર્ધનમાં કશોજ ભેદ નથી, કેમકે ઉભયનાં સંવર્ધન સબંધે એકજ પ્રકારનું કાર્ય થતું હોય છે. માતાના ગર્ભમાં બાળકનુ શરીર જે પ્રકારે રચાય છે તે અને એક રોપાનાં શરીરની રચના બરોબર એક સરખી છે. તફાવત એટલો જ છે માતના ગર્ભમાં બાળક જે પોષણુ મેળવે છે તે માતાનાં રક્તમાંથી મેળવે છે અને રોપાનું શરીર ખનિજના પરમાણુંઓને પોતાનાં બંધારણુમાં એક રસ કરી તેના વડે વૃદ્ધિ પામે છે.

કુદરતમાં જ્યાં જ્યાં સંવર્ધન, અભિવૃદ્ધિ, અને રચનાત્મક-કાર્ય જોવામાં આવે છે ત્યાં ત્યાં અવશ્ય આમ હોય છે. કેમકે કુદરતની સંવર્ધન શકિતનો ભંડાર વનસ્પતિ તત્વમાં હોય છે. મનુષ્યો સીધી યા આડકતરી રીતે વનસ્પતિના ખોરાક ઉપરજ જીવી શકે છે. જો તેઓ સીધી રીતે વનસ્પતિનો આહાર લે તો તેમનું જીવન-કાર્ય કુદરતના નિયમને અનુસરતું અને સરલ પ્રકારે ચાલે છે, પરંતુ જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આડકતરી રીતે, અર્થાત પશુ-પક્ષીનો આહાર કરી અને તેમના વનસ્પતિ વડે પોષાયેલા શરીરને પોતાનાં શરીરમાં દાખલ કરી તે દ્વારા વનસ્પતિનું તત્વ દાખલ કરે તો તેમને જોઈએ તેટલું જીવન-બળ મળતું નથી. અને માત્ર પશુ પક્ષીને સ્વાભાવિક સંસ્કારો અને વિકારોનું પ્રબળપણું તેમનાં મનમાં જામે છે. વનસ્પતિ અહાર માંસાહાર કરતાં શ્રેષ્ટતર છે એ માત્ર ધર્મદૃષ્ટિએજ છે તેમ નથી. પરંતુ કુદરતના મહા નિયમની દૃષ્ટિએ પણ છે તે આથી સમજાય તેમ છે. માંસાહાર દ્વારા જે પોષણ મળે છે તે પણ વનસ્પતિનુંજ પોષણ છે. કેમકે તે પશુઓએ વનસ્પતિ ખોરાક લઇ પોતાનું શરીર પોષ્યું હોય છે અને તેથી તેમનાં શરીરમાં વનસ્પતિના કાંઇ કાંઈ તત્વો અવશિષ્ટ હોય છે. માંસાહારી પશુઓનું માંસ કાંઈ ઉપયોગમાં નથી એનું કારણ એજ હોય છે કે તેમાં કાંઇ પોષણ હોતું નથી. અને પોષણ નહી હોવાનું કારણ એજ કે તેમણે વનસ્પતિમાંથી સીધું પોષક તત્વ મેળવ્યું હોતું નથી, પરંતુ કોઈ પશુનાં શરીર વડે જીવન નભાવ્યું હોય છે.

રા. અધ્યાયી. ( અપૂર્ણ. )

# દુ:ખદ પ્રસંગોમાંથી બોધગ્રહણ.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

દુ:ખ, શોક અને અશાંતિ આ જીવનની સાથેજ લાગેલા છે. દુનિયામાં એવો કોઇ પણ મનુષ્ય નથી કે જેનાં હૃદયમાં કદિ પણ દુ:ખનો કાંટો ન લાગ્યો હોય, જે કોઇ દિવસ આપત્તિના ઉંડા સમુદ્રમાં પડયો ન હોય અને જેણે કદિ અસહ્ય દુ:ખના ઉષ્ણુ અશ્રુ ન પાડ્યાં હોય. એવું એક પણ ઘર નથી કે જ્યાં રોગ અને મૃત્યુ રૂપી ભયંકર શત્રુઓએ પ્રવેશ ન કર્યો હોય અને એક હૃદયને બીજા હૃદયથી વિખુટા પડવાનાં દુ:ખ અને શોકની અંધકારમય છાયા ફેલાઈ ન રહી હોય. સંસારમાં જેટલા પ્રાણીઓ છે તે બધા થોડા ઘણા દુ:ખમાં હમેશાં ગ્રસિત થયેલા હોય છે. સર્વને કોઇને કોઈ પ્રકારનું દુ:ખ હોય છે.

આ દુ:ખદ પ્રસંગોમાંથી છુટકારો મેળવવા માટે અથવા તેને કોઇ પણ પ્રકારે ઓછા કરવા માટે લોકો અનેક તરેહના ઉપાયો યોજે છે અને સુખપ્રાપ્તિને માટે ભિન્ન ભિન્ન માર્ગોનું અવલમ્બન ગ્રહે છે. કોઈ વિષયવાસનામાં સુખ માને છે. કેટલાક લોકો જીવ્હાના સ્વાદમાં આનંદ માને છે. અનેક મનુષ્યો ધન સંપત્તિ અને માન મર્યાદાને દુનિયાની સર્વ વસ્તુઓથી ઉત્તમ સમજે છે અને રાત્રિ દિવસ તેની પ્રાપ્તિને માટે ઉદ્યમ કરવામાં પ્રવૃત્તિ રહે છે. કેટલાક લોકો એવા પણ હોય છે કે જેઓ ધાર્મિક કાર્યોના અનુષ્ઠાનમાં જ સુખ માને છે. કહેવાની મતલબ એ છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યેક મનુષ્ય પોતપોતાના વિચારાનુસાર ભિન્ન ભિન્ન વાતોમાં સુખ સમજે છે અને તે દ્વારા સાંસારિક દુઃખોથી મુક્ત થવાની અને સુખ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખે છે.

થોડા સમય માટે એમ જણાય છે કે જે સુખ પ્રાપ્ત કરવા માટે મનુષ્યે આટલો બધો શ્રમ લીધો હોય છે તે તેણે પ્રાપ્ત કર્યું હોય છે, તેનો આત્મા એ સુખમાં નિમગ્ન બની ગયો હોય છે અને ક્ષણભર તો તે પોતાના સઘળાં કષ્ટોને વિસરી ગયો હોય છે. પરંતુ અફસોસની વાત છે કે તરત જ કોઇ રોગ અથવા શોકનું તેના ઉપર આક્રમણ થાય છે, અથવા કોઈ ભારે અકસ્માત તેના ઉપર આવી પડે છે જે તેનાં કલ્પિત સુખનો સર્વથા નાશ કરી મુકે છે. એ રીતે મનુષ્યનાં પ્રત્યેક સુખને વિધ્વંસ કરવા માટે કોઈ દુઃખદ પ્રસંગની તીક્ષ્ણ તલવાર તેનાં મસ્તક ઉપર લટકતી જ રહે છે અને જે મનુષ્ય જ્ઞાનશૂન્ય દશા ભોગવતો હોય છે તેના પર તે તલવાર પડે છે અને તેના આત્માને અધોગત બનાવે છે.

જુઓ, બાળક એમ ઇચ્છે છે કે હું એકદમ મોટો થઇ સ્ત્રી વા પુરૂષ બની જઉં. સ્ત્રી પુરૂષો પોતાનાં બચપણનાં સુખોનું સ્મરણ કરે છે. નિર્ધન મનુષ્ય હમેશાં પોતાની નિર્ધન દશાનાં બંધનમાં જકડાયલો રહે છે અને ધનવાન મનુષ્યને હમેશાં દરિદ્ર બની જવાનો ભય રહ્યા કરે છે, અથવા તે કોઇ કાલ્પનિક સુખની ઈચ્છાથી સંસારમાં ભમ્યા કરે છે. કોઇ કોઇ વખત આત્માને એવો અનુભવ થવા લાગે છે કે અમુક ધર્મ વા અમુક સિદ્ધાંતનો સ્વીકાર કરવાથી અથવા અમુક આદર્શને હૃદયમાં સ્થાપિત કરવાથી અક્ષય સુખ અને શાંતિની પ્રાપ્તિ થઇ ગઇ છે, પરંતુ પાછળથી કોઇ ભારે લોભ વા લાલચને વશ બની ગયેલા આત્માને એજ ધર્મ અસત્ય અને અપૂર્ણ પ્રતીત થવા લાગે છે, એજ સિદ્ધાંત નિરર્થક જણાય છે અને એજ આદર્શ કે જેની કાલ્પનિક મૂર્તિની તે વર્ષો થયાં ભક્તિ અને ઉપાસના કરી રહ્યો હતો તે ક્ષણવારમાં છિન્નભિન્ન થઇ નીચે પડી જાય છે.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે એ દુઃખ અને શોકથી છુટકારો પામવાનો કોઇ ઉપાય છે કે નહિ ? શું એવાં કોઇ સાધનો નથી કે જેનાથી આપત્તિનું બંધન તોડી શકાય ? શું અક્ષય સુખ અને શાંતિના વિચાર કરવા એ અજ્ઞાનતા છે ? આ પ્રશ્નોનો જવાબ એજ કે સ્વતુતઃ એવું કાંઇ નથી. ફક્ત એક જ ઉપાય છે કે જેનાથી હમેશાં દુઃખ, રોગ અને શોકનું કાળું મ્હોં કરી શકાય છે, નિર્ધનતાનું ઉન્મૂલન કરી શકાય છે અને એવા અક્ષય અનંત સુખની સંપ્રાપ્તિ થઇ શકે છે કે પછી ફરી નિર્ધનદશાનો ભય જ રહી શકતો નથી. તે ઉપાય એ છે કે પહેલાં દુઃખદ પ્રસંગોનું યોગ્ય જ્ઞાન મેળવવું જોઇએ તેમજ તેનું મૂળ કારણ શોધી કાઢવું જોઇએ.

દુઃખદ પ્રસંગોને ભૂલી જવા અથવા તો તેનાથી બેશુદ્ધ બની જવું તે ઠીક નથી. પરંતુ તેને સારી રીતે સમજવા યત્ન કરવો જોઈએ એ જ જરૂરનું છે. પ્રાયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને એવું જોવામાં આવે છે કે મનુષ્યો આપત્તિના પ્રસંગે ઇશ્વરારાધન કરવા લાગે છે કે જેથી કરીને ક્લેશ દૂર થઈ જાય. એ ઠીક છે. પરંતુ આવશ્યક તો એ છે કે તેણે જાણવું જોઇએ કે મારા પર કેવા પ્રકારની વિપત્તિ આવી પડી છે અને મારે તેમાંથી શું બોધ ગ્રહણ કરવો જોઇએ. જે બંધનોમાં તમે જકડાઇ ગયા હો તેના પર ક્રોધાયમાન થવું અથવા ગ્હીડાઇ જવું તે વ્યર્થ છે. તમારે માટે એટલુંજ યોગ્ય છે કે તમે શું કારણથી અને કેવી રીતે એ બિપત્તિ–જાળમાં આવી પડયા છો તે શોધી કાઢવું જોઇએ. જેથી કરીને તમે તમારી પોતાની સ્થિતિને સારી રીતે વિચાર કરી સમજવા યત્ન કરી શકો.

તમારે અનુભવની પાઠશાળામાં હઠીલા બાળકની માફક રહેવું જોઇએ નહિ, પરંતુ જે જે બોધક પાઠો તમારા હિત માટે અને તમને ઉચ્ચ તથા ઉન્નત અવસ્થાએ પહોંચાડવા માટે આપવામાં આવે છે તે સઘળા પાઠો તમારે સંપૂર્ણ નમ્રતા અને ધૈર્ય સહિત શીખવા જોઇએ; કારણ કે વિચાર કરવાથી તમને માલુમ પડશે કે દુઃખ વા આપત્તિ આ સંસારમાં અનંત કે અપરિમિત શકિત નથી, પરંતુ માનષી અનુભવની એક ક્ષણિક અવસ્થા માત્ર છે અને તે કારણથી જે લોકો શીખવાની ઇચ્છા રાખે છે તેઓ તેને ગુરૂ તુલ્ય ગણે છે. સંસારમાં દુઃખ યાને આપત્તિ તમારાથી કોઇ પૃથક્ વસ્તુ નથી, પરંતુ તમારાં હ્રદયનો એક અનુભવ છે અને જ્યારે તમે ધૈર્યપૂર્વક તમારાં હ્રદયની સારી રીતે પરીક્ષા કરશો અને તેને સન્માર્ગ પર લાવશો ત્યારે વિપત્તિ શા માટે અને કેવી રીતે આવી પડી છે તે વાતનું તમને રહસ્ય સમજાશે અને તમે તેનો જડમૂળથી નાશ કરી શકશો.

પ્રત્યેક દુઃખ અને વિપત્તિને દૂર કરી શકાય છે, તેથી તે કયાંય હમેશને માટે રહી શકેજ નહિ. દુઃખનું મૂળ અજ્ઞાનતા છે, અર્થાત્ સંસારના પદાર્થોને અને તેના પરસ્પર સંબંધને સારી રીતે ન સમજવા તે જ મૂર્ખતા છે. જ્યાં સુધી આપણામાં આ પ્રકારની અજ્ઞાનતા રહેલી છે ત્યાં સુધી આપણે વિપત્તિના દાસ બની રહીએ છીએ. સંસારમાં જેટલા દુઃખદ પ્રસંગો ઉત્પન્ન થાય છે તે બધાનું કારણ અજ્ઞાનતા છે. જો મનુષ્ય દુઃખદ પ્રસંગોમાંથી બોધ ગ્રહણ કરે તો તેને કંઈક જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે અને દુઃખો પણ સ્વયમેવ દૂર થઇ શકે છે, પરંતુ પ્રાયઃ લોકો વિપત્તિથી બોધ ગ્રહણ નથી કરતા, તેને લઈનેજ વિપત્તિ તેનો પીછો છોડતી નથી અને તેઓ વિપત્તિમાંજ સદાકાળ ગ્રસિત રહે છે. એક બાળકને જ્યારે તેની માતા રાત્રે સુવા માટે લઈ જતી હતી ત્યારે તે દીપકની સાથે રમવા માટે ઘણુંજ રડવા લાગ્યું. પછી તેની માતા તેને એકલો મુકીને થોડા વખતને માટે બહાર ગઇ ત્યારે તે બાળકે અજ્ઞાનતાને લઈને દીપકને હાથમાં પકડી લીધો. પરિણામ જે બનવું જોઇએ તેજ બન્યું. બાળકનો હાથ બળી ગયો. પરંતુ તે દિવસ પછી કદાપિ બાળકે દીપકની સાથે રમવાની ફરી ઈચ્છા કરી નહિ. ઉક્ત બાળક પોતાની અજ્ઞાનતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઈને આજ્ઞાપાલનનો પાઠ શીખી શક્યો અને તેને એ પણ જ્ઞાન થયું કે અગ્નિનો ગુણ બાળવાનો છે. આ પ્રકારની એક ઘટનાથી દુઃખદ પ્રસંગોના ગુણ, સ્વભાવ, અને અંતિમ પરિણામનું જ્ઞાન થઇ જાય છે, જેવી રીતે ઉક્ત બાળકે અગ્નિના ગુણની અનભિજ્ઞતાને લઇને દુઃખ વ્હોરી લીધું તેવી જ રીતે મોટાં બાળકો પણ એ કારણથી જ દુઃખ વ્હોરી લે છે. જે વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે તેઓ અથાગ પરિશ્રમ કરે છે તેના ગુણ અને સ્વભાવથી તેઓ અપરિચિત હોય છે, જેથી કરીને તે વસ્તુઓ તેઓ મેળવે છે તો પણ તેઓને લાભ કરતાં હાનિ વિશેષ થાય છે. મોટાં બાળકોમાં દુઃખ અને અજ્ઞાનતા સજ્જડ અને ગૂઢ રહેલા હોય છે. એટલોજ ફક્ત તફાવત છે.

હમેશાં દુઃખને અંધકારની સાથે અને સુખને પ્રકાશની સાથે સરખાવવામાં આવે છે અને આ સરખામણીમાં ગુપ્ત રહસ્ય રહેલું છે. મૂળ વાત એ છેકે જેવી રીતે પ્રકાશ આખા જગતમાં ફેલાઇ રહે છે અને અંધકાર એક નાનાં બિંદુ સમાન છે અથવા કોઇ નાનાં પદાર્થની છાયા છે કે જે અનંત પ્રકાશનાં કિરણોને રોકી દે છે, તેવી રીતે ઉત્કૃષ્ટ સુખનો પ્રકાશ એક નિશ્ચિત અને જીવનપદ શક્તિ છે જે આખા સંસારમાં ફેલાઇ રહે છે અને દુઃખ એ આપણી પોતાની જ તુચ્છ છાયા માત્ર છે જે પ્રકાશનાં કિરણોને અંદર પ્રવેશ કરવા દેતી નથી. જ્યારે રાત્રિ પડે છે ત્યારે સંપૂર્ણ સંસાર અંધકારમય બની જાય છે. ગમે તેટલો અંધકાર હોય તો પણ તે પૃથ્વીના એક થોડા ભાગને ઢાંકી દે છે, બાકી સર્વગ પ્રકાશ જ રહે છે અને સૌ કોઇને એ વાત પણ જ્ઞાત રહે છે કે પ્રાંતઃકાળમાં પ્રકાશ પ્રસરી રહેશે. તે મુજબ જ્યારે દુઃખ, શોક અને વિપત્તિની અંધકારમય રાત્રિ તમારા આત્માને આવૃત કરે છે અને તમે અનિશ્ચિત માર્ગમાં ઠોકર ખાતાં ફર્યા કરો છો ત્યારે તમે તમારી પોતાની ઇચ્છાઓને તમારા હર્ષ અને આનંદના અપરિમિત પ્રકાશની વચમાં નાંખો છો અને જે કાળી છાયા તમને આવૃત કરે છે તે તમારી જ પ્રતિ છાયા છે, બીજા કોઇની નથી. જે પ્રમાણે બાહ્ય અંધકાર કોઇ વાસ્તવિક પદાર્થ નથી, તેમજ તે ક્યાંયથી આવતો નથી અને કયાંય જતો નથી અને તેનું કોઇ સ્થાયી સ્થાન નથી તેજ પ્રમાણે આંતરિક અંધકાર કોઇ વાસ્તવિક પદાર્થ નથી, પરંતુ સ્વયં પ્રકાશમાન આત્માપર તે એ પ્રમાણે પ્રસરી રહે છે.

અત્ર કોઇ એમ પ્રશ્ન ઉઠાવે કે કેટલાક મનુષ્યો વિપત્તિના અંધકારમાં શા માટે પડયા રહે છે ? આનો ઉત્તર એ છે કે અજ્ઞાનતાને લઈને તેઓએ એમ કરવાનું પસંદ કર્યું હોય છે. આમ કરવાથી તેઓને સુખ અને દુઃખનું યથાર્થ જ્ઞાન થઈ જાય છે અને પછી દુઃખમાં પડવાથી સુખને વધારે પસંદ કરવા લાગે છે. દુઃખદ પ્રસંગોની ઉત્પત્તિ અજ્ઞાનતામાંથી જ થાય છે, તેથી જ્યારે તમને દુઃખનું યથાર્થ જ્ઞાન થશે ત્યારે અજ્ઞાનતા સ્વયમેવ દૂર થઇ જશે અને તેનાં સ્થા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમાં જ્ઞાનનો પ્રકાશ પ્રસરી રહેશે. પરંતુ જેવી રીતે એક અવજ્ઞાકારી વિદ્યાર્થી પોતાના પાઠ યાદ કરતો નથી તેવી રીતે એ પણ સંભવિત છે કે તમે અનુભવથી બોધ ગ્રહણ ન કરો અને સદૈવ અંધકારમાં પડયા રહો અને રોગ, શોક તથા નિરાશાના રૂપમાં શિક્ષા ભોગવો. આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે જે લોકો પોતાની જાતને વિપત્તિથી મુકત કરવા ઇચ્છા રાખે છે તેઓએ દુઃખદ પ્રસંગોમાંથી બોધ ગ્રહણ કરવાને માટે સદૈવ તૈયાર રહેવું જોઈએ અને એવી રીતે વર્તવું જોઇએ કે જેથી તેઓને જ્ઞાન, સુખ અને શાંતિની સંપ્રાપ્તિ થઇ જાય.

જેવી રીતે કોઇ માણસ અંધારી કોટડીમાં રહીને એમ કહેવા લાગે કે પ્રકાશ છે જ નહિ તેવી રીતે તમે સત્યતાના પ્રકાશને તમારી અંદર ન આવવા દો તે પણ સંભવિત છે. પરંતુ એથી ઉલ્ટું, જેવી રીતે કોઇ માણસ અંધારી કોટડીમાં રહીને પણ બહારના પ્રકાશનો ઇનકાર કરતો નથી તેવી રીતે તમે તમારી આસપાસ મોહ, માયા, સ્વાર્થ, અજ્ઞાન અને પક્ષપાતની દિવાલો બનાવી રાખી છે તેને તમે ખસેડવા લાગો અને જ્ઞાનના સર્વવ્યાપી પ્રકાશને અંદર પ્રવેશવા દો. તે પણ બની શકે તેવી બાબત છે.

તમારા સ્વાનુભવથી એટલું સમજવાની કોશીશ કરો કે દુઃખદ પ્રસંગો માત્ર થોડા દિવસને માટે ઉપસ્થિત થાય છે અને તેના ઉત્પાદક તમે પોતે જ છો, તેમજ તમે જે જે દુઃખદ પ્રસંગોમાં આવી પડો છો તે એક ચોક્કસ નિયમ અનુસાર બને છે. ઉપરોકત વાત કાલ્પનિક નથી, પણ વાસ્તવિક છે એમ જરૂર માનો દુઃખદ પ્રસંગોની તમારે જરૂર છે અને તમે એને યોગ્ય છો; કારણ કે તે સર્વ સહન કરવાથી તેમજ તેને સારી પેઠે સમજવાથી તમે અધિક બળવાન, વિદ્વાન અને વિવેકી બની જશો. જ્યારે તમને તેનું યથાર્થ જ્ઞાન થશે ત્યારે તમે પોતે તમારી પોતાની દશાને સુધારી શકશો, દુઃખોને સુખોમાં પરિણત કરી શકશો અને તમારા જીવનને વાસ્તે આવશ્યક સામગ્રી સંગ્રહી શકશો.

# જૈન કોમમાં કેળવણી.

## સરકારી કેળવણી ખાતાના ડેપ્યુટી ઇન્સ્પેકટર મી. બી. એન. દેશાઇનો અભિપ્રાય.

નં૦ ૨૮૦૫
મુંબઈ તા. ૪–૩–૧૯૧૯.

**મધ્યવિભાગના કેળવણી ખાતાના મહેરબાન ઇન્સ્પેકટર સાહેબ પ્રતિ.**
**સાહેબ,**

આપના તા. ૫ મી ફેબ્રુવારીના ૧૨૫૬૭ નંબરના પત્રના જવાબમાં લખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનું કે આ સાથે ચાર અધિકારીઓના અભિપ્રાય મોકલું છું. મારો પોતાનો અભિપ્રાય નીચે મુજબ છે.

૧ હિન્દુસ્તાનમાં કુલ ૧૨૪૮૧૮૨ જૈનો છે. અને નિશાળોમાં ભણુતા પાંચથી પંદર વર્ષની ઉમરના જૈન બાળકોની સંખ્યા ૪૦૨૫૩ છે એમ તે છાપેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે. આ આંકડા સંતોષજનક નથી. તેથી પ્રાથમિક કેળવણીના પ્રસાર અને વિકાસ માટે ઘણું કરવાની જરૂર છે.

૨ પ્રાથમિક શાળામાં ભણુતા જૈન બાળકોમાંથી બારતેર ટકા વિદ્યાર્થીઓ માધ્યમિક શાળામાં ભણે છે. સઘળી જ્ઞાતિઓમાં કેળવણીનું ભેગું પ્રમાણુ કાઢી જોતાં આ ટકા કંઇક વધારે જણાશે. છતાં તે પ્રમાણુ આપણે ધારીએ તેટલું ઉંચું ન હોય તો તેનું મુખ્ય કારણું ગરીબાઇ અથવા તો યોગ્ય સાધનોનો અભાવ છે એમ નથી. કેમકે તેને પહોંચી વળવા માટે જૈન કોમ તરફથી જુદા જુદા અનેક ફંડો ઉઘાડવામાં આવ્યા છે; પરંતુ તેનું ખરૂં કારણુ એ છે કે જીંદગીનો એકતરફી વિચાર કરવાનાં પરિણામે કેળવણીની યોગ્ય કદર થતી નથી.

૩ જુદા જુદા જીલ્લાની વસ્તીના આંકડા આપેલા નહિ હોવાથી ત્રીજાં પાનાં ઉપર છાપેલી હકીકત નિરૂપયોગી છે, કેમકે કયા કયા જીલ્લાના જૈનો કેળવણીમાં પછાત છે તે તેનાથી જાણી શકાતું નથી.

૪ મુંબઇ ઇલાકામાં અમદાવાદ અને મુંબઇ જૈન કોમના મુખ્ય કેંદ્રસ્થાન છે. ત્રણ વર્ષ કરતાં વધારે મેં અમદાવાદમાં ઇન્સ્પેકટર તરીકે કાર્ય કર્યું છે અને લગભગ ત્રણ વર્ષ થયાં મુંબઇમાં પણ ઇન્સ્પેકટર તરીકે કાર્ય કરૂં છું. તે દરમ્યાન મેં એવો એક પણ દાખલો જોયો નથી કે જેમાં કોઇ ખરેખરી રીતે લાયક જૈન વિદ્યાર્થીને નીચે જણાવેલા ચારમાંથી કોઇ પણ માર્ગથી જરૂરી આર્થિક મદદ નહિ મળી શકવાથી અભ્યાસ તજી દેવો પડયો હોય. (૧) માબાપ (૨) વાલી (૩) મિત્ર (૪) મંડળ અથવા સંસ્થા. મારી આ માન્યતા કદાચ ખોટી હોય, પરંતુ લાંબા વખતના અનુભવથી અને પરિચયથી મારી માન્યતા એવી બંધાઇ ગઇ છે કે જરૂર કરતાં વધારે પૈસા ખર્ચાયા છે. તેમજ (૧) અજ્ઞાન, (૨) ભિન્ન અનુભવ (૩) સહકાર્યનો અભાવ અને (૪) સંસ્થાઓના બહુત્વને લઇને પૈસાનો ઘણો દુરૂપયોગ થયેલ છે.

૫ મારા નમ્ર મત પ્રમાણે તો આખી કોમને તેની અત્યારની જરૂરીયાતોનું ભાન કરાવવું જોઇએ. મને લાગે છે કે તેઓ પણ બીજી કોમોની માફક જ્ઞાતિના દુષ્ટ રિવાજો રૂપી સાંકળોથી મજબૂત જકડાયલા છે. અને મારા ધારવા પ્રમાણે આ કરતાં વધારે પ્રબળ જુલમ બીજો કોઇ છે જ નહિ અને હતો પણ નહિ. અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનું પરિણામ એ આવ્યું છે કે (૧) પ્રજાનાં શરીર દુર્બલ બનતા જાય છે, (૨) બાળવિધવાઓની સંખ્યામાં વધારો થતો જાય છે (૩) જેના ઉપર આરોગ્ય અને જીવનનો આધાર છે તે હમેશનાં જીવનના સંબંધમાં પણ સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરવામાં આવતો નથી (૪) દ્રવ્ય સંચય માટે હદ વગરની લાલસા જોવામાં આવે છે. આ ઉપરાંત બીજી આગળ વધેલી કોમ કરતાં જૈન કોમમાં મરણ પ્રમાણ વધારે જોવામાં આવે છે.

૬ હું મુંબઈમાં રહ્યો તે દરમ્યાન મેં જૈન સંસ્થાના સંચાલકો સાથે વિચાર વિનિમય-કર્યો છે તેમજ જાહેર સભામાં ભાષણો આપ્યા છે. અહિંઆ મેં જૈન લોકો સમક્ષ લગભગ દશ ભાષણો આપ્યા છે. ભાષણો કેવા કેવા વિષય ઉપર આપ્યા હતા તે નીચેની ચાર નોંધ ઉપરથી સમજી શકાશે. (૧) માબાપ અથવા વાલીને સૂચનાઓ (૨) વેવિશાળ અને લગ્ન (૩) આદર્શ સુખી જીવન (૪) અંધ અનુકરણ.

મી. નરોતમ બી. શાહની ઇચ્છા હશે તો હું મારો અનુભવ અને મારા વિચારો તેમની પાસે ઘણી ખુશીથી રજુ કરીશ.

૭ ( અ ) તેમને મારી એટલી ભલામણ છે કે એક એવું મંડળ સ્થાપવું કે જેથી કરીને કોમના જુદા જુદા ફિરકાની સંસ્થાઓ ( નિશાળો અને છાત્રાલયો ) કરકસર અને સહકાર્યના હેતુથી એક સામાન્ય મંડળની દેખરેખ નીચે લાવી શકાય. અને આ હેતુ ધ્યાનમાં રાખીને ( બ ) એક સારા પગારવાળો એજન્ટ, સેક્રેટરી અથવા ઇન્સ્પેક્ટર નીમવો ( ૧ ) જે બધી સંસ્થાઓની વર્તમાન સ્થિતિનો અભ્યાસ કરે. ( ૨ ) જે તે સંસ્થાઓના સંચાલકોને મળીને તેની સુધારણા અને ઉન્નતિ માટે ઘટતી સૂચનાઓ કરે. ( ૩ ) જે સમાજહિત, કેળવણી, અને આરોગ્ય સંબંધી અને આર્થિક વિષયો ઉપર ભાષણો આપે. ( ૪ ) અને પોતે આખા અઠવાડીયામાં જે કાંઇ કાર્ય કર્યું હોય, જે કાંઇ પ્રવૃત્તિ કરી હોય, તેનું પરિણામ જે આવ્યું હોય, તેમ કરવામાં જે મુશ્કેલીઓ વેઠવી પડી હોય તથા દુર કરવી પડી હોય તે બધી હકીકત દર અઠવાડીયે રજુ કરે.

આ પ્રકારના રિપૉર્ટથી પ્રત્યક્ષ દેખરેખ જેટલું ઉપયોગી કાર્ય સાધી શકાય છે. પ્રત્યેક કાર્ય સંગીન બને તે પહેલાં આવી દેખદેખની અનિવાર્ય અગત્ય છે.

( સહી ) બી. એન. દેશાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એલ્ફીન્સ્ટન મિડલ સ્કુલના હેડમાસ્તર, મી. બી. કે. અગરવાળા. બી. એ. એમનો અભિપ્રાય.

---

નં. ૫૫૯

એલ્ફીન્સ્ટન મિડલ સ્કુલ,

મુંબઇ તા. ૧૧-૨-૧૯૧૬

**કેળવણીખાતાના મહેરબાન ડેપ્યુટી ઇન્સ્પેક્ટર સાહેબ પ્રતિ,**

**સાહેબ,**

આપના તા. ૬ ઠી ના ૨૪૪૨ નંબરના સર્ક્યુલરના જવાબમાં 'જૈનોમાં કેળવણી' એ વિષય સંબંધી મારા વિચારો આ સાથે જણાવું છું. અને તેનો વિશેષ પ્રસાર થઇ શકે તેવાં સાધનો નીચે મુજબ સૂચવું છુ.

જૈનો મોટે ભાગે વેપારી હોવાથી તેઓને ઉચ્ચ કેળવણીની પ્રાપ્તિ માટે અથવા સરકારી નોકરી માટે ઇચ્છા હોતી નથી. અને પોતાના ધંધા માટે જરૂરનું હોય છે તેટલું લખવા વાંચવાનું તથા ગણિતનું જ્ઞાન મેળવી સંતોષ માને છે.

કેટલાક ગરીબ લોકો એવા છે કે જેઓ ખાનગી નોકરી કરતાં સરકારી નોકરી પસંદ કરે છે અને તેથી પોતાના પુત્રોને ઉચ્ચ કેળવણી આપવા ઈચ્છે છે. પરંતુ આવા લોકો કેટલેક અંશે સાધનોના અભાવે અને ઘણે ભાગે માબાપની યોગ્ય દેખરેખના અભાવે પોતાનો હેતુ સાધવા સમર્થ બની શકતા નથી.

મારા જાણવામાં છે કે કેટલાક જૈનો ગેરવ્યવસ્થાવાળી નિશાળો ખોલીને અથવા છોકરાઓને ચોપડી તથા પૈસાની મદદ કરીને પોતાની કોમમાં કેળવણીનો પ્રસાર કરવા યત્નો કરે છે. પરંતુ તે બધા યત્નો અમદાવાદની શેઠ ચીમનલાલ નગીનદાસ જૈન બોર્ડીંગના વ્યવસ્થાપક શેઠ અમ્બાલાલ સારાભાઇના યત્નો જેટલા ફત્તેહમંદ થઇ શકયા નથી. ઉક્ત બોર્ડીંગમાં શહેરની જુદી જુદી શાળાઓમાં ભણતા બૉર્ડરોની હરેક પ્રકારની જરૂરીયાતો પુરી પાડવામાં આવે છે. પરંતુ યોગ્ય દેખરેખ એજ વિજયની ચાવી છે.

આ ઉપરથી હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે આવાં અથવા આથી વધારે સારાં છાત્રાલયોજ આ અત્યંત પ્રવૃત્તિપરાયણ કોમમાં કેળવણીનો પ્રચાર કરવાનાં અમોઘ સાધનો છે. નિશાળો ઉઘાડવી અથવા ગરીબ વિદ્યાર્થીઓને આર્થીક મદદ આપવી એ ફક્ત પૈસાનો દુરૂપયોગજ છે.

**સહી બી. કે. અગરવાળા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એલ્ફીન્સ્ટન મિડલ સ્કુલવાળા મી. સી. કે. ભટ્ટનો અભિપ્રાય.

એલ્ફીન્સ્ટન મિડલ સ્કુલ
મુંબઇ તા. ૧૧-૨-૧૯૧૯

**કેળવણી ખાતાના મહેરબાન ડેપ્યુટી ઇન્સ્પેકટર સાહેબ પ્રતિ—**
**સાહેબ,**

આપના તા. ૬-૨-૧૯૧૯ ના નં-૨૪૪૨ ના સકર્યુલરના જવાબમાં જૈન વિદ્યાર્થીઓને માધ્યમિક શાળાઓ અને કૅાલેજોમાં અભ્યાસ ચાલુ રાખવામાં પડતી મુશ્કેલીઓ કેમ દૂર કરી શકાય તે સંબંધી મારા વિચારો જણાવવા રજા લઉં છુ.

કેટલાક જૈન વિદ્યાર્થીઓ માત્ર યોગ્ય સાધનના અભાવે માધ્યમિક શાળાઓ અને કૅાલેજોમાં અભ્યાસ ચાલુ રાખી શકતા નથી તે સિદ્ધ વાત છે. આનો ઉપાય એ છે કે લાયક વિદ્યાર્થીઓને વિદ્યાર્થીવેતનો આપવા જોઈએ કે જેથી તેઓને પોતાના અભ્યાસનો ખર્ચ ચલાવવામાં મુશ્કેલ પડે નહિ.

બીજી મુશ્કેલી એવી છે કે જે વિદ્યાર્થીઓના માબાપ અથવા વાલીઓથી દૂર થઇ શકે તેમ છે. જૈનો ઘણે ભાગે વેપારી છે અને તેઓ વેપારનાં દ્રષ્ટિ બિંદુથી કેળવણી સંબંધી વિચારો કરે છે. તેઓ પોતાના પુત્રોને ઘણી નાની ઉમ્મરે વેપારમાં જોડી દે છે. તેઓ તેઓના માનસિક તેમજ નૈતિક વિકાસને માટે કદિપણ દરકાર કરતા નથી, તેથી કોમના અગ્રેસરોએ પોતાના જ્ઞાતિબંધુઓને સમજાવવું જોઇએ કે તેઓએ તેમ કરવું જોઇએ નહિ અને તેઓનાં બાળકોની સઘળી શક્તિઓનો યોગ્ય વિકાસ કરવા પર વિશેષ લક્ષ આપવું જોઈએ,

સહી. સી, કે. ભટ્ટ.

## હિતવચન માળા—બોધદાયક વચનો.

૧ ખરી તકે જે કંઈ અધિક ઉપયોગી શુભ વસ્તુ દેવાય છે તેથી જ ખરો લાભ થાય છે. ધાન્યના કણસલાં સૂકાઇ ગયા પછી થયેલ વર્ષાદથી શું કદાપિ ધાન્ય પાકે ખરૂં કે ?

૨ સુજ્ઞ જનોએ જે કંઈ કાર્ય કરવું તે સર્વથા સ્વશક્તિ અનુસારે જ કરવું જોઇએ.

૩ જેવું પ્રાણ ગયા પછી પાણી પીવું નકામું તેમ તક ગયા પછી પુષ્કળ દીધું પણ નકામું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ વિદ્યારૂપી ધન મહા મહેનતે કમાઇ શકાય છે, આળસુ તો હોય તે પણ ગુમાવે છે.

૫ હિતશિક્ષા જેને રૂચતી નથી તેનો દુઃખદાયક દોષરૂપી રોગ દૂર થઇ શકતો નથી.

૬ મોટા ( કુલીન ) નું દુઃખ મોટા ( કુલીન ) જ ટાળે. જે દુઃખ ટાળવા સશક્ત તે કુલીન–મોટા.

૭ મોટાએ મુખગ્લાનિ ને કઠોરતા કરવી નહીં. ઉદારતા–ગંભીરતા વાપરે તેજ મોટા કુલીન.

૮ સજ્જન ને દુર્જનને સરખા લેખવાં તે ગોળ ને ખોળ સરખા લેખવા બરાબર છે.

૯ આડંબરથી મોહી અવગુણીમાં રંગાવું નહીં. ગાયનાં દૂધથી પુષ્ટિ મળે, થોરના દૂધથી નહીં.

૧૦ માયાવી–કપટીને શિખામણ દેવી. તે નાકકટાને દર્પણ દેખાડવા જેવી ખોટી છે.

૧૧ મોટા–ઉદાર દીલવાળાનું અભિમાન શીતળ અને મિષ્ટ વચનથી ગળી જશે–શાંત થશે.

૧૨ સમયને વિચારી અવસર ઉચિત પ્રિય અને પથ્ય ( હિત–મિત ) સત્ય વચન વદવું.

૧૩ ક્રોધ અને અહંકાર ઉપજાવે એવાં વચન વદવાથી ક્રોધાદિકની શાન્તિ શી રીતે થશે ?

૧૪ કાંબળ ભીંજે જેમ ભાર વધે તેમ જેથી હઠ–કદાગ્રહ વધે તેવું સુજ્ઞ જને ન કરવું.

૧૫ ક્રોધાદિકના આવેશ વખતે પિત્તજ્વરીને સાકરની જેવું સરસ વચન પણ કડવું લાગે.

૧૬ જ્યાં જેનું મન રંગાયું ત્યાં ગુણદોષનો વિચાર કરવા અવકાશ જ રહેતો નથી.

૧૭ નિર્મળ ભક્તિરસ તજી, મૂર્ખજન વિષયરસનું આદરથી સેવન કરે છે.

૧૮ જેથી આપણું અરૂં જીવન પોષાય તે ઉદ્યમ કદાપિ કાળે તજવો ન જોઇએ.

૧૯ ઉજ્વળ ચરિત્રવાળા એક પણ શિષ્ય કે સુપુત્રથી ગચ્છ–કુળની મહત્ત્વતાદિક વધે છે.

૨૦ ગુણી જનો ગુણીજનને પિછાની શકે છે. નિર્ગુણી નથી પિછાણી શકતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧ પોતે સદ્દગુણી છતો જે સદ્દગુણીને દેખી દીલમાં રાજી થાય છે તેવાની કીર્તિ જગતમાં ગાજી રહે છે અને તે જગતમાંના બીજા ગુણીજનો કરતાં આગળ વધી જાય છે.

૨૨ સજ્જનનું અહિત કોઇ કરે તોપણ તે તો ચંદનાદિકની પેઠે હિતજ કરે છે.

૨૩ દુર્જનનું હિત જ કર્યું હોય તેમ છતાં તે તો સદાય અહિત જ કરવાનો.

૨૪ દર્પણમાં પ્રતિબિંબની જેમ જેવી કરણી તેવુંજ ફળ મળી શકે છે.

૨૫ કામથી કુળ ઓળખાય છે. વચન ઉપરથી પણ તેની પરીક્ષા થઇ શકે છે.

૨૬ પ્રેમ એ વશીકરણ છે. જેમાં જેટલી ઉદારતા તેટલુંજ તે આપી શકે છે.

૨૭ ઉત્તમ જનોની વિભૂતિ—સંપદા પરોપકાર નિમિત્તે જ થવા પામે છે.

૨૮ પ્રકૃતિ—સ્વભાવને ઓળખી સામા સાથે મળવું એજ સાચો મેળાપ લેખી શકાય.

૨૯ દૂધ જળની પેઠે સુખ દુ:ખમાં સમભાગી થતો રહે તેજ ખરો મિત્ર જાણવો.

૩૦ સ્વાર્થની જાળ સર્વત્ર પ્રસરેલી છે. શુદ્ધ ધર્મજ એક નિ:સ્વાર્થ મિત્ર છે.

૩૧ શુદ્ધ ધર્મ—મિત્રને પામીને જ પરમાનંદ—મોક્ષ સુખ પમાય છે.

ઇતિશમ્.

લે૦ મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# પ્રકીર્ણ.

## કેળવણી સંબંધી કંઇક.

જૈન કોમ કેળવણીમાં કેટલી પછાત છે, તેમજ આરોગ્યતાને માટે કેટલી બેદરકાર છે તેને માટે આ અંકમાં "જૈનોમાં કેળવણી" એ મથાળાવાળા લેખમાં કેળવણી ખાતાના અધિકારીઓના રીપોર્ટો ઉપરથી દેખાય તેમ છે. જૈન કોમની કેળવણી સંબંધી સ્થિતિનું ઘણા વખતથી પ્રયાસ કરી લેખો લખી આંકડા પત્રો રજુ કરી જૈન કોમનું બંધુ નરોત્તમદાસ બી. શાહ ધ્યાન ખેંચી રહ્યા છે. આ વખતે ઉપરના લેખમાં જે અભિપ્રાયો છે તે પણ તેનો પ્રયાસ છે. એ અભિપ્રાયો વાંચતા માલમ પડે છે કે બાર લાખની જૈન વસ્તીમાં માત્ર ૪૦૫૨૫૧ મનુષ્યો કેળવણી લે છે. જે કેળવણીના વિકાસ અને પ્રયાસ માટે સંતોષજનક નથી. વળી તેને પહોંચી વળવાના અનેક ફંડો છતાં જરૂર કરતાં વધારે પૈસા ખરચાય છે. અજ્ઞાન, બીનઅનુભવ અને કોમમાં કુસંપ અને ખોટી મારામારી અને ઝગડાને લઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફુરસદ મળતી નહિ હોવાથી આવા વિચારો કયાંથી આવે ? વળી સહકાર્યનો અભાવ વિગેરેને લઇને પૈસાનો દુરૂપયોગ થાય છે. આનો અર્થ એવો થાય છે કે જેમના હાથમાં આવા ફંડો કે તેમની માલીકીપણું છે તેઓ એકહથુ સત્તા રાખીને બેઠેલ હોવાથી તેમજ તેઓ કેળવણીથી અજ્ઞાત હોવાથી અને બીજાના અનુભવનો અને સહકાર્યનો અભાવ હોવાથી તેમ બનવાજોગ છે. જ્યાં આવી સ્થિતિ હોય ત્યાં પૈસા ઘણા ખરચાય છતાં લાંબા વખતે પણ કેળવણીની પ્રગતિ ન જણાય તો તે પૈસાનો દુરૂપયોગ થયેલોજ ગણાય. વળી અત્યારે જૈન કોમને શાની જરૂરીયાત છે ? તેનું પણ ભાન નહીં હોવાથી જ્યારે બીજા ખાતામાં, ગમે તો સુકાળ કે દુષ્કાળ હોય, મોંઘવારી કે સોંઘવારી હોય, જૈનોના બાળક પોષણ વગર રખડતા હોય કે કેળવણીથી બેનશીબ રહેતા હોય, તેની શારીરિક સ્થિતિ નિર્બળ થતી જતી હોય છતાં તેની દરકાર રાખ્યા વગર બીજા અનેક ખાતામાં દ્રવ્યનો વધારો કર્યે જાય અને પુષ્કળ ખર્ચ કર્યે જાય, પરંતુ સમાજની ઉન્નતિ જેનાથી થાય છે તેવા આ જમાનાની જરૂરિયાતવાળા કેળવણીના કાર્ય માટે યાને કોમના મનુષ્યોની આરોગ્યતા માટે જે ખાસ ધ્યાન આપવું જોઇએ કે જેમાં કોમનો ભાવિ ઉદય છે તેને માટે કોણ લક્ષ આપે છે ? હવે તો બીજી કોમ કરતાં ઉંચામાં ઉંચી કેળવણી જૈન વિદ્યાર્થીઓ વધારે લેતા કેમ થાય તે માટે દ્રવ્યવૃદ્ધિને માટે ફંડો કરવાની જરૂર છે. જૈનોને ઉંચી કેળવણી આપવી એટલે શ્રાવકક્ષેત્રની ઉન્નતિની શરૂઆત થઇ સમજવી, અને જ્યારે જૈનો ઉંચી કેળવણી લેશે ત્યારે જ ધર્મનું દરેક પ્રકારે રક્ષણ અને પ્રગતિ થશે. અત્યારે કેળવણીને ઉત્તેજન આપનારી સંસ્થા કે ફંડના માલેકોએ એક એવું મંડળ સ્થાપવાની જરૂર છે કે કોમની જુદી જુદી સંસ્થાઓને કરકસર અને સહકાર્યના હેતુથી એક સામાન્ય મંડળની સારી દેખરેખ નીચે લાવવી અને તેમાં એક સારી કેળવણી લીધેલ સેક્રેટરી કે ઇન્સ્પેકટર નીમવો. જે તમામ તેવી સંસ્થાઓની વર્તમાન સ્થિતિનો અભ્યાસ કરી તે સંસ્થાના વ્યવસ્થાપકો કે ચાલકોને મળીને તેની સુધારણા કરે અને કેળવણીની પ્રગતિ માટે ઘટતી સૂચના કરે અને સામાજીક અને ધાર્મિક કેળવણી ઉપર તેમજ કોમની આરોગ્યતા સંબંધી અને આર્થિક વિષયો ઉપર ભાષણો આપે. અને પોતે આખા અઠવાડીઆમાં જે કાંઇ કામ કર્યું હોય જે પ્રવૃત્તિ કેળવણી સંબધી કરી હોય. તેમ કરતાં પડેલી અગવડો અને જે અગવડો દૂર કરી સરળ માર્ગો કર્યા હોય તે બધી હકીકત પ્રગટ કરે. આ પ્રકારની સ્થિતિ કેળવણીનું કાર્ય જૈન કોમમાં સંગીન ન બને ત્યાં સુધી ઉત્પન્ન કરવાની જરૂર છે. આ લેખમાં બતાવેલી આ હકીકત જૈન કોમની ઉન્નતિ માટે હોઇ કેળવણી જેવા કાર્ય માટે જે પૈસા ખરચાય છે તે પ્રમાણમાં અલ્પ અને વ્યવસ્થા પૂર્વક નહીં હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરર્થક જેમ છે, તેમ બીજાં ખાતામાં દર વર્ષે ખરચાતું દ્રવ્ય પણ વ્યવસ્થા પૂર્વક ન ખરચાય ત્યાં સુધી સમાજના દરેક ખાતાની ઉન્નતિ દૂર સમજવી.

બંધુ નરોત્તમદાસ બી. શાહ કેળવણીના સંબંધમાં આવો જે સ્તુત્ય પ્રયાસ કરી રહ્યા છે તે માટે આપણે તેના આભારી છીએ. આ સાથે તેઓએ જૈન કોમમાં આરોગ્યતાના સંબંધમાં પણ પ્રથમ લેખો આપી ધ્યાન ખેંચ્યું હતું. તેમાં મુંબઇમાં જૈનોનું મરણ-પ્રમાણ કેટલું વધારે આવે છે તે પણ તેમણે આંકડાઓ આપી બતાવેલ છે અને તેને લઈને જ સસ્તા ભાડાની ચાલીઓ માટે થયેલ પ્રયાસ પણ તેને આભારી છે.

ઉક્ત બંધુ નરોત્તમદાસ બી. શાહે મુનિરાજશ્રી મોહનલાલજી સેન્ટ્રલ લાયબ્રેરીમાં જો. સેક્રેટરી તરીકે પણ સારો પ્રયાસ કર્યો હતો. હાલમાં તેમણે આ સંસ્થામાં તે હોદ્દાનું રાજીનામું આપ્યું છે. તે સંસ્થાની કમીટીએ તેમણે કરેલ કાર્યો માટે ઉપકાર માની દીલગીરી સાથે તે સ્વીકાર્યું છે.

# જૈન સાહિત્ય માટે બે બોલ.

શ્રી ગુજરાત સાહિત્ય પરિષદ્‌ની છઠ્ઠી બેઠક રા. રા. હરગોવીંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાના પ્રમુખ પણા નીચે મળી હતી. આ વખતે બે કારણોથી આ પરિષદ વધારે મહત્વતાવાળી થઈ છે. પ્રથમ પ્રખ્યાત સુપ્રસિદ્ધ બંગ કવિરત્ન શ્રીમાન રવિંદ્રનાથ ટાગોરે આ બેઠકમાં હાજરી આપી હતી. અને બીજું આ પરિષદે આ વખતે ગુજરાતી ભાષાની કોલેજ સ્થાપન કરવાનો નિશ્ચય કર્યો છે તે છે. ગુજરાતી ભાષાની અભિવૃદ્ધિ, તેને ખીલવવી, તે દ્વારા ઇતિહાસ વિજ્ઞાન વિગેરેને બ્હાર લાવવું એ ઉદ્દેશ આ સંસ્થાનો છે. જૈનોનું પણ સાહિત્ય એટલું બહોળું છે અને તેને ગુજરાતી સાહિત્ય સાથે એટલો નિકટ અને ગાઢ સંબંધ છે કે જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ અને ઉપયોગીતામાં મોટો ફાળો આપેલ છે અને જૈન ઐતિહાસિક દ્રષ્ટિએ તો તેના ગ્રંથો તપાસતા માલુમ પડે છે કે ગુજરતી સાહિત્યનું ( કવિ અને લેખકો તરીકેનું ) પ્રથમ પંક્તિનું જૈન સાહિત્ય માન ધરાવે છે. આ બધું બહાર મૂકવાને જૈનોએ અત્યારસુધી પ્રયાસ કર્યો નહીં હોવાથી ગુજરાતી ભાષાના સાક્ષરોની દ્રષ્ટિ તે તરફ વળીછે અને દરેક પરિષદમાં જૈન સાહિત્ય માટે કાંઇ કાંઈ લખાય છે બોલાય છે જેથી જૈન સાહિત્યની જગ્યા ત્યાં થઈ છે. એ રીતે તેને માન મળ્યું છે. પરંતુ તેને બદલે જૈન કોમે પોતાના વિશાલ સાહિત્યને પ્રસિદ્ધિમાં લાવવા અને તેને બહાર મૂકી જૈનેતર દ્રષ્ટિએ તેની વિશાલતા અને પ્રાચીનતાનું ભાન કરાવવા પ્રયત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની જરૂર છે. તેને માટે એક જૈન સાહિત્ય પરિષદનો જન્મ આપવાની જરૂર છે. અને તે દ્વારા જૈન સાહિત્ય જુદાજુદા પ્રકારનાં પુસ્તકો અને પેપરો દ્વારા તેમજ ભાષણો દ્વારા બહાર લાવવાની જરૂર છે.

આ દીશામાં પણ સમાજે પોતાના પૈસાનો વ્યય કરવાની જરૂર છે. ધર્મને વિશેષ અજવાળામાં લાવનાર જૈન ધર્મની પ્રાચીનતા અને પૂર્વની જાહોજલાલી બતાવનાર અનેઆખી દુનીયામાં ગણના કરાવનાર જૈન સાહિત્ય હોવાથી તેને વધારે પ્રમાણમાં પ્રગટ કરવાની જરૂર છે. હાલમાં વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી જિનવિજયજી મહારાજ કે જે જૈન સાહિત્યના અને ઇતિહાસના ખાસ અભ્યાસી છે, તેમણે પ્રથમ લેખો અને પુસ્તકો દ્વારા અને હાલમાં શહેર પુનામાં જન્મ પામેલ જૈન સાહિત્ય સંશોધક સમાજ દ્વારા પ્રયત્ન શરૂ કર્યો છે. હાલમાં એક ત્રિમાસીક થોડા વખતમાં પ્રસિદ્ધ થવાનું છે જેમાં જૈન ધર્મને લગતી શોધખોળ, ઇતિહાસ અને સાહિત્ય પ્રકટ થશે. જેથી આવા પ્રયાસ માટે ઉકત મુનિરાજ અને તેના અન્ય ઉત્પાદકોને અમો ધન્યવાદ આપીયે છીએ. જૈન કોમે એ કાર્યને વધાવી લેવા તથા સહાય આપવાની જરૂર છે એવી નમ્ર સુચના કરીયે છીએ અને આ કાર્યને નિભાવી રાખવા દિવસાનુદિવસ તેની વિશાળતા વધારે પ્રમાણમાં કેમ થાય તેમ કરવા તેના કાર્યવાહકોને નમ્ર વિનંતિ કરવા રજા લઇએ છીએ.

# વિદ્યાર્થીઓને સહાય અને સ્કોલરશીપ.

ઉપરોક્ત મંડળ તરફથી હાઇસ્કૂલ, મિડલસ્કૂલ, તેમજ ગુજરાતી વર્ગોમાં અભ્યાસ કરતા જૈનવિદ્યાર્થીઓને સર્વ વિષયને લગતી સેકન્ડહેન્ડ-ટેકસ્ટબુકો, માત્ર નામની કિંમત લઇને આપવામાં આવે છે, જેઓને પુસ્તકોની જરૂર હોય તેઓએ નીચેના સિરનામે અરજીઓ કરવી. પ્રેસિડેન્ટ,

**શ્રી જૈન બાળમિત્રમંડળ,**

CO. બાબુ પી. પી. જૈનહાઇસ્કૂલ—મુંબઇ

# સ્કૉલરશીપ.

## જૈન વીદ્યાર્થીઓ માટે સ્કૉલરશીપ.

ચાલુ સાલની મેટ્રીકયુલેશનની પરીક્ષામાં (૧) સંસ્કૃતમાં સહુથી વધુ માર્કસ મેળવનાર જૈનને તથા (૨) સુરતના રહેવાસી અને કુલે વધારે માર્કસ મેળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાર જૈનને દરેકને રૂ. ૪૦ ની ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશીપ તથા ( ૩ ) પુના સરકલમાંથી અંગ્રેજીમાં પહેલો નંબર મેળવી શકે તે જૈનને રૂ. ૨૦ ની ગુલાબચંદ લખમીચંદ સ્કૉલરશીપ આપવાની છે. શ્વેતાંબર મૂર્તિપૂજક વીદ્યાર્થીઓએ તે માટે વીગત સાથે રેસીડન્ટ જનરલ સેક્રેટરી શ્રી જૈનશ્વે. કોન્ફરન્સને પાયધુની મુંબઇ નં ૩ ના સરનામે અરજી તા ૩૦-૬-૨૦ સુધીમાં મોકલવી.

## શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશીપ.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ તરફથી મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉરશીપ દરેક રૂા. ૪૦ની દર વર્ષે આપવામાં આવે છે, તે પ્રમાણે ગયા સને ૧૯૧૯ ની સાલના મેટ્રીકમાં પાસ થયેલ જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીઓમાંના એક મી. મોહનલાલ કેવળચંદ ઇચ્છાપોરીયા સુરતના રહીશને સંસ્કૃત વિષયમાં સૌથી વધારે માર્ક મેળવ્યા હોવાથી રૂા ૪૦ ની સ્કૉલરશીપ આપવામાં આવી છે. અને બીજી સ્કૉલરશીપ રૂા. ૪૦ ની સુરત જીલ્લાના વતની હોવાથી મી. ચંદુલાલ નાનચંદ શાહ ગામ સરભોણ જીલ્લા સુરતના રહીશ ને ઉંચા નંબરે પાસ થવાથી આપવામાં આવી છે.

## ગ્રંથાવાલોકન.

### "તત્ત્વામૃત" મૂળ સહીત ભાષાંતર.

ઉપરનો ગ્રંથ શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરી વડોદરા તરફથી અમોને ભેટ મળ્યો છે, આ ગ્રંથના કર્ત્તા શ્રી જ્યોતિર્વિજય મહારાજ છે અને તેઓ શ્રીએ સંવત ૧૮૪૫ માં આ ગ્રંથની રચના કરી છે, સરલ સંસ્કૃત ભાષામાં મૂળ પદ્યાત્મક ગ્રંથ હોવાથી તેના અભ્યાસીને, તેમજ તે ભાષાથી અજાણ એવા બાળજીવોને ઉપયોગી સરલ ભાષાંતર આપી સુંદર ટાઇપમાં સારા કાગળમાં છપાયેલ હોવાથી અને તેનું રહસ્ય-ભાવાત્મક સ્વરૂપ પણ તત્ત્વરૂપી અમૃતમય હોવાથી બંને રીતે આ ગ્રંથની ઉત્તમતા જણાય છે, આ સમયમાં આવા તત્ત્વજ્ઞાનના ગ્રંથ આવી રીતે પ્રસિદ્ધ થાય તે ઇચ્છવા યોગ્ય છે, આ સંસ્થા તરફથી પ્રગટ થતી ગ્રંથમાળાનું આ ચતુર્થ પુષ્પ છે. દરેક મનુષ્યને અવશ્ય વાંચવા યોગ્ય છે, કિંમત રૂા. ૦-૮-૦ પ્રસિદ્ધ કર્ત્તાને ત્યાંથી મળશે.

### શ્રી અમદાવાદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બૉર્ડીંગનો રીપોર્ટ.

ઉપરોક્ત બોર્ડીંગનો સ. ૧૯૧૮ની સાલનો રીપોર્ટ અમોને અભિપ્રાય માટે મળ્યો છે, જે સંસ્થાને આજે સ્થાપન થયાં શુમારે બાર વર્ષ થયા છે. આ વર્ષમાં આ સંસ્થામાં ૮૫ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે કે જે જુદા જુદા ગામોના છે. રીપોર્ટ વાંચતા એકંદરે વ્યવસ્થા સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ સંસ્થાને ઘરનું મકાન શેઠ જમનાદાસ જેઠાભાઇ તરફથી બક્ષીસ મળેલું છે, પરંતુ તેની વ્યવસ્થા અને ખર્ચ માટે નાણા સંબંધી તંગી ભોગવે છે એમ રીપોર્ટમાં તેના સેક્રેટરી જણાવે છે. અમદાવાદ જેવા શહેરમાં અનેક જૈન શ્રીમાન્ વસતા હોવાથી જ્યાં આવી દશ સંસ્થાઓ ચાલી શકે તેવું છે, છતાં આ બોર્ડીંગ હજી સુધી નાણાની તંગી ભોગવે છે એ આશ્ચર્ય છે. અમે ત્યાંના શ્રીમંત જૈનબંધુઓને નમ્ર સુચના કરીયે છીયે કે આ બોર્ડીંગ કે જે સહાયને પાત્ર છે તેને જે જાતની તંગી હોય તે કાયમને માટે દૂર કરી વધારે જૈન વિદ્યાર્થીઓ લાભ મેળવે તેમ કરશે. અમે આ બોર્ડીંગનો અભ્યુદય ઇચ્છીયે છીયે.

## શ્રાવિકાસુબોધ ત્રિમાસિક.

શ્રી સુરત જૈન વનિતા વિશ્રામ ને અંગે પ્રગટ થતું આ ત્રિમાસિક અમોને અભિપ્રાયાર્થે ભેટ મળ્યું છે. તેમાં આ પ્રથમ અંકમાં આવેલા સ્ત્રી ઉપયોગી લેખો જુદા જુદા લેખકોથી લખાયેલા હોઇ સ્ત્રીઓને ખાસ વાંચવા લાયક છે. જે સંસ્થા તરફથી આમાસિકનો જન્મ આપવામાં આવ્યો છે તેમાં જૈનમહિલાઓનો ઉદ્ધાર કરવાનો હોઇ તેના પ્રસંગે પ્રસંગે અનેક સમાચારો, આવકજાવક, કાર્ય વ્યવસ્થા વગેરે હકીકત પ્રસિદ્ધિમાં મુકવા માટે તેમજ સ્ત્રી વાંચન માટે આવા એક પેપરની જરૂરીયાત હતી તે આ પ્રસિદ્ધ થવાથી પુરી પડશે. આ સંસ્થા પાંચ વર્ષથી હયાતીમાં આવેલી હોવાથી તેનો જન્મ આપનાર બ્હેન રૂકમણી બ્હેન જે એક કેળવાયેલ જૈન બ્હેન હોવાથી આ સંસ્થાની દિવસાનુદિવસ ઉન્નતિ થતી જાય છે એમ અમારૂં માનવું છે. આ ત્રિમાસિકમાં છેવટે આ સંસ્થા સંબંધી ટુંક હકીકત આપવામાં આવી છે તેથી તેમજ તેના પ્રકટ થયેલા રીપોર્ટ જે વાંચવા અમો સર્વેને ભલામણ કરીયે છીયે તે ઉપરથી માલુમ પડે છે કે સ્ત્રીઓનો ઉદ્ધાર કરનારી આ સંસ્થા હોઇ દરેક રીતે તેને જૈનબંધુઓએ સહાય આપવાની જરૂર છે, આ સંસ્થામાં હાલ ૪૧ બ્હેનો લાભ લે છે, અને વ્યવસ્થા પણ તેનો જન્મ આપનાર બ્હેન રૂકિમણીના નિસ્વાર્થ પ્રયત્નને અને ઉત્સાહને આભારી હોઇ તેને એક સારા ફંડની જરૂર છે, તો દરેક શ્રીમંત જૈનો તેમાં પોતાનો ઉદાર હાથ લંબાવશે એવી દ્દઢ આશા છે.

આ સંસ્થા તરફથી પ્રકટ થયેલ આ ત્રિમાસિકનો ખર્ચ કાઢતાં જે લાભ રહેશે તેનો વ્યય આ સંસ્થાને અંગેજ થશે. આ ત્રિમાસિકના ગ્રાહક થઇ તે પ્રમાણે પણ યત્કિંચિત સહાય આ સંસ્થાને આપવાની ખાસ જરૂર છે.

---

# ખેદજનક સમાચાર.

## શ્રીયુત વોરા હઠીસંગ ઝવેરચંદનો સ્વર્ગવાસ.

ભાવનગર જૈન સમુદાયમાંના વોરા કુટુંબના એક મુખ્ય નબીરા અને ભાવનગરની સમગ્રપ્રજાના એક શ્રીમાન આગેવાન ગૃહસ્થ વોરા હઠીસંગભાઇ એકસઠ વર્ષની વયે ટુંક બીમારી ભોગવી વૈશાખ શુદી ૩ બુધવારના રોજ ત્રણ વીધવા સ્ત્રીઓ અને એક પુત્રીને મૂકી દીવસના પાંચ કલાકે પંચત્વ પામ્યા છે. તેઓ અત્રેના જૈન સમુદાયમાં અને વીશાશ્રીમાળી વણીક જ્ઞાતીના એક અગ્રગણ્ય પુરૂષ હતા. સ્વભાવે સરળ, શાંત અને નિર્મળહ્રદયના ધર્મચુસ્ત હતા. ધાર્મિક કે વ્યવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હારીક ઉંચી કેળવણી નહિ લીધેલી છતાં કુટુંબના ધર્મના ઉંચા સંસ્કારને લઇને તેઓ ધર્મના દરેક કાર્યોને ચાહતા હતા અને દરેક વખતે દરેક પ્રકારની સહાય આપતા હતા તેથી તેઓ એક નરરત્ન હતા.

સંસ્કારી કુળમાં જન્મ થયો હોવાથી તે સંસ્કારના બળે પ્રસંગે પ્રસંગે તીર્થયાત્રા, ઉદ્યાપન, પ્રતિષ્ઠા મહોત્સવ, જીર્ણોદ્ધાર, ગુરૂભકિત, જ્ઞાનભકિત વિગેરે ધર્મ કાર્યોમાં અંતઃકરણના ધાર્મિક ઉત્સાહ સાથે લક્ષ્મીનો સારો વ્યય કરી સુયશ પ્રાપ્ત કર્યો હતો. શ્રીમંતાઇમાંજ જન્મેલા છતાં એક સાદામાં સાદી જીંદગી ભોગવતા હતા, તેટલુંજ નહિ પરંતુ અનેક ધાર્મિક કાર્યોમાં તેમણે પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું હતું. છેવટે સં. ૧૯૬૪ ની સાલમાં, જૈનધર્મનો ઉત્કર્ષ કરનાર અને આ શહેરમાં જૈન સમુદાયમાં શ્રાવિકા ઉદ્યોગશાળા, જૈન કન્યાશાળાના સ્થાપન અને જૈન બોર્ડીંગના નિભાવ ફંડની નિમિત્તભૂત આપણી વિજયવતી કોન્ફરન્સનો તમામ ખર્ચ પોતે આપી પોતાના આંગણે કલ્પવૃક્ષ સમાન ભારતવર્ષના સમગ્ર જૈન સંઘની સેવા ભક્તિ, સ્વામી વાત્સલ્ય અને શ્રી સિદ્ધક્ષેત્રની અનેક મનુષ્યને યાત્રા નિમિત્તવાળું તે ઉત્તમ કાર્ય પોતાના આત્માને નિર્મળ બનાવવા કરી મોટી રકમ ખર્ચી ઉદારતા બતાવી મનુષ્ય જન્મનું સાર્થક કર્યું હતું. જેથી અત્રેના તેમજ સમગ્ર હિંદુસ્તાનના જૈન સમાજ અને અત્રેની વિશાશ્રીમાળી જ્ઞાતિને એક શ્રાવક વર્ય નરરત્નની ખોટ પડી છે.

તેઓશ્રીની જીંદગી વધારે વખત લંબાણી હોત તો તેઓનાથી સમુદાયને વધારે લાભ થાત તે તેમણે કરેલા ઉત્તમ કાર્યોનો ચોક્કસ પુરાવો છે, પરંતુ ભવિતવ્યતા બળવાન હોઇ મનુષ્ય માત્રનું તેની પાસે ચાલતું નથી.

તેઓની આ સભા ઉપર ઘણા વર્ષથી પ્રીતિ હતી અને ઉચ્ચ લાગણીને લઇને સુમારે તેર વર્ષ થયા તેઓ આ સભાના માનવંતા પેટ્રન થયા હતા. સભા ઉપર તેઓનો અપરિમિત પ્રેમ હોવાથી વર્ષગાંઠ નિમિત્તે અને જ્ઞાનોદ્ધાર માટે તેઓએ એક સારી રકમ અર્પણ કરી હતી. તેમના સ્વર્ગવાસથી આ સભાને એક મુખ્ય નાયક અગ્રેસર સભાસદની ખોટ પડી છે જે નહીં પુરી શકાય તેવી છે જેને માટે આ સભા અંતઃકરણ પૂર્વક પોતાની દીલગીરી જાહેર કરે છે, અને તેમની સુપત્નીઓ અને પુત્રીને આ સભા દીલાસો આપવા સાથે સુચના કરે છે કે, એ સ્વર્ગવાસી આત્માના શુભ પગલે ચાલી, તેમના કરેલાં ઉત્તમ કાર્યો નિભાવી, તેમાંજ વધારો કરી સાથે સમાજ હીત કે પ્રજા હીતનાં કોઇ ઉત્તમ અવિચળ કાર્યને તેમના તે સ્વર્ગવાસી આત્માના કાયમના સ્મરણાર્થે જન્મ આપી મરહુમ નરરત્ન જીવતાજ છે તેવો સુપ્રયત્ન કરશે.

છેવટે તે સ્વર્ગવાસી નરરત્નના પવિત્ર આત્માને પવિત્ર શાંતિ પ્રાપ્ત થાઓ-અખંડ શાંતિ મળો એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવાહ સંસ્કાર.

" ભૂમંડળના કોઇ દેશમાં, સંસારની કોઇ જાતિમાં, કોઈ ધર્મમાં, વિવાહ સંસ્કારની મહત્વતા એવી ગંભીર, અપૂર્વ અને પવિત્ર જોવામાં નથી આવતી કે જેવી આર્ય પ્રાચીન ગ્રંથોમાં જોવામાં આવે છે. વિવાહ પદ્ધતિના સંક્રમણનો ઇતિહાસ બહુ મનોરંજક અને શિક્ષણપ્રદ છે, તે જોતાં એજ વાત સિદ્ધ થાય છે કે માનવ જાતિની બાલ્યાવસ્થામાં ન તો કોઇ પ્રકારની રાજ્ય વ્યવસ્થા હતી કે નતો સમાજ કે કુટુંબ વ્યવસ્થા હતી, જે રીતે કે પશુઓમાં દેખાય છે તેવી રીતે સ્ત્રી પુરૂષનો સંબંધ અને માતા, પિતા, પુત્ર આદિ સગપણ મૂળ સ્થિતિમાં રહેવા વાળા મનુષ્યોમાં અનિયમિત થતા હતા. સ્ત્રી પુરૂષોનો નિયમિત સંબંધ રાજ્ય વ્યવસ્થા અને સભ્યતાની સાથે સાથે સ્થિર થતો આવ્યો છે, અનેક દેશોના ઇતિહાસપરથી માલમ પડે છે કે સમાજની પ્રાથમિક અવસ્થામાં લોકોની પ્રવૃત્તિ યુદ્ધ તરફ અધિક હતી. વિજયી જાતિના લોક પરાજિત જાતિવાળાઓની સ્ત્રીયોને પકડી લાવતા અને તેતે પોતાની માલીકીની સંપત્તિ તરીકે સમજતા હતા, તેમની સાથે વિવાહ કરતા, તેમને દાસી બનાવતા, વેચી નાખતા કે દાન કરી દેતા. સ્ત્રીયોને કુટુંબના પ્રધાન પુરૂષોની આધીનતામાં રહેવું પડતું હતું. સમાજ અને રાજ્ય વ્યવસ્થામાં જેમ જેમ સુધારા થતા ગયા તેમ તેમ સ્ત્રિયો પણ દાસત્વથી મુક્ત થતી ગઈ. સ્વાધીનતાની સાથે સાથે સ્ત્રીયોની યોગ્યતા વધવા લાગી. તેમના તરફ પ્રેમ, આદર અને અબલાભિમાનના ઉચ્ચ ભાવ પ્રકટ થવા લાગ્યા, સ્વયંવરની પ્રથા નીકળી, ધીરે ધીરે વિવાહતે ધાર્મિક વિધિનું સ્વરૂપ પ્રાપ્ત થયું અને વિવાહ એક પરમ આવશ્યક સંસ્કાર મનાવા લાગ્યો ?

"સમાજ શાસ્ત્રવેત્તા સ્પેન્સર કથન કરે છે કે વિવાહનો મુખ્ય ઉદ્દેશ એજ છે કે એથી સમાજ અને રાષ્ટ્રની ઉત્કર્ષાવસ્થા ચીરકાળ સુધી બની રહે જેથી દંપતિનું, ભાવિ સન્તાનનું અને દેશનું કલ્યાણ થાય. જે વિવાહમાં આ ઉદ્દેશોની સિદ્ધિ નથી તે સમાજ માટે હિતકારક નહિ થઇ શકે, સુપ્રસિદ્ધ વિદ્વાન એરીસ્ટોટલે કહ્યું છે કે, સ્ત્રીઓની ઉન્નતિ વા અવનતિ ઉપર રાષ્ટ્રની ઉન્નતિ વા અવનતિનો આધાર છે. યૂનાની ગ્રીક પોતાની સ્ત્રીઓને દાસી સમાન રાખતા હતા, પણ તેમને રાષ્ટ્રોન્નતિના સહાયક સમજતા હતા. તેમની શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ સંબંધી ધ્યાન આપતા હતા, એજ કારણે યૂનાની જંગલી જાતિને પોતાને આધીન કરી શકયા."

દેશ દર્શન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સુજ્ઞ ગ્રાહકોને નમ્ર વિનંતિ.

સખ્ત મોંઘવારી તથા પ્રેસમાં કામ કરનારાઓની તંગીને લીધે માસિક નિયમીત પ્રેસવાળા છાપી નહીં આપતા હોવાથી બે માસનું માસિક સાથે પ્રગટ કરવામાં આવેલ છે, જેથી ક્ષમા ચાહીએ છીએ.

## મુનિમહારાજાઓને નમ્ર વિનંતિ.

છેલ્લા આ સભા તરફથી ભેટ આપવામાં આવેલ સંસ્કૃત સાત ગ્રંથો પૈકી "બંધહેતુદય ત્રિભંગી પ્રકરણ" નું શુદ્ધિપત્ર કે જે હાલમાં છપાઇને આવેલ છે તે જે જે મુનિમહારાજા, સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારો કે જેને ઉપરોક્ત જણાવેલ ગ્રંથ ભેટ મળેલ હોય તેઓશ્રીએ (શુદ્ધિપત્ર) દર એક કાપીએ અડધા આનાની ટીકીટ મોકલી મંગાવી લેવા કૃપા કરવી.

## ચૈત્રી જૈન પંચાંગ.

ઉપરોક્ત પંચાંગ સુશોભીત આર્ટ પેપર ઉપર સુંદર ટાઇપથી બે રંગમાં છપાઇ અમારે ત્યાં આવેલા છે. જોઇએ તેમણે એક નકલે એક આનાની ટીકીટ મોકલી મંગાવી લેવી.

## નવા દાખલ થયેલા સભાસદો.

૧ ઝવેરી મણિલાલ સુરજમલ રે. પાલનપુર હાલ મુંબઇ. પે. વ. લાઇફ મેમ્બર.

# જલ્દી મંગાવો.

છપાઇ બહાર પડી ચુકયું છે

# જીવન-સુધારણાના સન્માર્ગ.

## પ્રત્યેક કુટુંબમાં અવશ્ય રાખવા અને વાંચવા લાયક અત્યુત્તમ લેખોનો સંગ્રહ.

### પ્રયોજક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ.

જીવનમાં નવીન ઉત્સાહ રેડનાર, નવીન ચૈતન્ય જગાડનાર, અપૂર્વ આનંદ અને શાંતિ પ્રેરનાર તેમજ માનસિક શકિતઓનો અજબ વિકાસ કરનાર અને ઉમદા સદ્દવિચારોથી ભરપૂર આ પુસ્તક પ્રત્યેક સ્ત્રી પુરૂષને સ્વપરહિત સાધવામાં અમૂલ્ય સાહાય્ય આપનાર થઇ પડે તેમ છે. આમાં નિર્દિષ્ટ કરેલા સન્માર્ગો જાણી જીવનયાત્રા સફળ કરવા જરૂર મંગાવો. કિં રૂા. ૧ાા.

મળવાનાં ઠેકાણાં:—

(૧) શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

(૨) જીવનલાલ અમરશી મહેતા.
પીરમશાહ રોડ—અમદાવાદ.

For Private And Personal Use Only